શ્રી

શાંતિનાથાય નમઃ

# વાંચન સાર સંગ્રહ

કિંમત

પઠન પાઠન અને મનન

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust

॥ શ્રી શાંતિનાથાય નમઃ ॥

# વાંચન સાર સંગ્રહ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ફકીરચંદ ખીમચંદ.

સુરત.

આવૃત્તિ પહેલી. પ્રત ૫૦૦.

વીર સંવત ૨૪૫૪. વિક્રમ સંવત ૧૯૮૪.

કિમ્મત-પઠન પાઠન અને મનન.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શા-નેમચંદ હીરાચંદ તરફથી ભેટ

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**ફકીરચંદ ખીમચંદ.**

વડાચૌટા ખબુતરખાના—**સુરત.**


**છાપનાર-નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.**

છાપવાનું ઠેકાણું:-**શ્રી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ.**

ચૌટાના પુલ ઉપર ટાંકી પાસે-**સુરત.**



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સમર્પણ.

પરમ પૂજ્ય ગુરૂ મહારાજ

પ્રવર્ત્તક શ્રી કાંતિવિજયજી મહારાજના

કર કમળમાં

પૂજ્ય ગુરૂ મહારાજશ્રી

પ્રાચીન જ્ઞાન ભંડારોના ગ્રંથોના તથા પ્રાચીન સાહિત્યનો સંગ્રહ અને ઉદ્ધાર કરવાના પવિત્રોત્તમ કાર્યમાં અનન્ય ફાળો અર્પનાર, અહોનિશ શાસન સેવામાં લીન રહેનાર, તથા મને ધર્મ-સ્નેહ પૂર્વક ધર્મ શિક્ષણ આપી ધર્મ પથે ચડાવનાર એ સૌ ઉપકારો ચીર સ્મરણીય રહે એ ભાવનાથી આ નાનકડો સંગ્રહ આપના કર કમળમાં સમર્પણ.

પ્રકાશક

આપનો સદા ગુણાનુરાગી સેવક

ફકીરચંદ ખીમચંદ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાંચન પરિચય જો વધે, પછી મનન કરાય;
ધર્મ પ્રત્યે પ્રેમ તો, દિનદિન વધતો જાય.

પરિચય પામો પ્રેમથી, કરો હૃદય-વિકાસ;
વાંચી ઉર ઉજળાં કરો, પ્રગટે ધર્મ-પ્રકાશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધરમ કરે તે જગમાં તરશે, પાપી ઝટ મરશે;
કાળાં ધોળાં કરે જે પ્રાણી, વિણ મોતે મરશે.

પુણ્ય કરંતા પ્રાણી જગમાં, શીવ સંપત વરશે;
આકીન રાખે એક જગતમાં, ભવસિંધુ તરશે.

ફોગટ ફાંફાં મારે મૂરખજન, જનમી જગ મરનાર;
સત્ય ટેક ખાતર જે ખમશે, આફત અપરંપાર.

નાહક આકીન છોડે નીચનર, એક દીન તું ખરશે;
જીનવર નામનું ધ્યાન ધરે તો, ભવ ભાતું ભરશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નિવેદન.

પ્રિય વાંચક વર્ગ,

આવી એક પરચુરણ સંગ્રહ કરેલી બાબતો વિષે પ્રસ્તાવના યા નિવેદન લખવાની આવશ્યકતા હોઇ શકે નહીં, છતાં શા કારણે આ નાનકડો સંગ્રહ પુસ્તક દ્વારા બહાર પાડવામાં આવ્યો છે તે હકીકત સહજ બહાર મુકવી ઉચિત ધારી છે.

આનંદની વાત છે કે આપણા જૈન આગમોનો ખજાનો અખૂટ અને અતૃટ છે. અને તે ગ્રંથો આપણા પુજ્ય ગણધર મહારાજોના હાથે ગુંથાયલા અને ચૌદ પૂર્વના જ્ઞાનવાળા એવા મહાન્ પૂર્વાચાર્યોને હસ્તે લખાયલા એટલે તેમાં કોઇ રીતની ન્યુનતા હોય શકેજ નહીં. ન્યુનતા હોય તો આપણીજ સમજવી, કે જેમાં રહેલા ગુહ્ય રહસ્યો સમજવા પુરતું આપણને જ્ઞાન નથી; કોઈ કોઈ બાબતો એવી સુક્ષ્મ બારીકીઓથી ભરપુર હોય છે કે જ્યાં સાધારણ સમજવાલા મનુષ્યોની તો અકકલે કામ કરી શકે નહીં, અરે ! કલ્પનામાં પણ ઉતરી શકે નહીં. ને જ્યાં સાધારણ બુદ્ધિ કામ ન આવે તેવી બારીક બાબતો શ્રદ્ધા ગમ્યજ માનવી પડે. કારણ કેવલ જ્ઞાની ભગવાનોએ પોતાના અતુલ્ય જ્ઞાનબળ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વડે જેવું જોયું તેવુંજ કહ્યું છે. તેમાં શંકાને સ્થાનજ ન હોય. શબબ કે જેઓ ભૂત ભવિષ્ય અને વર્ત્તમાનકાળના પદાર્થોને તાદ્રશ્ય જોઈ શકે તેની આગળ આપણી બુધ્ધિ કેટલી ? કયાં મેરૂ ને કયાં સરસવ ! મારા વાંચક મિત્રોને મારી નમ્ર ભલામણ છે કે એ ભગવાનોએ આપણા હિતને માટેજ સર્વે વસ્તુઓની યથાસ્થિત પ્રરૂપણા કરી છે. એટલે તેવી બાબતોમાં શ્રધ્ધાજ રાખવી યોગ્ય ગણાય.

આવા મહાન્ ગ્રંથો સંસ્કૃત અને પાકૃત ભાષાઓમાં હોવાથી એ ભાષાઓથી પરિચિત મહાત્માઓ શીવાય મારા જેવા અપઠિતને તો તેના રહસ્યની ગંધ પણ કયાંથી હોય ! પરંતુ ચાલુ જમાનામાં જ્યારથી આવા સાહિત્યની મહત્તા સમજી તેનો ઉદ્ધાર અને પ્રચાર એ એક કર્ત્તવ્ય મનાવા લાગ્યું છે ત્યારથી સમાજમાં સાહિત્યકો અને સાહિત્ય પ્રેમીઓ વધતા જાય છે. પરિણામે જૈન સમાજમાં સાહિત્ય યુગ શરૂ થયો કહી શકાય.

જૈન સાહિત્યનો પ્રચાર વધ્યો છે તે એટલા ઉપરથી કહી શકાય કે આજકાલ મહાન્ ગ્રંથોના ભાષાંતરો થવા લાગ્યાં છે. આપણા પરમ ઉપકારી એવા તીર્થંકર ભગવાનોનાં ચરિત્રો સરળ ગુજરાતી ભાષામાં છપાય છે, તેમજ નોવેલોના રૂપમાં કોઈ કોઈ મહાત્માઓના જીવનચરિત્રો પણ બહાર પડે છે,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

દાખલા તરીકે દેવચંદ લાલભાઈ ટ્રસ્ટ ફંડ, આગમોદય સમિતી, આત્માનંદ સભા, જૈન ધર્મ પ્રસારક સભા, જૈન સસ્તી વાંચનમાળા આદી એવી અન્ય સંસ્થાઓ આજકાલ જન સાહિત્યનાં સમાજને ઉપયોગી અનેક ગ્રંથો બહાર પાડે છે, અને જ્ઞાનમાં વૃધ્ધિ થવાનું મુખ્ય સાધન જે ઉપયોગી પુસ્તકો હોય તેનો પ્રચાર વધારવો જન સમુહમાં વાંચનનો શોખ વધારવો કે જેથી દીન પર દીન ધર્મ પ્રેમમાં વધારો થાય એવો તેમનો મુખ્ય હેતુ છે.

જો વાંચન પરિચય હોય તો તેમાંથી કાંઇ ને કાંઈ સમજવાનું, વિચારવાનું, આદારવાનું, અને મનન કરવાનું જરૂર મળી આવે છે. ક્રિયા માર્ગની સાથે જ્ઞાન માર્ગ સાધવાથી યથાર્થ ફલની પ્રાપ્તિ થાય છે.

આ પુસ્તક કાંઇ મારી મનકલ્પનાથી લખાયું નથી. પણ યત્કિંચિત્ વાંચન પરિચય હોવાથી પુસ્તકોદ્વારા, અગર છાપાદ્વારા તેમજ માસિકોદ્વારા મારા વાંચવામાં, સાંભળવામાં જે આવેલું તેમાંથી જે કાંઈ મને ઠીક લાગ્યું તેની નોંધ કરતો ગયો, પરિણામે મારી પાસે એક નાનકડો સંગ્રહ થયો.

મારા જુદે જુદે ઠેકાણેથી વાંચેલાનો આ થોડોક સંગ્રહ મારી ખાત્રી છે કે વાંચકવર્ગને વધારે નહીં તો યત્કિંચિત્ પણ જરૂર ઉપયોગી નીવડશે. થોડો યા ઘણો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફાયદો અવશ્યં થશે, નુકશાન તો નહીંજ થાય. તેમજ કોઈ ગૃહસ્થ નવરાસને વખતે આ સંગ્રહમાંથી કોઇ કોઇ બાબતો ધ્યાનપૂર્વક વાંચશે અને મનન કરશે તો જરૂર પ્રભુના ગુણગાન થશે, તેમજ સઝાય ધ્યાન પણ થશે અને પાને ૨૦૩-૨૦૯-૨૨૫-૨૩૧-૨૩૨ની બાબતોનો પોતાના આત્મા સાથે મુકાબલો થાય તો જરૂર કર્મની નિર્જરા પણ થવા સંભવ છે.

આ સંગ્રહ કોઇ રીતે રખડી ન જાય એ ભાવનાથી સમાજ સમક્ષ મુકવાની પ્રેરણાએ કરીને આ સંગ્રહ બહાર પાડવાનું સાહસ ખેડયું છે.

આ સંગ્રહમાં મુકેલા સ્તવનો, સઝાયો, સ્તુતિઓ વગેરેમાં નવીન જેવું કાંઇ નથી. નાના બાળકોને પણ કંઠાગ્ર હોય છે. દુહાઓ જુદે જુદે ઠેકાણેથી ભેગાં કરેલાં છે, તેમજ બીજી પરચુરણ બાબતો ઘણા વખતથી ભેગી થયેલી એટલે તે કયાંથી અને શા આધારે લીધેલી તેના નામ લખી શકાય તેમ નથી. આથી આ સ્થળે તે સૌ લેખકોનો હું ઋણી છું ને તેમનો ઉપકાર માનવાનું ભુલતો નથી.

હું કોઇ લેખકની ગણતરીમાં નથી તેમજ મારામાં તેવી કોઇ વિદ્વતા નથી, કે હું કોઇ ગ્રંથ લખી શકું. આ ઉપર જણાવ્યા પ્રમાણે મારા વાંચવામાં, સાંભળવામાં આવેલું

ને તેમાંથી મને જે ઠીક લાગ્યું તેનો છુટક છુટક ઉતારો માત્ર છે. તેથી તેમાં મતિદોષથી અથવા પ્રમાદથી કાંઈ અશુધ્ધતા થઈ હોય તેમજ કોઈ અસંગત બાબત લખાઈ ગઈ હોય તો તેનું હું ત્રિવિધે કરી મિછામિ દુક્કડં દઉં છું.

આ સંગ્રહમાં લેખીત તેમજ છાપા દોષ રહી જવા પામ્યો હોય તો મારા વાંચક મિત્રોની ક્ષમા ચાહી તે સુધારીને વાંચવા મારી નમ્ર વિનંતી છે.

છેવટમાં જે ભાવનાએ આ સંગ્રહ છપાયો છે તે ભાવના મારા વાંચક મિત્રો બર લાવે એમ ઈચ્છિ વિરમું છું.

પ્રકાશકઃ—

ફકીરચંદ ખીમચંદ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# અનુક્રમણિકા.


| વિષય. | | | | પૃષ્ઠ. |
|---|---|---|---|---|
| ૧ આત્મોપદેશ | .... | .... | .... | ૧ |
| ૨ માંગલિક શ્લોકો .... | .... | .... | .... | ૧૭ |
| ૩ વીતરાગાષ્ટકમ્ .... | .... | .... | .... | ૨૦ |
| **પ્રભાતીઆં.** | | | | |
| ૪ જાગ જાગ રયણુ ગઈ | .... | .... | .... | ૨૨ |
| ૫ જાગરે આતમા .... | .... | .... | .... | ૨૩ |
| ૬ ચેત નર ચેત તું .... | .... | .... | .... | ૨૫ |
| ૭ આજ તો બધાઇ રાજા | .... | .... | .... | ૨૭ |
| ૮ ગૌતમ સ્વામીનો છંદ | .... | .... | .... | ૨૮ |
| ૯ સેવોપાસ સંખેશ્વરો મન શુધ્ધે | .... | .... | | ૨૯ |
| ૧૦ ભરોસે શું રહ્યા ભૂલી | .... | .... | .... | ૩૧ |
| ૧૧ અરે ! કિસ્મત્ તું ઘેલું | .... | .... | ... | ૩૨ |
| ૧૨ રત્નાકર પચ્ચીસી | .... | .... | .... | ૩૪ |
| **ચૈત્યવંદનો** | | | | |
| ૧૩ આજદેવ અરિહંતદેવ | ... | .... | .... | ૪૦ |
| ૧૪ શાંતિજીનેશ્વર સોળમા | .... | .... | .... | ૪૧ |
| ૧૫ જય જય શ્રી જીનરાજ આજ | .... | .... | | ૪૧ |


P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૬ સિદ્ધારથ સુત વંદીએ .... .... .... ૪૨
૧૭ વિમળ કેવળ જ્ઞાન કમળા .... .... ... ૪૨

સ્તવનો

૧૮ જગજીવન જગ વાલહો .... .... .... ૪૪
૧૯ પ્રથમ જીનેશ્વર પ્રણમીએ .... .... .... ૪૫
૨૦ મારૂં મન મોહ્યુંરે.... .... .... .... ૪૬
૨૧ શ્રીરે સીધ્ધાચળ ભેટવા .... .... .... ૪૭
૨૨ સીધ્ધાચળગીરી ભેટયારે .... .... .... ૪૮
૨૩ પ્રીતલડી બંધાણીરે .... .... .... ૪૯
૨૪ શાંતીનાથનું સ્તવન .... .... .... ૫૦
૨૫ અંતરજામી સુંણ અળવેસર... .... .... ૫૧
૨૬ શીગતી થાશે અમારી .... .... .... ૫૨
૨૭ પાસ તોરા નામ સુણકે .... .... .... ૫૩
૨૮ ગીરૂઆ રે ગુણ તુમતણાં .... .... .... ૫૪
૨૯ સીદ્ધારથનારે નંદને વિનવું.... .... .... ૫૫
૩૦ વીર જીનેશ્વર સાહેબ મેરા.... .... .... ૫૫
૩૧ વીરજી સુણો એક વિનતી મોરી .... .... ૫૭
૩૨ નારે પ્રભુ નહીં માનું .... .... .... ૫૯
૩૩ તાર હો તાર પ્રભુ .... .... .... ૬૦
૩૪ પુખ્ખલ વઈ વિજયે જયોરે.... ... ... ૬૨
૩૫ જીન નામકું સમરલે .... .... .... ૬૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્તુતિઓ.

૩૬ પાર્શ્વનાથની સ્તુતિ .... .... .... .... ૬૪
૩૭ શાંતિ જીનેશ્વર સમરીયે .... .... .... ૬૫
૩૮ વરસ દીવસમાં અખાડ ચોમાસુ' .... .... ૬૬
૩૯ પાસજીણંદા વામાનંદા .... .... .... ૬૯
૪૦ સત્તર ભેદી જીન પુજા રચીને .... .... ૭૦
૪૧ જ્ઞાનપંચમીની થોય .... .... .... ૭૧

સજ્ઝાયો

૪૨ કર્મપચીસીની સજ્ઝાય .... .... .... ૭૨
૪૩ મન ભમરાની ,, .... .... .... ૭૭
૪૪ પાંચમાં આરાની ,, .... .... .... ૭૯
૪૫ બાહુબળીજીની ,, .... .... .... ૮૩
૪૬ ક્રોધની ,, .... .... .... ૮૪
૪૭ વૈરાગની ,, .... .... .... ૮૫
૪૮ સુબાહુ કુમારની ,, .... .... .... ૮૬
૪૯ ઇલાચી પુત્રની ,, .... .... .... ૯૧
૫૦ સ્થુળી ભદ્રજીની ,, .... .... .... ૯૩
૫૧ રાજુલ ને રથનેમીની ,, .... .... .... ૯૬
૫૨ ચેતનને શીખામણની ,, .... .... .... ૯૯
૫૩ રહનેમીની ,, .... .... ....૧૦૦
૫૪ પદ્માવતીની જીવરાસી .... .... ....૧૦૨
૫૫ કેટલીક જાણુવા લાયક પરચુરણ બાબતો ....૧૦૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૫૬ ભગવાનની કલ્યાણક ભૂમીઓ .... ....૧૨૨
૫૭ જુના નામ તથા હાલમાં ચાલુ નામો.... ...૧૨૩
૫૮ કેટલાક અનુમાનો.... .... .... ...૧૨૫
૫૯ જીવોની ભવસ્થિતિ તથા કાયસ્થિતિ .... ....૧૨૬
૬૦ તિર્થંકર ભગવાનનું અનંતુબળ .... ...૧૨૮
૬૧ ચક્રવર્તી ૬ ખંડ સાધે તે વગેરે બાબત ....૧૨૯
૬૨ દશ જાતના કલ્પવૃક્ષો .... .... ....૧૩૧
૬૩ ચોવીશ તીર્થંકરોના નામ આયુષ્ય, દેહમાન વગેરે....૧૩૨
૬૪ બાર ચક્રવર્તીના નામ વગેરે.... .... ....૧૩૪
૬૫ નવ વાસુદેવના નામ વગેરે .... .... ....૧૩૬
૬૬ બળદેવોના નામ વગેરે .... .... ...૧૩૭
૬૭ પ્રતિવાસુદેવોના નામ .... .... ....૧૩૭
૬૮ આવતી ચોવીશીમાં કોના કોના જીવો તીર્થંકરો
થશે અને તે જીવો હાલ કયાં છે વગેરે.... ....૧૩૮
૬૯ આવતી ઉત્સર્પિણીનાં શલાકા પુરૂષના નામ ....૧૪૦
૭૦ લબ્ધીઓ .... .... .... ....૧૪૧
૭૧ ગુણઠાણાં ... ... .... ....૧૪૩
૭૨ મહાવીર ભગવંતે કરેલા તપની વીગત ....૧૪૫
૭૩ જીવના ૫૬૩ ભેદ.... .... .... ....૧૪૭
૭૪ બાર દેવલોકના નામ .... .... ... ૧૪૯
૭૫ જીવ પંદર પ્રકારે સિદ્ધિ પામે .... ....૧૪૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૭૬ નવ તત્વના નામ .... .... ....૧૫૦
૭૭ સુક્ષ્મ, બાદર, સન્નિ, પર્યાપ્તિની સમજ ....૧૫૧
૭૮ પરિસહો .... .... .... ....૧૫૩
૭૯ વખતનું પ્રમાણ .... .... .... ....૧૫૮
૮૦ પાંચમા આરામાં થનારા યુગ પ્રધાનો તથા તેના
ઉદયની સમજ ... .... .... ....૧૬૧
૮૧ અઢીદ્વિપ વિષે કંઇક બાબત.... .... ....૧૬૫
૮૨ આર્ય ધર્મના સાડાપચ્ચીશ દેશ .... ....૧૬૬
૮૩ પચ્ચખ્ખાણમાં આવતા શબ્દોના અર્થ ....૧૬૮
૮૪ ચઉદ નિયમ ધારવાની ગાથા ... ....૧૭૧
૮૫ છ રી પાળવા વિષે .... .... ....૧૭૨
૮૬ દુહા સંગ્રહ .... .... .... ....૧૭૩
૮૭ શ્રાવકે રાત્રે સુતી વખતે શું કરણી કરવી ....૨૦૩
૮૮ સમાધિ વિચાર .... .... .... ....૨૦૬
૮૯ અંતિમારાધના .... .... .... ....૨૨૫
૯૦ ક્ષમાપના .... .... .... ....૨૩૧
૯૧ આરાધનાની ગાથા .... .... ....૨૩૨
૯૨ પહાડોની ઉંચાઇ ... .... .... ....૨૩૩
૯૩ જવેરાતના બાર ગૃહોના નામ .... ....૨૩૪
૯૪ કીમતી પત્થરોના નામ .... .... ....૨૩૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આત્મોપદેશ

આ જગતમાં દ્રવ્ય માત્રની સ્થિતિ ત્રણ છે. ઉત્પન્ન થવું, સ્થિર રહેવું, અને નાશ પામવું. એ નિયમ જીવ દ્રવ્યને પણ લાગુ પડે છે. દરેક પદાર્થમાં દ્રવ્ય અને પર્યાય એ ઉભય ધર્મ સાથે રહે છે. દ્રવ્ય નિત્ય છે અને પર્યાય અનિત્ય છે. જીવ જે જે ભવો કરે છે તેમાં આત્મ દ્રવ્ય કાયમ છે. એક ભવ પૂરો કરી બીજો ભવ ધારણ કરવો એ જીવ પર્યાયની ફેર બદલી છે. એ પ્રમાણે જગતમાં જીવો ઉત્પન્ન થાય છે, નાશ પામે છે, અને જગત ધ્રુવપણે કાયમ રહે છે. એ નિયમ અનાદિ અનંત કાળથી ચાલતો આવ્યો છે ને એજ પ્રમાણે કાયમ રહેશે ને તેમાં ફેરફાર થવાનો નથી.

હે જીવ ! જયારે તુંજ તારા શુભાશુભ કર્મોનો ભોકતા છે એવી ખાત્રી થાય તો પછી આ મનુષ્યભવ પામીને તેમાં વળી કેવળી પ્રણિત જૈનધર્મ જેવો ઉત્તમોત્તમ ધર્મને પણ પામ્યો, સારા ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ દેવગુરૂની જોગવાઈ પણ મળી, વિશેષમાં શરીરની નિરોગતા પામ્યો, અને સાથે સાથે ઇંદ્રિયોની પણ પૂર્ણતા મળી, તો હે મનુષ્ય ! આ દુષપ્રાપ્ય વસ્તુઓ પૂર્વ ભવના શુભ કર્મોને લઈનેજ તને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મળી છે; તો પછી આ તારો અમુલ્ય વખત પ્રમાદમાં ગુમાવવો ન જોઇએ. આપણા મહાવીર પરમાત્માએ ગૌતમ સ્વામી જેવા ગણધરને પણ કહ્યું છે કે "હે ગૌતમ! "મા પમ્માય." અર્થાત હે ગૌતમ ! તું જરીપણ પ્રમાદ કરીશ નહીં. કારણ જીવ પ્રમાદને વશ થવાથી તે પોતાનું આત્મ કલ્યાણ કરી શકતો નથી. ચૌદ પૂર્વના જાણ એવા મહાત્માઓ પણ પ્રમાદને લીધે કર્મને વશ થતાં નિગોદમાં ઉત્પન્ન થયા છે. આયુષ્ય અસ્થિર છે. સંપદા તે વિપદાથી ભરપૂર છે. સંયોગ તે વિયોગવાળો છે લક્ષ્મી વીજળીની માફક ચપળ છે. સંસારનું સુખ સ્વપ્ન સરખું છે. ચારે બાજુથી વિપદાઓ આવી પડે છે. મરણ ચક્ર માથે ભમી રહ્યું છે. પાણીના પરપોટા માફક પ્રાણીઓ ઉત્પન્ન થાય છે અને વિલય પામે છે. શરીર જરાએ ( વૃદ્ધાવસ્થાએ ) જર્જરીત થાય છે. ધર્મ શીવાય કોઈ રક્ષણ કરનાર નથી. ઇંદ્ર ચંદ્રાદિ દેવો પણ મરણને વશ થાય છે. તો હે મનુષ્ય ! તું આમ કયાં સુધી ઘોર નિંદ્રામાં ઘેરાયલો રહીશ ! આટલો નિશ્ચિંત શા કારણથી થઇ બેઠો છે ? જાગ–ઉઠ. અને પરમ શાંતિના માર્ગમાં પ્રયત્ન કર. ગમે તેનું શરણ લીધા શીવાય તારો છૂટકો નથી. આ અમુલ્ય આયુષ્યનો એક સમય પણ નિરર્થક ગુમાવવો ન જોઇએ. આ સંપૂર્ણ સામગ્રી સાથનો માનવ દેહ ફરી ફરી મળવો મુશ્કેલ છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હે મનુષ્ય ! તારે તો તારી યથાશકિત પ્રમાણે તપ નિયમનું પાલણ કરી અહોનીશ દેવગુરૂની ભક્તિમાં રાચ્યા માચ્યા રહેવું એજ તારો ધર્મ છે. તેમજ તું સંસારી જીવ હોવાથી અને ગ્રહસ્થાશ્રમમાં રહેલો હોવાથી તારે તો નિતિથીજ દ્રવ્ય ઉપાર્જન કરી તેનો યથાશક્તિ પ્રમાણે સદ્દવ્યય કરવો એજ તારો ધર્મ છે. સાર્વજનિક પરોપકારના કાર્યમાં મશગુલ રહેવું એજ તારો ધર્મ છે. કોઇ પણ વેર વિરોધ કે કજીઆ ટંટાના બીજો રોપાયાં હોય તે દૂર કરવા ઉત્કંઠિત થવું એજ તારો ધર્મ છે. જીવ માત્ર વેર વિરોધ તેમજ કલેશ કરવાથી બહૂલ સંસારી થાય છે. જીવ માત્ર ઉપર દયા કરવી, ક્ષમા ચાહવી ને સર્વની સાથે મીલનસાર રહેવું એજ તારો ધર્મ છે. કહ્યું છે કે–"સવ્વેજીવા કમ્મવસ, ચઉદ્દહરાજ ભમંત, તે મે સવ્વ ખમાવિઆ, મુજ્જવિતેહખમંત." હે જીવ ! આ સુત્રમાં કહ્યા પ્રમાણે આ ચૌદરાજ લોકમાં ભમતા સર્વ જીવો પ્રત્યે ખરા અંતઃ કરણથી ક્ષમાપના થાય તો જરૂર કોઇ જીવ સાથે વેર વિરોધ રહેવા પામેજ નહીં, અને વેર વિરોધ મટી જાય તો જરૂર કર્મ બંધનો ઢીલા થયે સંસારમાં ભમવું પણ ઓછું થાય. તેથી હે મનુષ્ય ! તું તારૂં આત્મ કલ્યાણ ચાહતો હોય તો દેવ, નારકી, તિર્યંચ, અને મનુષ્યરૂપી ચાર ગતિમાંથી ફક્ત મનુષ્ય ગતિજ તારે માટે ઉપયોગી છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બીજી કોઈ ગતિમાંથી મોક્ષરૂપી આત્મ કલ્યાણ થઈ શકતું જ નથી. કારણ કે નારકીના જીવોને તેમજ દેવતાઓને પણ પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને મનુષ્ય જન્મ લેવો પડે છે. કેમકે નારકી મરી નારકી થાય નહીં ને દેવતા મરીને દેવતા થાય નહીં, એવોજ નિયમ છે. કારણ જીવે જે અશુભ કર્મો બાંધ્યા હોય તેના વિપાક ભોગવવાને જીવ નરકગતિમાં ઉત્પન્ન થાય છે, કે જ્યાં એક સમય માત્ર પણ શાતા હોતી નથી; દુઃખ દુઃખને દુઃખજ હોય છે. તેમજ દેવતામાં પણ જીવે શુભ કર્મોના દળીયાં બાંધ્યાં હોય તેના સુખ ભોગવવામાંજ ઘણુંખરૂં આયુષ્ય પૂર્ણ થાય છે. તેમજ દેવતાને અવિરતીપણું હોવાથી વ્રત પચખ્ખાણ ઉદયમાં આવતાં નથી, માટે હે જીવ ! તારે જે કાંઈ કરવાનું હોય તે આ મનુષ્ય ભવમાંજ બની શકે છે.

કહ્યું છે કે-"જે કરવું તે આજે કીજે, કાલેશી વાતો." એટલે જીવ તને ખબર નથી કે આ ક્ષણભંગુર દેહમાંથી તું એકાએક કયારે છૂટો થઈ જનાર છે. આ ફાની દુનીઆનો જીવ માત્રે ત્યાગ કરેલ છે, ને તારે પણ આ દુનીઆ છોડવીજ એવું નિર્માણ છે. તિર્થંકર જેવાઓ પણ આ દુનીઆ છોડી ગયા છે, તો તું કોણ માત્ર છે. જો તું અહંકાર–અભિમાન કરતો હોય તો તે ફોકટ છે. રાવણ સરીખાનો અભિમાન રહ્યો નથી; બાહુબળીજી જેવાને પણ સહેજ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અભિમાન આવવાથી કેવળજ્ઞાન દૂર રહ્યું હતું. તો હે જીવ ! તેં તો અનંતા ભવો કર્યાં છે ને હજી તું કંઇક ભવો કરશે. તેથી જો તું હાલથીજ ચેતશે નહીં તો તારો નિસ્તાર કયારે થશે ? નિસ્તાર તો ત્યારેજ થાય કે આ સંસાર પરથી મોહ મટી વૈરાગ્ય ઉત્પન્ન થાય ને અધ્યાત્મ પ્રગટે.

એટલી ઉંચી સ્થિતિપર પોહોંચવાની તારી શકિત હાલ ન હોય તો આટલું તો વિચારવું ઘટે કે "હે જીવ તું કોણ છે, તારૂં કોણ છે, તું કયાંથી આવ્યો, ને કયાં જવાનો છે, તારી સાથે શું આવનાર છે, ને પાછળ શું મુકી જવાનો છે?' જો આ ચીજો એકાંતમાં દીર્ઘદ્રષ્ટિથી વિચારવામાં આવે તો જરૂર માલમ પડશે કે તું એકસમર્થ આત્મા છે. આ જગતમાં તારૂં કોઇ સગું નથી, તું કોઇનો સગો નથી, તું કયાંથી આવ્યો તે ખબર નથી, તેમજ કઇ ગતિમાં જનાર છે તે પણ ખબર નથી. તારી સાથે તો તારા શુભાશુભ કર્મોના ફળ શીવાય બીજી કોઇ વસ્તુ સાથે આવનાર નથી. અહીં કરેલી ભલાઇ બુરાઇની વાસના શીવાય તારી પાછળ બીજું કંઇ રહેનાર નથી. જો આટલોજ વિચાર કરવામાં આવે તો તારે માટે કયો માર્ગ શ્રેય છે તે તુરત માલમ પડી શકે. પણ પૂર્વ ભવોમાં કરેલા અશુભ કર્મોના બંધનોને લઇને જે જ્ઞાન અવરાયેલું હોય તે આવરણ દૂર થાય નહીં ત્યાંસુધી તે સત્તામાં રહેલું હોવાથી તેનો ઉદય થતો નથી,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ને જ્યાંસુધી તે આવરણ દૂર થઇ ઉદયમાં આવે નહીં ત્યાં સુધી ભોગવાય પણ નહીં. માટે સુજ્ઞજનોએ એવાં નઠારાં આવરણો દૂર કરવા પ્રયત્નશીલ થવું એજ આત્માને નિસ્તારને રસ્તે મુકવા બરોબર છે.

દરેક જીવને હર્ષ અને શોચનો અનુભવ થાય છે. સંજોગો અનુકુળ થતાં હર્ષ ઉત્પન્ન થાય છે, ને તેનો વિયોગ થતાં દિલગીરિ થાય છે; અને હર્ષ અને શોચ એજ દુઃખનાં કારણો છે. ધન્ય છે ! એવા પુરૂષોને કે જેને એ બેમાંનું કશું હોતું નથી; અને હરહંમેશ આત્મધ્યાનમાં તલાલીન રહે છે.

હે મનુષ્ય ! તું વિચારી જો કે તારી ચર્મચક્ષુ આગળ તું કોઇને સુખી જુએ છે તો કોઇને દુઃખી જુએ છે. કોઇને સમૃદ્ધિવાન જુએ છે તો કોઈને ધનહીન જુએ છે કે જે ભીખ માંગે છે છતાં એક ટંક પણ પુરૂં ખાવા મળતું નથી. કોઇ એવા સુકોમળ હોય છે કે જે સૂર્યનો તાપ પણ સહન કરી શકતાં નથી તો કોઇને ઉઘાડા, વસ્ત્ર વગર ધૂળમાં આળોટતા જુએ છે. કોઈ નિરોગી હોય છે તો કોઇને રાતદીન રોગથી ટળવળતા જુએ છે. કોઈ લાંબુ આયુષ્ય ભોગવે છે તો કોઇ જન્મતાંજ મરણ પામે છે. આમ થવાનું કારણ શું ? કારણ માત્ર એજ કે જીવમાત્ર પોતપોતાના પૂર્વ સંચિત કર્મોને લઈ જૂદી જૂદી ગતિમાં

ને જૂદી જૂદી સ્થિતિમાં ઉત્પન્ન થઈ કર્મોના ફળ ભોગવે છે; ને ભવ સ્થિતિ પૂર્ણ થતાં પંખીના મેળા માફક આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલ્યો જાય છે. આનુપૂર્વિ એક એવી શકિત છે કે જે જીવને પોત પોતાના કરેલા શુભાશુભ કર્મો પ્રમાણે તેવી ગતિ અને તેવી સ્થિતિમાં લઇ જઈ મુકી દે છે કે ત્યાં જીવ ઉત્પન્ન થઈ પોતાના કરેલાં કર્મોના ફળો ભોગવે છે. કર્મની ગતિ વિચિત્ર છે. સર્વે જીવ કર્મને વશ છે. અને તે કર્મને વશ થઇ ચૌદરાજ લોકમાં ભ્રમણ કરે છે. એમાં કોઇનું કાંઈ ચાલતું નથી. યમરાજાના તેડાને કોઇ રોકી શકતું નથી.

જો આ પ્રમાણે જવું એ નિર્માણજ છે તો પછી મનુષ્ય જન્મ પામી પ્રભુ ભકિત કરી, જનસમાજમાં શાંત વાતાવરણ ફેલાવી, પરોપકારના કામો કરી, ધર્મપ્રેમી બની, પાછળ સારી વાસના મુકી જવી એજ હીતકારી છે. કુડ કપટ કરી, પોતાના છોકરા કુટુંબી માટે ગમે તેટલું ધન મુકી જશે પણ તેમાંનું તારી સાથે કાંઈજ આવનાર નથી; વાલની વીંટી હશે તે પણ કાઢી લેશે, ને પાછળના મોજ મઝા ઉડાવશે, ને કર્મોના ફળ તો હે જીવ તારે એકલાએજ ભોગવવાના છે.

આવા સંયોગ વિયોગ તો હે જીવ ! તેં અનંતિવાર અનુભવ્યાં છે. તો પછી ઇષ્ટ વસ્તુના વિયોગથી દુઃખી થવું

ઠીક ન ગણાય. ધન્ય છે ! એવા ધીર પુરૂષોને કે જેઓ આવી વખતે ધીરજ રાખે છે. હું સમજું છું, જાણું છું કે આમ કરવાથી આર્ત્તધ્યાન થાય છે ને કર્મ બંધન વધે છે; ને એજ આર્ત્તધ્યાન તને દુર્ગતિએ લઇ જશે; પરંતુ મારા જેવાને તો જાણતાં છતાં પણ ધીરજ રહેતી નથી, કારણ હજી મારે સંસાર ઘણો બાકી છે એમ સંભવે છે. આમ થવાથી "પર ઉપદેશે પાંડિત્યમ્" જેવું થાય છે. પરંતુ એવા ધીર પુરૂષોનું અનુમોદન કરી સંતોષ માનું છું ને ચાહું છું કે એવી ધીરજ પરમાત્મા મને તેમજ સૌને આપે.

હે જીવ ! તારે એટલુંજ જાણીને સંતોષ પકડવાનો છે કે તિર્થંકર જેવાને પણ કર્મે છોડયાં નથી તો પછી તું શું ગણતરીમાં છે. ચાહે તો શાતાએ ભોગવ કે અશાતાએ ભોગવ, પણ ઉદય આવેલાં કર્મો તો ભોગવ્યા વિના તારો છૂટકો નથી.

આ જીવ આ અપાર અનાદિ અનંત કાળ સુધી ચારે ગતિ રૂપ સંસારમાં કેવી રીતે અને શા કારણે પરિભ્રમણ કરે છે, તેના જવાબમાં જાણવાનું કે-સર્વ જીવોની મૂળ સ્થિતિ એવી છે કે તે અનાદિ નિગોદ સુક્ષ્મ વનસ્પતિ-કાયમાં અનાદિના રહે છે; તેમાં એક અંગુલને અસંખ્યાતમે ભાગે શરીર હોય, બસો છપ્પન આવલિકા ( ૧૬૭૭૭૨૧૬ આવલિ=૨ ઘડી એટલે ૪૮ મિનિટ ) નું આયુષ્ય હોય, એટલે તંદુરસ્ત માણસના એક શ્વાસોશ્વાસમાં સત્તર ભવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આઝેરાં કરે; એવી રીતે આયુષ્ય વેદતાં અનાદિ નિગોદમાં જન્મ મરણ કરતો રહે છે. એવી રીતે સંસારી જીવોને નિગોદમાં. ભટકતાં અનંતાનંત પુદ્‌ગલ પરાવર્ત વિતી ગયાં; ત્યાં રહેતાં કોઈ નિયત કારણના પરિપાકથી, આત્માની તારતમ્યતાથી, જેવા પરિણામ થાય તેવા પરિણામ તુલ્ય જીવ હલુકર્મિ થાય છે; તે લઘુ કર્મિપણાને લીધે સુક્ષ્મ નિગોદમાંથી બાદર નિગોદમાં આવે છે. ત્યાં કોઈક રીતે બીજા જીવોને દ્રષ્ટિગોચર પણ આવે એહવો થાય. બાદર શરીર છે, અને તેથી છેદન ભેદનના યોગે જો અકામ નિર્જરા થાય તો બેઇન્દ્રિમાં આવે. ત્યાં પ્રાણ, પર્યાપ્તિ, ઇન્દ્રિય અને શરીરની વૃદ્ધિ થાય. અહીં પણ જો શુભાશુભ કર્મની તારતમ્યતા થાય તો અકામ નિર્જરાથી ઉંચો તેઇન્દ્રિયમાં આવે, અને ત્યાં જો અધિકરણના યોગે હિંસાદિક દોષની બહુલતા થાય તો પાછો એકેંન્દ્રિયમાં પણ જાય. ત્યાં અનંતકાળ રહી ફરીથી અકામ નિર્જરાયે કરી, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેંન્દ્રિયમાં આવે. જેમજેમ ઇન્દ્રિય, પ્રાણ પર્યાપ્તિ વધે તેમતેમ અધિકરણ વધે; ત્યાં જો હિંસાદિક કારણોની વૃદ્ધિ થાય તો પાછો પડી એકેંન્દ્રિયમાં આવી જાય; અને જો સામાન્યપણે રહે તો પોતાનીજ કાયમાં રહે; અને જો છેદન ભેદનરૂપ અકામ નિર્જરા થાય તો તેથી ઉંચો પણ આવે. અને એ પ્રમાણે ફરતાં ફરતાં વિકલેંદ્રિયમાં અકામ નિર્જરા થાય તો પ્રાયે તિર્યંચ પંચેંદ્રિય થાય. તિર્યંચ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પંચેંદ્રિયના બે ભેદ છે; ગર્ભજ અને સમુર્છિમ્. સમુર્છિમને મન નહોય; તો પણ તેમાં શરીર, પ્રાણ, પર્યાપ્તિ, અને આયુ વગેરે અધિકરણની વૃદ્ધિ થાય; અને જો હિંસાદિક અધિકરણની વૃદ્ધિ કરે તો પહેલી નરકે જાય, અથવા પાછો એકેંદ્રિયમાં જાય. જો નરકે જાય તો ઘણા કાળ સુધી ક્ષેત્ર વેદના તથા પરમાધામીકૃત તથા પરસ્પરકૃત તિવ્ર દુઃખ ભોગવવું પડે. કદાચ સમુર્છિમ્ પંચેંદ્રિયમાં જાય તો છેદન, ભેદન, સીત, તાપાદિ મહાદુઃખથી અકામ નિર્જરાને લઇને ગર્ભજ મનુષ્ય થાય અથવા ગર્ભજ તિર્યંચ પંચેંદ્રિય થાય, ને તે વખતે પ્રબળ અધિકરણી હોવાથી પાંચે આશ્રવ (ઇંદ્રિય, કષાય, અવ્રત, યોગ અને ક્રિયા) એ પૂર્ણ સેવે. પ્રાણ અને પર્યાપ્તિ પૂરો હોય, તેથી સ્વક્રિય, પરક્રિયના વિકલ્પ જાળમાં પડે, ને તેથી ઉત્કૃષ્ટ કર્મ સ્થીતી બાંધે. આર્ત્ત રૌદ્ર ધ્યાનથી કર્મ સ્થિતિ દીર્ઘ કરે. ઇહાં કોઇ જીવ હિંસાદિક કારણને લીધે સાતે નરકોને વિષે જાય, ત્યાં અનંતો કાળ રહે, ત્યાં છેદન ભેદન, તાડન, તર્જના, સહન કરતો તિવ્ર સંકલેશ ન કરે તો અકામ નિર્જરા કરી કોઇક જીવ દેવગતિ પણ પામે, અથવા કોઈ મનુષ્ય થાય; તેમાં જો દેવ થયો ને વિષયાશક્તિમાં રાચી માચીને તીવ્ર સંકલેશ ન કરે તો મરીને પ્રાયે તિર્યંચ પંચેંદ્રિય થાય, ત્યાં હિંસાદિક સેવન કરીને નરકે જાય; અથવા પાછો એકેંદ્રિયાદિકમાં પણ જાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં પાછો અનંતો કાળ રહે. આ પ્રમાણે જીવ જેવાં જેવાં કર્મના બંધ પાડે તદ્નુસાર નારકી તિર્યંચના ભવો કરી આ સંસાર અટવીમાં અનંતો કાળ ભમ્યા કરે છે.

કદાચ જ્ઞાનવિના સરળ પ્રકૃતિએ કરી કષાયની મંદતાથી મનુષ્ય પણ થાય. પણ ત્યાં જો મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગની પ્રબળતા થાય તો કર્મ સ્થિતિ વધારે બાંધે, એમાં મોહનિય કર્મ સર્વ કર્મોનો ઉત્પાદક છે. તેમાં મિથ્યાત્વ મોહનિય એકવાર બાંધે તો ઉત્કૃષ્ટ સિતેર કોડાકોડી સાગરોપમ સુધી વિપાક ભોગવે. તિવ્ર મોહના ઉદયથી જીવને અજીવ જાણે, અજીવને જીવ જાણે, ધર્મને અધર્મ જાણે, અધર્મને ધર્મ જાણે, સાધુને અસાધુ જાણે, અસાધુને સાધુ જાણે, એવી રીતે કર્મને વશ થઇ અનંતા પુદ્ગલ પરાવર્તન્ સુધીના જન્મ મરણ કર્યા કરે, તેમ કરતાં કોઇવાર દુર્લભ મનુષ્ય ભવની સામગ્રી મળે છતે મિથ્યાત્વની પ્રબળતાએ સમકિત ન પામે તો કેવલ ભવો પૂરા કરે.

માટે હે જીવ ! તું અજ્ઞાન અવસ્થામાં અનંતકાળ ભમ્યો, હવે સમ્યગ્ જ્ઞાનમાં જાગ્રત થઇ, સત્સંગમાં રહી, સન્માર્ગે પડી, સ્વસ્થાને પહોંચવાં પ્રયત્ન કરવો તારે માટે હીતકર છે. આટલું આટલું દુઃખ અનુભવ્યા પછી, આવાં આવાં નારકીના છેદન ભેદનાદિક અસંખ્ય દુઃખો સહન

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યા પછી કોઇ મહા પુણ્યના યોગે આ મનુષ્ય દેહ મળ્યો, આવી ઉત્તમ સામગ્રીઓ પણ મળી ને હજી પણ તું ચેતીને સન્માર્ગે પડોશ નહીં તો તારે માટે ચોરાશી લક્ષના ફેરા તો તૈયારજ છે. તારા આત્મ કલ્યાણને માટે આ જૈન ધમનું શરણુજ કામ આવશે. બાકી આ સંસાર તો અપાર દુઃખનો દરીઓજ છે. આ સંસારમાં સર્વે જાતના દુઃખના આપનાર મિથ્યા દર્શન, મિથ્યા જ્ઞાન, અને મિથ્યા ચારિત્ર છે. ત્યારે તે દુઃખોનું નિવારણ કરનાર સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન, અને સમ્યગ્ ચારિત્ર છે. દર્શનનું મિથ્યાપણું ટળી જતાં શનૈઃશનૈઃ જ્ઞાન અને ચારિત્રનું મિથ્યાપણું વિલય થઇ જાય છે. અને સમ્યગ્ દર્શન જે મોક્ષરૂપી ફળને ઉત્પન્ન કરનાર છે તેના એક સમય માત્રનો સ્પર્શ પણ વધારેમાં વધારે અર્ધ પુદ્ગલ પરાવર્તન્ કાળમાં મોક્ષમાં લઇ જાય છે.

જ્યારે સંસારી જીવ અનાદિ મિથ્યાત્વને સમાવીને રાગદ્વેષરૂપ ગાંઠને ભેદે છે ત્યારે આત્મા વિશુદ્ધ બની સમક્તિ પામે છે. કદાચ આવેલું સમકિત વમી પણ જાય, તોપણ સમકિત પામ્યા પછી તે જીવને સંસાર ભ્રમણનો કાળ મર્યાદિત થાય છે. અર્ધપુદ્ગલ પરાવ-ર્તનકાળમાં નિયમાસિદ્ધિ પ્રાપ્ત કરે છે. જે જીવને સમકિત પામ્યાં પહેલાં પૂર્વ આયુષ્યનો બંધ પડેલો ન હોય તો તે સમક્તિથી પતિત થતો નથી. તેને નિશ્ચે વૈમાનિક દેવગતિનોજ બંધ પડે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જો અનુતાનુબંધીની ચોકડી અને દર્શન મોહનિય કર્મની ત્રણ પ્રકૃતિઓ ઉપશમે તો ઉપશમ સમક્તિ પ્રાપ્ત થાય છે. ને તે ભવભ્રમણમાં વધારેમાં વધારે પાંચવાર પ્રાપ્ત થાય છે. જો ક્ષયોપશમ થયો હોય તો ક્ષયોપશમ સમક્તિ પ્રાપ્ત થાય છે. જે અસંખ્યાતિવાર આવે ને જાય. પણ જો તેનો ક્ષય થયો હોય તો ક્ષાયિક સમક્તિ થાય છે; જે એકજવાર પ્રાપ્ત થાય, ને તે પાછું જતું નથી. કહ્યું છે કે–

દંસણુ ભટ્ઠો ભટ્ઠો, દંસણુ ભટ્ઠસ્સ નત્થિ નિવ્વાણું;
સિઝંતિ ચરણુ રહિયા, દંસણુ રહિઆ નસિઝંતિ.

હવે અલ્પ કષાય પણ દોષનું કારણ છે. કહ્યું છે કેઃ– "ક્રોધે ક્રોડ પૂરવતણું સંયમ ફળ જાય." અર્થાત એક ક્રોડ પૂરવ સુધી સંયમની પાલણા કરી હોય તે પણ અલ્પ ક્રોધ કરવાથી નિરર્થક થાય છે. તેમજ ચૌદ પૂરવધર પણ પરમાદના વશ થકી નિગોદમાં જાય છે. તો હે જીવ! જો તું અઢારે પાપસ્થાનકો સેવે અને સમયે સમયે વિના કારણે બેઠાં બેઠાં કર્મો બાંધે તો પછી તારી શી ગતિ થશે, એ તારે વિચારવાનું છે. મન તો માંકડારૂપ છે. એને સમયે સમયે જેવા જેવા સંયોગો મળે છે તે અનુસાર પલટાયા કરે છે. માટે એ મનને રોકવા તારે તો ધર્મધ્યાનમાં ઉદ્યમવંત થવું, અને અસત્ય વસ્તુથી તેમજ માયાકપટથી દૂરજ રહેવું. કદાચ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છળકપટ એક વખત સારૂં પણ લાગે; પણ આખરે તો તે દુઃખદાયીજ છે. અને ઉપર કહ્યા પ્રમાણે તેના પરિણામો પણ મહા ભયંકર છે.

કર્મ જેવું જગતમાં નિષ્પક્ષપાત બીજું કોઈ નથી. એ કોઇની પણ શરમ રાખ્યા વગર જીવને તેના કર્મોનુસાર ફળ આપેજ છે. તેને કોઇની સરટીફીકેટ યાને પ્રમાણપત્રની જરૂર નથી.

જીવ ! તારે તો બને તેટલા આશ્રવો બંધ કરી સુકૃત કરવા તરફજ નજર રાખવી ઘટે. સુકૃત કરી પુણ્ય બાંધવાના અનેક રસ્તા છે. કોઈ સજ્જન જેને લક્ષ્મી મળી હોય તે સન્માર્ગે લક્ષ્મીનો વ્યય કરી પુણ્ય ઉપાર્જન કરે છે. જેવાં કે જીર્ણોધ્ધાર કરવામાં, ઉપાશ્રયો, ધર્મશાળાઓ, દાનશાળાઓ, પાઠશાળાઓ, વગેરે સ્થાનોમાં પોતાની લક્ષ્મી ખરચે છે; તો કોઈ જીવરક્ષા કરે છે; કોઇ સાધુ સાધ્વિની ભકિત કરે છે; કોઈ જ્ઞાનની ભક્તિ કરે છે; કોઈ પ્રભુપૂજા, તિર્થયાત્રા કરે છે; તો કોઇ સ્વામીભાઈની ભક્તિ કરે છે; તો કોઇ વૃત નિયમો અંગીકાર કરે છે; એમ અનેક રીતે જેને જેવી સુગમતા મળે, મનમાં રૂચી થાય, અને જેવો ભાવ ઉત્પન્ન થાય તેવે રસ્તે પુણ્ય ઉપાર્જન કરી શકે છે. એકલા પૈસાથીજ ધર્મ થાય એવું કાંઇ એકાંત નથી. કોઇ તનથી તેમ કોઇ મનથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પણ ધર્મસાધન કરી શકે છે. તત્વ એજ છે કે જેવી ભાવના રાખે તેવો બંધ પડે છે.

ખરૂં સુખ મેળવવા બહાર પ્રયત્ન નહીં કરતાં પોતાનાજ આત્મસ્વભાવમાં આવવું અને અંતરમાં ઉછળતા વિષય, લોભ, તૃષ્ણા વગેરેના કલ્લોલોને શાંત કરી, પ્રભુભક્તિમાં લીન થઇ, સત્સંગથી જે ઉપદેશ મળે તે પ્રમાણે કર્મોની નિર્જરા કરવી, કે જેથી મોક્ષરૂપી લક્ષ્મીની સમીપ જલદી આવી શકાય.

માટે હે જીવ ! તારે સર્વ શકિતમાન, ત્રણલોકના નાથ એવા પરમકૃપાળુ તિર્થંકર પરમાત્મા પાસે સવિનય, શ્રધ્ધા પૂર્વક યાચના કરવી જોઇએ કે હે પ્રભુ ! જગતમાં તમારો મહિમા અદ્દભૂત છે. મારા જન્મમરણના ફેરા ટાળી અખંડ શાંતિવાળા સુખના આપનાર પણ તમેજ છો. હે પ્રગટ પ્રભાવવાળા તમને વંદન, પૂજન અને કિર્તન કરવાથી પ્રાણીઓને જગતમાં શું શું નથી મળતું ? અરે એક પણ નમસ્કાર જો શ્રધ્ધા, ભકિત અને ભાવપૂર્વક તમને કરાય તો આલોકના ઇચ્છિત ઉપરાંત પરંપરાએ સંસારથી પાર ઉતારો છો. હે આદેય નામકર્મવાળા ! હે શાસનનાયક ! હે જગત-વલ્લભ ! તમારૂં સ્વરૂપ સમજનારા પુરૂષોનેજ ધન્ય છે. તમારી શકિત સમજનારાજ તમારી ભકિત કરી શકે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તમારા નામરૂપ મંત્રશકિતથી પણ પ્રાણીઓનાં ઘોર પાપો નાશ પામે છે. જે જીવો તમારા નામનું વારંવાર સ્મરણ કરે છે તેજ જગતમાં ભાગ્યવંતા છે. તેમનાં સર્વે કષ્ટો નાશ પામે છે.

હે નરનાયક! દુર્લભ એવા તમારા સમ્યક્ત્વરત્નની તો વાતજ અદ્ભૂત છે. કારણ ચિંતામણીરત્ન અને કલ્પવૃક્ષ તો માત્ર આ લોકમાંજ સુખ આપનારા છે. પરલોક સંબંધી સુખ આપવાની એમનામાં શકિત નથી. ત્યારે સમ્યક્ત્વરત્નની પ્રાપ્તિથી તો જીવો આલોકમાં સુખ ઉપરાંત પરલોકમાં ઇંદ્ર આદિ પદવીઓ અને પરંપરાએ તીર્થંકર પદ પ્રાપ્ત કરી મોક્ષપદ પણ પામે છે. મોટા ઇંદ્રો પણ આપના ગુણોની હારમાળા ગણવાને શકિતવાન્ નથી, તો પછી મારા સરખા અલ્પ બુદ્ધિવાળા મનુષ્ય પ્રાણીની તે શી ગુંજાસ? હે પરમાત્મા તમારાજ ધ્યાનની એકાગ્રતા યાચી વિરમું છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# માંગલિક શ્લોકો

અર્હન્તો ભગવંત ઇન્દ્રમહિતાઃ સિધ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતાઃ
આચાર્યા જીનશાસનોન્નતિકરાઃ પુજ્યાઉપાધ્યાયકાઃ
શ્રી સિધ્ધાન્ત સુપાઠકા મુનિવરાઃ રત્નત્રયારાધકાઃ
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં, કુર્વન્તુ વો મંગલમ્

---

મંગલં ભગવાન્ વીરો, મંગલં ગૌતમઃ પ્રભુઃ
મંગલં સ્થૂલિભદ્રાધ્યા, જૈનો ધર્મોઽસ્તુ મંગલં.

---

પૂર્ણાનન્દમયં મહોદયમયં, કૈવલ્ય ચિદ્દગ્મયં;
રૂપાતીતમયં સ્વરૂપરમણં, સ્વાભાવિકી શ્રીમયં.
જ્ઞાનોદ્યોતમયં કૃપારસમયં, સ્યાદ્વાદ્ વિદ્યાલયં;
શ્રી સિદ્ધાચલ તીર્થરાજ મનિશં, વન્દેઽહમાદીશ્વરમ્.

---



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉંકારં બિન્દુ સંયુક્તં, નિત્યં ધ્યાયંતિ યોગિનઃ;
કામદં મોક્ષદં ચૈવ, ઉંકારાય નમો નમઃ.

---

કિંકર્પૂરમયં સુધારસમયં, કિંચંદ્રરોચિર્મયમ્;
કિંલાવણ્યમયં, મહામણિમયં, કારૂણ્યકેલિમયમ્;
વિશ્વાનંદમયં મહોદયમયં, શોભામયં ચિન્મયમ્;
શુક્લ ધ્યાનમયં વપુર્જીનપતે, ર્ભુયાદ્ભવાલંબનમ્.

---

નમો દૂર્વારરાગાદિ, વૈરિવાર નિવારિણે.
અર્હતે યોગિનાથાય, મહા વીરાયતાયિને.

---

પન્નગેચ સુરેંદ્રેચ, કૌશિકે પાદ સંસ્પૃશિ;
નિર્વિશેષ મન સ્કાય, શ્રી વીર સ્વામિને નમઃ

---

અજ્ઞાન તિમિરાંધાનામ્, જ્ઞાનાં જન શલાકયા;
નેત્ર મુન્મિલિતંયેન તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ.

---

નમસ્કાર સમો મંત્ર, શત્રુંજય સમો ગિરિ.
વીતરાગ સમો દેવો, ન ભૂતો ન ભવિષ્યતિ.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચિદાનંદૈકરૂપાય જિનાય પરમાત્મને,
પરમાત્મ પ્રકાશાય, નિત્યં સિદ્ધાત્મને નમઃ
અન્યથા શરણંનાસ્તિ, ત્વમેવશરણં મમ;
તસ્માત્ કારૂણ્ય ભાવેન, રક્ષ રક્ષ જીનેશ્વર.
પાતાલે યાનિ બિંબાનિ, યાનિ બિંબાની ભૂતલે;
સ્વર્ગેપિ યાનિ બિંબાનિ, તાનિ વંદે નિરંતરમ્.

---

સકળ કર્મવારી મોક્ષ માર્ગાધિકારી,
ત્રિભુવન ઉપકારી કેવળ જ્ઞાનધારી,
ભવિજીન નિત્ય સેવો દેવ એ ભકિતભાવે,
એહિજ જીન ભજંતા સર્વ સંપત્તિ પાવે.

---

જીનવર પદસેવા સર્વ સંપત્તિ દાઇ,
નિશદિન સુખદાઇ કલ્પવલ્લિ સહાઇ,
નમિ વિનમિ લહીજે સર્વ વિદ્યા વડાઇ,
રિખભ જીન સેવા સાધતા તેહ પાઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# વીતરાગાષ્ટકમ્

તુભ્યં નમઃ સમયધર્મ્મ નિવેદ કાય,
તુભ્યં નમ સ્ત્રિભુવનેશ્વર શેખ રાય;
તુભ્યં નમઃ સુરનરામર સેવિતાય,
તુભ્યં નમો જીન જનાર્ચિત પંકજાય. ૧

તુભ્યં નમો વિલસિતે હરિચન્દનાય,
તુભ્યં નમો વર કુલામ્બર ભાસ્કરાય;
તુભ્યં નમઃ પ્રણુત દેવ નરાધિપાય,
તુભ્યં નમઃ પ્રવર રૂપ મનોહરાય. ૨

તુભ્યં નમો હરિણુ નાયક નાયકાય,
તુભ્યં નમો યતિ પતિ પ્રતિપાલકાય;
તુભ્યં નમો વિકજ નીરજ લોચનાય,
તુભ્યં નમઃ સ્તનિતનાદ વિરાજીતાય. ૩

તુભ્યં નમઃ કુશલ માર્ગ વિધાયકાય,
તુભ્યં નમો વિકટ કષ્ટ નિષેધકાય;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તુભ્યં નમો દુરિતરોગ ચિકિત્સકાય,
તુભ્યં નમસ્ત્રિ જગતો હૃદિ ભૂષણાય. ૪

તુભ્યં નમો દલિત મોહ તમોભરાય,
તુભ્યં નમઃ કનક સન્નિભ ભૂધનાય;
તુભ્યં નમોઽપ્યખિલ સદ્‌ગુણમન્દિરાય,
તુભ્યં નમો સુખકલાધિક ચન્દ્રિકાય. ૫

તુભ્યં નમોઽતિશય રાજી વિભૂષિતાય,
તુભ્યં નમઃ કુમતિ તાપ સુભંજનાય;
તુભ્યં નમો સુખપયોધિવ હિત્રકાય,
તુભ્યં નમો વિગત કૈતવ મત્સરાય. ૬

તુભ્યં નમો વિદિતભવ્ય જનાશયાય,
તુભ્યં નમો નિખિલ સંશય વારકાય;
તુભ્યં નમઃ પ્રથિતકીર્તિ યશોન્વિતાય,
તુભ્યં નમો જીત હૃષીક મુનીશ્વરાય. ૭

તુભ્યં નમઃ પ્રમિત પુદ્‌ગલ નિર્મિતાય,
તુભ્યં નમઃ સકલવાંગ્મય પારગાય;
તુભ્યં નમો ભવિક ચાતક નીરદાય,
તુભ્યં નમશ્ચરણ વૈભવદાય કાય. ૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તુભ્યં નમ સ્ત્રિભુવનાર્તિહરાય નાથ,
તુભ્યં નમઃ ક્ષિતિ તલામલ ભૂષણાય;
તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય,
તુભ્યં નમો જીન ભવોદધિ શોષણાય.

# પ્રભાતીઉં

જાગ જાગ રયણ ગઈ, ભોર ભયો પ્યારે;
પંચકું પ્રપંચ કર, કરવશ યારે. જાગ જાગ-૧

તૃષ્ણામેં મીન મરે, ભોગમેં મતંગા;
શ્રવણમેં કુરંગ મરે, નયનમેં પતંગા. જાગ જાગ-૨

વાસનામેં ભ્રમર મરે, નાસા રસ લેતાં;
એક એક ઈંદ્રીસંગ, મરે જીવ કેતા. જાગ જાગ-૩

પંચકે પડયો તું ફંદ, કયું કર વશ આવે;
મારતું મન ઈચ્છાભૂત, જ્યું નિરંજન પાવે. જાગ જાગ-૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આત્માને ઉપદેશ

જાગરે આતમા જાગરે આતમા,
મોહની ઉંઘમાં ચોર લુંટે;
વિત્તદારા અને વિષયની વાસના,
પાશથી શત્રુઓ ખૂબ કુટે. -૧

વૃતિ બાહીર વહે કર્મ આઠે ગ્રહે,
આત્મા ભ્રાંન્તિથી ભાન ભૂલ્યો;
ક્રોધને માનથી લોભ માયાથકી,
લક્ષ ચોરાશીમાં ખૂબ ઝુલ્યો. -૨

પામી માનવપણું પુણ્ય ઉત્કર્ષથી,
મુક્તિ સાધન અરે તેં વિસાર્યું;
ખૂબ અપકૃત્યથી પાપ ગાડું ભર્યું,
જાવું નરકમાં કેમ ધાર્યું -૩

શ્વાસ ઉચ્છ્વાસથી જીવ આયુઘટે,
ખબર નહીં કાલની કેમ થાશે;
કાલનું કૃત્યતે આ ક્ષણે કીજીએ,
ધર્મથી આ ભવાબ્ધિ તરાશે. -૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોટીધન આવશે નહીં કદી સાથમાં,
પાપને પુણ્ય સાથેજ આવે;
દાન કરજે સદા ધર્મ વાટે મુદા,
દાનથી આત્મા મોક્ષ પાવે. -૫
સ્મરણુ કર દેવનું શરણુજે દીનનું,
સાધુના દર્શને પુણ્ય થાવે;
સાધુ દર્શનથકી સાધુ વંદનથકી,
કોટી ભવનાં કર્યાં પાપ જાવે. -૬
સાધુના સંગથી આત્મા જાગતો,
તીર્થ જંગમ મુની ભવ્ય સેવો;
તીર્થ જંગમ મુની કલ્પવેલી અહો,
પુષ્કરાવર્તના મેઘ જેવો. -૭
સાધી લે સિદ્ધને ધર્મ વ્યવહારથી,
ભક્તિ ઉત્સાહથી યત્ન ધારો;
ધર્મ કરણી કરી શોક થાવે નહીં,
ધર્મથી આવશે દુઃખ આરો. -૮
ઉંઘ ત્યાગી અહો દેહ દેવળ વિષે,
શુદ્ધ ચેતન પ્રભુને જગાડો;
બુદ્ધિસાગર સદા ભાવના મોગરી,
સ્મરણુનો ઘંટ હેતે વગાડો. -૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સાચુ શરણુ.

## ઝુલણા છંદ પ્રભાતીઉં.

ચેત નર ચેત તું સ્વાર્થમય સૃષ્ટિમાં,
શરણુ છે "વીરનું" એક સાચું;
ના ભરોસો અરે કાયનો ઘડીતણો.
માટીના કુંભસમ સર્વ કાચું.........ચેત. ૧

સંગ વાદળતણો નભવિષે નિરખતાં,
વિખરતાં વાર વ્હાલા વિચારો;
પૂર્વઋણાનુબંધે, મળ્યા સૌ સગાં.
સ્નેહી સંયોગ ક્ષણ માત્ર ધારો....ચેત. ૨

માન હે માનવી આઉખું અલ્પ છે,
ઉછળતા વારિધિના તરંગો;
લક્ષ્મી વૈભવ વિલાસો અધિકાર એ,
ઈન્દ્રના ચાપ સમ વિવિધ રંગો....ચેત. ૩

માત પિતા વળી સુત ભાઇ બેનડી,
તાણી બાંધો વદે ગૃહની નારી;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સ્નેહી સંબંધીઓ દુર રહી કકળશે,
સાથમાં પાપ પુણ્યોની બારી........ચેત. ૪

દેહ દુર્લભ અતિ મોંઘો માનવતણો,
સાંપડયો પૂર્વ પુણ્ય પ્રભાવે;
આદરી કર્મ શુભ આત્મ કલ્યાણથી,
તરી જશે ભવોદધિ ગુરૂ પ્રતાપે....ચેત. ૫

જગત જંજાળમાં જીવ જકડાઈને,
અંતરંગ . શત્રુ સપડાવે નિત્યે,
લક્ષ ચોરાશીના ફેરલા ફર નહીં,
સ્મરણ પ્રભાતમાં 'વીર' હૈડે........ચેત. ૬

આધિ વ્યાધિ ઉપાધિ હરી વિઘ્નની,
દળદળી આત્મ શક્તિ વધારી;
અંતકાળે ધરે નામ જે ભાવથી,
સુલભ છે મોક્ષ માર્ગાધિકારી........ચેત. ૭

( મેઘજી વેલજી ધરમશી )

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# રીખવદેવનું પ્રભાત સ્તવન

આજ તો બધાઈ રાજા, નાભીકે દરબાર રે;
મરૂ દેવીએ બેટો જાયો, રીખવ કુમાર રે—આજ. ૧

અયોધ્યામેં ઓચ્છવ હોવે, મુખ બોલે જેજેકારરે;
ઘનનનનનનન ઘંટા બાજે, દેવ કરે થૈ કાર રે—આજ. ૨

ઈંદ્રાણી સબ મંગળ ગાવે, લાવે મોતી માળરે;
ચંદન ચરચી પાયે લાગું, પ્રભુ જીવો ચીરંકાળરે—આજ. ૩

નાભી રાજા દાન દેવે, વરસે અખંડા ધાર રે;
ગામ નગર પુર પાટણ દેવે, દેવે મણી ભંડાર રે—આજ. ૪

હાથી દેવે સાથી દેવે, દેવે રથ તોખાર રે;
હીરચીર પીતાંબર દેવે, દેવે સવી સણગાર રે—આજ. ૫

તીન લોકમેં દીનકર પ્રગટયો, ઘેરઘેર મંગળ માળરે;
રૂપચંદ કહે નાથ નિરંજન, આદીશ્વર દયાળરે—આજ. ૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી ગૌતમ સ્વામીનો છંદ

વીર જીનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદીન;
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન. ૧

ગૌતમ નામે ગિરિવર ચઢે, મનવંછિત હેલા સંપજે;
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંયોગ. ૨

જે વૈરિ વિરૂવા વંકડા, તસ નામે નાવે ઢુંકડા;
ભૂત પ્રેત નવિ મંડે પ્રાણ, તે ગૌતમના કરૂં વખાણ. ૩

ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય;
ગૌતમ જીન શાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર. ૪

શાળ દાળ સુરહા ધૃત ગોળ, મન વંછિત કાપડ તંબોળ;
ઘરે સુઘરણી નિર્મળ ચિત્ત, ગૌતમ નામે પુત્ર વિનિત. ૫

ગૌતમ ઉદયો અવિચળ ભાણ, ગૌતમ નામ જયો જગજાણ.
મ્હોટા મંદિર મેરૂ સમાન, ગૌતમ નામે સફળ વિહાણ; ૬

ઘર મયગલ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછિત કોડ;
મહિયલ માને મોટા રાય, જો ત્રૂઠે ગૌતમના પાય. ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમ નરની સંગત મળે;
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન. ૮

પુણ્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ;
કહે લાવણ્ય સમય કરજોડ, ગૌતમ ત્રૂઠે સંપત્તિ કોડ. ૯

## શ્રી શંખેશ્વર પાર્શ્વજીન છંદ

સેવો પાસ સંખેશ્વરો મન સુદ્ધે,
નમો નાથ નિશ્ચે કરી એકબુધ્ધે.
દેવી દેવલા અન્યને શું નમો છો,
અહો ભવ્ય લોકો ભુલા કાં ભમો છો.

ત્રિલોકના નાથને શું તજો છો,
પડયા પાસમાં ભુતને કાં ભજો છો.
સુરધેનુ છંડી અજા શું ચહો છો,
મહાપંથ મૂકી કુપંથે વ્રજો છો.

તજે કોણ ચિંતામણી કાચ માટે,
ગ્રહે કોણ રાસભ ને હસ્તી સાટે;

સુરદ્રુમ ઉપાડી આક કોણ વાવે,
મહામૂઢ તે આકુલા અંત પાવે.

કીહાં કાંકરો ને કીહાં મેરૂ શૃંગં,
કીહાં કેશરી ને કીહાં તે કુરંગં;
કીહાં વિશ્વનાથ કીહાં અન્ય દેવા,
કરો એક ચિત્તે પ્રભુ પાસ સેવા.

પૂજે દેવી પ્રભાવતી પ્રાણનાથ,
સહુ જીવને જે કરે છે સનાથ;
મહાતત્ત્વ જાણી સદા જેહ ધ્યાવે,
તેનાં દુઃખ દારિદ્ર દૂરે પલાવે.

પામી માનુષત્વ વૃથા કાં ગમો છો,
કુશીલે કરી દેહને કાં દમો છો;
નહીં મુક્તિવાસ વિના વીતરાગ,
ભજો ભગવંત તજો દ્રષ્ટિ રાગ.

ઉદય રત્ન ભાખે સદા હેત આણી,
દયાભાવ કીજે પ્રભુદાસ જાણી;
આજે માહરે મોતીડે મેહ વુઠા,
પ્રભુ પાસ સંખેશ્વરા આપ તૂઠા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કાળને ભરોસે ન રહેવા વિષે

## પદ. રાગ દેશ.

ભરોસે શું રહ્યા ભૂલી, પલકમાં પ્રાણ જાવાના;
જુઓછો અન્યના એવા, નક્કી નિજ હાલ થાવાના. ૧

વળેલી મુઠીએ આવ્યા, નથી સાથે કશું લાવ્યા;
ધરા ધન ધામને મેલી, સ્મશાને સૌ સમાવાના. ૨

સુખેથી શું હજી સુતા, ખરેખર ખાડમાં ખુતા;
સમય વિત્યા પછી પ્યારા, કુશળ ક્યાંથી કમાવાના. ૩

રહોને સર્વદા સંપી, જગત જંજાળમાં જંપી;
મમત્વે મોહ થાવાથી, વિના મોતે મરાવાના. ૪

તમારૂં શું તમે લેખો, કરી ઝીણી નજર દેખો;
ધરા ધન ધામને ઠામે, નથી નિશ્ચે ધરાવાના. ૫

ભમાઈ ભૂલ કીધાથી, વિષયની વાટ લીધાથી;
પરાણે પાપને યોગે, ભવે ભાઠે ભરાવાના. ૬

ખબર પળની નથી પડતી, નથી ગુણ દોષની ગણતી;
ચડીલા કાળને હાડે, ચડી ચાંપે ચંપાવાના. ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સદા સતસંગને સાધો, વિસારો વેદને વાંધો;
ઉપાયો આદરો અંતે, મહા સુખને જમાવાના. ૮

સદા સન્માર્ગને શોધે, સખા શુભ વાનને બોધે;
કૃપા ગુરૂ દેવની થાતાં, નથી દુઃખે દબાવાના. ૯

(દફતરી નંદલાલ વજેચંદ)

# કર્મને સુચના

ગઝલ.

અરેઃ કિસ્મત તું ઘેલું, રડાવે તું હસાવે તું;
ઘડી ફંદે ફસાવીને, સતાવે તું રીઝાવે તું.—૧

ઘડી આશામંહી વહે તું, ઘડી અંતે નિરાશા છે;
વિવિધ રંગો બતાવે તું, હસે તેને રડાવે તું.—૨

કેઇની લાખ આશાઓ, ઘડીમાં ધૂળધાણી થઈ;
પછી પાછી સજીવન થઈ, રડેલાને હસાવે તું.—૩

રહી મસગુલ અભિમાને, સદા મોટાઇ મન ધરતા;
નિડરને પણુ ડરાવે તું, ન ધાર્યું કોઇનું થાતું.—૪

વિકટ રસ્તા અરે તારા, અતિ ગંભીરને ઉંડા;
ન મર્મ કોઇ શકે જાણી, અતિ જે ગૂઢ અભિમાની.—૫

સદાચારીજ સન્તોને, ફસાવે તું રડાવે તું;
કરે ધાર્યું અરે તારૂં, બધી આલમ ફના કરતું.—૬

અરે આ નાવ જીંદગીનું, ધર્યું છે હાથ મેં તારે;
ડુબાવે તું ઉગારે તું, કરે જે દીલ ચાહે તું.—૭

# રત્નાકર પચ્ચીસી

### હરિગીત. (અનુવાદ)

મંદિર છો મુક્તિ તણા, માંગલ્ય ક્રિડાના પ્રભુ;
ને ઇંદ્ર નર ને દેવતા, સેવા કરે તારી વિભુ;
સવજ્ઞ છો સ્વામી વળી, શિરદાર અતિશય સર્વના;
ઘણું જીવ તું, ઘણું જીવ તું, ભંડાર જ્ઞાન કળા તણા. ૧

ત્રણ જગતના આધારને, અવતાર હે કરૂણા તણા;
વળી વૈદ્ય હે દુર્વાર, આ સંસારના દુઃખો તણા;
વિતરાગ વલ્લભ વિશ્વના, તુજ પાસ અરજી ઉચ્ચરૂં;
જાણો છતાં પણ કહી અને, આ હૃદય હું ખાલી કરૂં. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શું બાળકો માબાપ પાસે, બાળક્રિડા નવ કરે ?
ને મુખમાંથી જેમ આવે, તેમ શું નવ ઉચ્ચરે;
તેમજ તમારી પાસ તારક, આજ ભોળા ભાવથી;
જેવું બન્યું તેવું કહું, તેમાં કશું ખોટું નથી. ૩

મેં દાન તો દીધું નહીં, ને શિયળ પણ પાળ્યું નહીં;
તપથી દમી કાયા નહીં, શુભ ભાવ પણ ભાવ્યો નહીં;
એ ચાર ભેદે ધર્મમાંથી, કાંઇ પણ પ્રભુ નવ કર્યું;
મ્હારૂં ભ્રમણ ભવસાગરે, નિષ્ફળ ગયું નિષ્ફળ ગયું. ૪

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડશ્યો મને;
ગળ્યો માનરૂપી અજગરે, હું કેમ કરી ધ્યાવું તને ?
મનમારૂં માયા જાળમાં, મોહન મહા મુંઝાય છે;
ચડી ચાર ચોરો હાથમાં, ચેતન ઘણો ચગદાય છે. ૫

મેં પરભવે કે આભવે પણ હિત કાંઇ કર્યું નહીં;
તેથી કરી સંસારમાં સુખ, અલ્પ પણ પામ્યો નહીં;
જનમો અમારા જીનજી, ભવ પૂર્ણ કરવાને થયા;
આવેલ બાજી હાથમાં, અજ્ઞાનથી હારી ગયા ૬

અમૃત ઝરે તુજ મુખરૂપી, ચંદ્રથી તો પણ પ્રભુ;
ભિંજાય નહીં મુજ મન અરેરે, શું કરૂં હું તો વિભુ;
પત્થર થકી પણ કઠણ મારૂં, મન ખરે કયાંથી દ્રવે;
મરકટ સમા આ મનથકી, હું તો પ્રભુ હાર્યો હવે ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભમતા મહા ભવ સાગરે, પામ્યો પસાયે આપના;
જે જ્ઞાન દર્શન ચરણરૂપી, રત્ન ત્રય દુષ્કર ઘણા;
તે પણ ગયા પરમાદના, વશથી પ્રભુ કહું છું ખરૂં;
કોની કને કિરતાર આ, પોકાર હું જઇને કરૂં? ૮

ઠગવા વિભુ આ વિશ્વને, વૈરાગ્યનાં રંગો ધર્યા;
ને ધર્મનો ઉપદેશ, રંજન લોકને કરવા કર્યા;
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું?
સાધુ થઇને બહારથી, દાંભિક અંદરથી રહું. ૯

મેં મુખને મેલું કર્યું, દોષો પરાયા ગાઇને;
ને નેત્રને નિંદિત કર્યાં, પરનારીમાં લપટાઇને;
વળી ચિત્તને દોષિત કર્યું, ચિંતી નઠારૂં પરતણું;
હે નાથ! મારૂં શું થશે, ચાલાક થઇ ચુકયો ઘણું ૧૦

કરે કાળજાને કતલ પીડા, કામની બીહામણી;
એ વિષયમાં બની અંધ, હું વિડંબના પામ્યો ઘણી;
તે પણ પ્રકાસ્યું આજ લાવી, લાજ આપ તણી કને;
જાણો સહુ તેથી કહું, કર માફ મારા વાંકને. ૧૧

નવકારમંત્ર વિનાશ કીધો, અન્ય મંત્રો જાણીને;
કુશાસ્ત્રના વાકયોવડે, હણી આગમોની વાણીને;
કુદેવની સંગત થકી, કર્મો નકામાં આચર્યાં;
મતિ ભ્રમથકી રત્નો ગુમાવી, કાચ કટકા મેં ગ્રહયા. ૧૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આવેલ દ્રષ્ટિ માર્ગમાં, મૂકી મહાવીર આપને;
મેં મૂઢધિએ હૃદયમાં, ધ્યાયા મદનના ચાપને;
નેત્ર બાણોને પયોધર, નાભીને સુંદર કટી;
સણગાર સુંદરીઓતણાં, છટકેલ થઇ જોયાં અતિ. ૧૩

મૃગ નયણી સમ નારીતણા, મુખચંદ્ર નીરખવા વતી;
મુજ મન વિષે જે રંગ લાગ્યો, અલ્પ પણ ગૂઢો અતિ;
તે શ્રુતરૂપ સમુદ્રમાં, ધોયા છતાં જાતો નથી;
તેનું કહો કારણ તમે, બચું કેમ હું આ પાપથી. ૧૪

સુંદર નથી આ શરીર કે, સમુદાય ગુણતણો નથી;
ઉત્તમ વિલાસ કળાતણો, દેદિપ્યમાન પ્રભા નથી;
પ્રભુતા નથી તો પણ પ્રભુ, અભિમાનથી અક્કડ ફરૂં;
ચોપાટ ચાર ગતિતણી, સંસારમાં ખેલ્યા કરૂં. ૧૫

આયુષ્ય ઘટતું જાય તોપણ, પાપબુદ્ધિ નવ ઘટે;
આશા જીવનની જાય, પણ વિષયાભિલાષા નવ મટે;
ઔષધ વિષે કરૂં યત્ન પણ, હું ધર્મને તો નવગણું;
બની મોહમાં મસ્તાન હું, પાયા વિનાના ઘર ચણું. ૧૬

આત્મા નથી પરભવ નથી, વળી પુન્ય પાપ કશું નથી;
મિથ્યાત્વીની કટુ વાણી, મેં ધરી કાન પીધી સ્વાદથી;
રવિસમ હતા જ્ઞાને કરી, પ્રભુ આપશ્રી તો પણ અરે;
દીવો લઇ કુવે પડયો, ધિક્કાર છે મુજને ખરે. ૧૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં ચિત્તથી નહીં દેવની, કે પાત્રની પૂજા ચહી;
ને શ્રાવકો કે સાધુઓનો, ધર્મ પણ પાળ્યો નહીં;
પામ્યો પ્રભુ નર ભવ છતાં, રણમાં રડયા જેવું થયું;
ધોબી તણા કુત્તા સમુ, મમ જીવન સહુ એળે ગયું. ૧૮

હું કામધેનુ કલ્પતરૂં, ચિંતામણીના પ્યારમાં;
ખોટાં છતાં ઝંખ્યો ઘણું, બની લુબ્ધ આ સંસારમાં;
જે પ્રગટ સુખ દેનાર તારો, ધર્મ તે સેવ્યો નહીં;
મુજ મૂર્ખ ભાવોને નિહાળી, નાથ કર કરૂણા કંઇ. ૧૯

મેં ભોગ સારા ચિંતવ્યા, તે રોગ સમ ચિંત્યા નહીં;
આગમન ઇચ્છયું ધનતણું, પણ મૃત્યુને પ્રીછયું નહીં;
નહીં ચિંતવ્યું મેં નર્ક, કારાગ્રહ સમ છે નારીઓ;
મધુ બિંદુની આશા મહીં, ભય માત્ર હું ભૂલી ગયો. ૨૦

હું શુધ આચારો વડે, સાધુ હૃદયમાં નવ રહ્યો;
કરી કામ પરઉપકારના, યશ પણ ઉપાર્જન નવ કર્યો;
વળી તિર્થના ઉદ્ધાર આદી, કોઇ કાર્યો નવ કર્યાં;
ફોગટ અરે ! આ લક્ષ, ચોરાશી તણા ફેરા ફર્યા. ૨૧

ગુરૂવાણીમાં વૈરાગ કેરો, રંગ લાગ્યો નહીં અને;
દુર્જન તણાં વાકયો મહીં, શાંતિ મળે કયાંથી મને ?
તરૂં કેમ હું સંસાર આ, અધ્યાત્મ તો છે નહીં જરી;
તુટેલ તળીઆનો ઘડો, જળથી ભરાયે કેમ કરી ? ૨૨

મેં પરભવે નથી પુન્ય કીધું, ને નથી કરતો હજી;
તો આવતા ભવમાં કહો, કયાંથી થશે હે નાથજી ?
ભૂત ભાવી ને સાંપ્રત ત્રણે, ભવ નાથ હું હારી ગયો;
સ્વામી ત્રિશંકુ જેમ હું, આકાશમાં લટકી રહ્યો. ૨૩

અથવા નકામું આપ પાસે, નાથ શું બકવું ઘણું ?
હે દેવતાના પુજ્ય આ, ચારિત્ર મુજ પોતા તણું;
જાણો સ્વરૂપ ત્રણ લોકનું, તો માહરૂં શું માત્ર આ;
જ્યાં ક્રોડનો હીસાબ નહીં, તો પાઈની તો વાત કયાં ? ૨૪

ત્હારાથી ન સમર્થ અન્ય, દીનનો ઉદ્ધારનારો પ્રભુ;
મ્હારાથી નહીં અન્ય પાત્ર, જગમાં જોતાં જડે હે વિભુ !
મુક્તિ સંગળસ્થાન ! તોય, મુજને ઇચ્છા ન લક્ષ્મી તણી;
આપો સમ્યગ્ રત્ન શ્યામ, જીવને તો તૃપ્તિ થાયે ઘણી. ૨૫



# ચૈત્ય વંદનો.

## ચોવીશ જીન નિર્વાણ ચૈત્યવંદન

આજ દેવ અરિહંત દેવ, સમરૂં તોરૂં નામ;
જયાં જયાં પ્રતિમા જીન તણી, ત્યાં ત્યાં કરૂં પ્રણામ. ૧

શેત્રુંજય શ્રી આદી દેવ, નેમ નમું ગીરનાર;
તારંગે શ્રી અજીતનાથ, આબુ રીખવ જુહાર. ૨

અષ્ટાપદ ગીરી ઉપરે, જીન ચોવીસી જોડ;
મણીમય મુરત માનસું, ભરતે ભરાવી સોય. ૩

સમેત શીખર તીરથ વડો, જયાં વીસે જીનરાય;
વૈભાર ગીરીવર ઉપરે, વીર જીનેશ્વર રાય. ૪

માંડવ ગઢનો રાજીઓ, નામે દેવ સુપાસ;
રીખવ કહે જીન સમરંતા, પહોંચે મનની આસ. ૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## શાંતિજીન ચૈત્યવંદન

શાંતિજીનેશ્વર સોળમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન કુળ નભોમણી, ભવિ જીન સુખ કંદો. ૧

મૃગ લંછન જીન આવખુંએ, લાખ વરસ પ્રમાણ;
હથિણા ઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણી ખાણ. ૨

ચાલીસ ધનુષની દેહડી, સમ ચોરસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ. ૩

---

જય જયશ્રી જીનરાજ આજ, મિલિયો મુજ સ્વામી;
અવિનાશી અકલંક રૂપ, જગ અંતર જામી. ૧

રૂપા રૂપી ધર્મ દેવ, આતમ આરામી;
ચિદાનંદ ચેતન અચિંત્ય, શીવ લીલા પામી. ૨

સિદ્ધ બુદ્ધ તું વંદતા, સકલ સિદ્ધ વર બુદ્ધ;
રમો પ્રભુ ધ્યાને કરી, પ્રગટે આતમરિદ્ધ. ૩

કાલ બહુ થાવર ગમ્યો, ભમીયો ભવ માંહિ;
વિકલેંદ્રિય માંહી વસ્યો, થીરતા નહીં કયાંહિ. ૪

તિરિ પંચેદ્રિય માંહી દેવ, કરમે હું આવ્યો;
કરી કુકર્મ નરકે ગયો, પ્રભુ દરિસણ નહીં પાયો. ૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ અનંત કાલે કરી એ, પામ્યો નર અવતાર;
હવે જગ તારક તુંહિ મિલ્યો, ભવજલ પાર ઉતાર. ૬

## શ્રી વર્ધમાન સ્વામી ચૈત્યવંદન

સિદ્ધારથ સુત વંદીએ, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિ કુલમાં અવતર્યો, સુર નરપતિ પાયો. ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાય;
બહોતેર વરસનું આઉખું, વીર જીનેશ્વરરાય. ૨

ખિમાવિજય જીન રાજનાએ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મ વિજય વિખ્યાત. ૩

## સિદ્ધાચળજીનું ચૈત્યવંદન

વિમળ કેવળ જ્ઞાન કમળા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણપંકજ, નમો આદિજીનેશ્વરં. ૧

વિમલ ગિરિવર શૃંગમંડણ, પ્રવર ગુણ ગણ ભૂધરં;
સુર અસુર કિન્નર કોડિસેવિત, નમો આદિજીનેશ્વરં. ૨

કરતી નાટક કિન્નરીગણ, ગાય જીન ગુણ મનહરં;
નિર્જરાવલી નમે અહોનિશ, નમો આદિજીનેશ્વરં. ૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ મુની મનહરં;
શ્રીવિમળ ગિરિવર શૃંગ સિદ્ધા, નમો આદિજીનેશ્વરં. ૪

નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડીનંત એ ગિરિવરં;
મુક્તિ રમણી વર્યાં રંગે, નમો આદિજીનેશ્વરં. ૫

પાતાલ નર સુર લોકમાંહી, વિમલ ગિરિવર તો પરં;
નહિ અધિક તીરથ તીર્થ પતિ કહે, નમો આદિજીનેશ્વરં. ૬

એમ વિમલ ગિરિવર શિખરમંડણ, દુઃખ વિહંડણ ધ્યાઇએ;
નિજ સુદ્ધ સત્તા સાધનાર્થે, પરમ જ્યોતિને પાઇયે. ૭

જીત મોહ કોહ વિછોડ નિદ્રા, પરમપદ સ્થિત જયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં. ૮

# સ્તવનો.

## ઋષભદેવ સ્વામીનું સ્તવન.

જગજીવન જગ વાલહો, મરૂદેવીનો નંદલાલરે,
મુખ દીઠે સુખ ઉપજે, દરિશણ અતિ આણંદ લાલરે.
જગ-૧

આંખડી અંબુજ પાંખડી, અષ્ટમી શશી સમ ભાલ લાલરે,
વદન તે શરદ ચંદલો, વાણી અતિ રસાલ લાલરે.
જગ-૨

લક્ષણ અંગે વિરાજતાં, અડહિય સહસ ઉદાર લાલરે,
રેષાંકર ચરણાદિકે, અભ્યંતર નહીં પાર લાલરે.
જગ-૩

ઈંદ્રિ ચંદ્ર રવિ ગીરી તણા,ગુણ લેઈ ઘડીઆં અંગ લાલરે,
ભાગ્ય કીહાં થકી આવીયું, અચરીજ એહી ઉતંગ લાલરે.
જગ-૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણ સઘળા અંગે કર્યા, દૂર કર્યા સવિદોષ લાલરે,
વાચક જસ વિજયે થુંણ્યો, દેજો સુખનો પોષ લાલરે.
જગ—૫.

## શ્રી આદિજીન સ્તવન.

પ્રથમ જીનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધીરે કાય;
કલ્પવૃક્ષ પરે તાસ ઈંદ્રાણી નયનજે,
ભૃંગપરે લપટાય.—૧.

રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જેહ આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ માનુ કોઇ નવિ કરે,
જગમાં તુમશું રે વાદ.—૨.

વગર ધોઇ તુજ નિર્મળી, કાયા કંચનવાન;
નહીં પ્રસ્વેદ લગાર તારે તું તેહને,
જે ધરે તાહરૂં ધ્યાન.—૩.

રાગ ગયો તુજ મનથકી, તેહમાં ચિત્ર ન કોય;
રૂધિર આમિષથી રાગ ગયો તુજ મન થકી,
દુધ સહોદર હોય.—૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શ્વાસોશ્વાસ કમળ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર નિહાર ચરમ ચક્ષુ ધણી,
એહવા તુજ અવદાત—૫

ચાર અતિશય મૂળથી, ઓગણીસ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર ચોત્રીશ એમ અતિશય,
સમવાયાંગે પ્રસિધ્ધ.—૬

જીન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એમ સમય પ્રભુ પાળજો,
જેમ થાઉં અક્ષય અભંગ.—૭

## સીદ્ધાચળજીનું સ્તવન

મારૂં મન મોહ્યુંરે શ્રી સીધ્ધાચળેરે, દેખીને હરખીત હોય,
વિધિ શું કીજેરે જાત્રા એહનીરે, ભવ ભવના દુઃખ જાયે.
—મારૂં. ૧

પંચમે આરેરે પાવન કારણેરે, એ સમો તિરથ ન કોય;
મોહોટો મહીમારે જગમાં એહનોરે, આ ભરતે અહીંઆ જોય.
—મારૂં. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ ગીરી આવ્યારે જીનવર ગણધરારે, સિધ્યા સાધુ અનંત;
કઠણ કરમ પણ એ ગીરી ફરસતાંરે, હોવે કરમ નિશાંત.
—મારૂં. ૩

જૈન ધરમ તે સાચો જાણીનેરે, માનવ તિર્થ એ સ્તંભ;
સુરીનર કિન્નર નૃપ વિદ્યા ધરારે, કરતા નાટા હો રંગ.
—મારૂં. ૪

ધનધન દહાડોરે ધન વેળા ઘડીરે, ધરીએ હૃદય મોઝાર;
જ્ઞાન વિમળ સુરી ગુણ એના ઘણાંરે, કહેતાં ન આવે પાર.
—મારૂં. ૫

## સીદ્ધાચળજીનું સ્તવન

શ્રીરે સીધ્ધાચળ ભેટવા, મુજમન અધીક ઉમાયો;
રીખવદેવ પુજા કરી, લીજે ભવતણો લાહો.–શ્રીરે–૧

મણીમય મુરત રીખવની, નીપાએ અભિરામ;
ભુવન કરાવ્યાં કનકનાં, રાખ્યાં ભરતે નામ.–શ્રીરે–૨

નેમ વિના ત્રેવીસ પ્રભુ, આવ્યા સીધ ક્ષેત્ર જાણી;
સેત્રુંજા સમો તિરથ નહીં, બોલ્યા શ્રીમંદીર વાણી.–શ્રીરે–૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુરવ નવાણું સમોસર્યા, સ્વામી રીખવ જીણંદા;
રામ પાંડવ મુગતે ગયા, પામ્યા પરમાનંદા.-શ્રીરે-૪

પુરવ પુન્ય પસાઉલે, પુંડરીકગીરી પામ્યો;
કાંતિવિજય હરખે કરી, શ્રી સીધ્ધાચળ ગાયો.-શ્રીરે-૫

## સીદ્ધાચળજીનું સ્તવન

સીધ્ધાચળગીરી ભેટયારે, ધન ભાગ્ય અમારાં;
એ ગીરીવરનો મહીમા મોટો, કહેતાં ન આવે પાર.
રાયણરીખભ સમોસર્યા સ્વામી પુરવ નવાણું વારારે.-ધન-૧

મુળ નાયક શ્રીઆદીજીનેશ્વર, ચોમુખ પ્રતિમા ચાર;
અષ્ટ દ્રવ્ય શું પુજોરે ભાવે, સમકિત મૂળ આધારારે.-ધન-૨

ભાવ ભકિત શું પ્રભુ ગુણ ગાતાં, અપના જનમ સુધારા;
જાત્રા કરી ભવીજન શુભ ભાવે, નરય તિર્યંચ ગતી વારારે.-ધન-૩

દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તોરા;
પતિત ઉધારો ને બીરૂધ તુમારો, એ તીરથ જગ સારારે.-ધન-૪

અઢારસે ત્યાસી માસ અષાડ, ને વદ આઠમ ભોમવાર;
પ્રભુકે ચરણ પસાયથી સંઘમાં, ખેમરતન પ્રભુ પ્યારારે.-ધન-૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## અજિતનાથનું સ્તવન.

પ્રીતલડી બંધાણીરે અજીત જીણંદશું,
કાંઇ પ્રભુ પાખે ક્ષણ એકે મન ન સુહાયજો;
ધ્યાનની તાલીરે લાગી નેહ શું,
જલદ ઘટા જીમ શીવ સુત વાહન દાયજો. પ્રી. ૧

નેહ ઘેલું મન મારૂંરે પ્રભુ અલજે રહે,
તન મન ધન એ કારણથી પ્રભુ મુજજો;
મારે તો આધારરે સાહીબ રાવલો, (તાહરો)
અંતરગતનું પ્રભુ આગળ કહું ગુંજજો. પ્રી. ૨

સાહીબ તે સાચોરે જગમાં જાણીએ,
સેવકના જે સહેજે સુધારે કાજજો;
એહવે ને આચરણે કેમ કરીને રહું,
બિરૂદ તુમારો તારણ તરણ જહાજજો. પ્રી. ૩

તારકતા તુજ માહરે શ્રવણે સાંભળી,
તે જાણી હું આવ્યો છું દીન દયાળજો;
તુજ કરૂણાની લહેરે રે મુજ કારજ સરે,
શું ઘણું કહીએ જાણ આગલ કૃપાળજો. પ્રી. ૪



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરૂણા દ્રષ્ટિ કીધીરે સેવક ઉપરે,
ભવ ભવ ભાવઠ ભાંગી ભક્તિ પ્રસન્નજો;
મન વંછીત ફળીઆંરે જીન આલંબને,
કર જોડીને મોહન કહે મન રંગજો. પ્રી. ૫

## શાંતીનાથનું સ્તવન

દુહો—

બે કર જોડી વિનવું, સુણ જીનવર શ્રીશાંત;
પાપ ખમાવું આપણાં, જે કીધાં એકાંત.

ઢાળ—

એકાંત કહું સુણો સ્વામી, હું તો ચરણ તુમારા પામી;
મુજમાંહે કપટ છે બોહોળો, તે સુણતાં મન થાએ દોલો;
પર છીદ્ર પ્રગટમેં કીધાં, કુડાં આળ મેં પરને દીધાં,
તેથી છોડાવો મુજ તાત, શાંતીનાથ સુણો મોરી વાત. ૧

દુહો—

ભવ અનંત ભમી આવીઓ, ચરણ તુમારે દેવ,
જેમ રાખ્યો પારેવડો, તેમ રાખો મુજ હેવ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઢાળ—

હવે એકેંદ્રી આદીક જીવ, દુહવ્યાં કરતાં અતિરીવ,
તસ લાખ ચોરાસી ભેદ, રાગ દ્વેષ પમાડયા ખેદ;
મૃષા બોલતાં નાવી લાજ, તો કેમ સરસે આતમ કાજ;
ચોરી ઈણુ ભવ પર ભવ કીધી, પર રમણી શું દ્રષ્ટિ કીધી. ૨

દુહો—

મધુબીંદુ આ સમ વિષય, સુખ દુઃખ તો મેરૂ સમાન,
માન ાવમાન ચિંતે નહીં, કરતો કોડ અજ્ઞાન.

ઢાળ—

અજ્ઞાનપણે રીદ્ધી મેલી, વ્રતબાર ભલીપેરે ભેળી,
હવે સાર કરો પ્રભુ મેરી, હું દીનરાત સેવા કરૂં તેરી;
બહુ ઉભગો છું શાંત, મુજ ટાળો ભવની ભ્રાંત,
હું માગું અવીચળ રાજ, ઇમ પ ભણે શ્રી જીનરાજ. ૩

## પાર્શ્વનાથનું સ્તવન

અંતરજામી સુણ અળવેસર, મહિમા ત્રિજગ તુમારોરે;
સાંભળીને આવ્યો હું તીરે, જન્મ મરણ દુઃખ વારો;
સેવક અરજ કરે છે રાજ અમને શીવસુખ આપો.
—સેવક. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સહુકોના મન વંછીત પુરો, ચિંતા સહુની ચુરોરે;
એવું બીરૂદ છે રાજ તુમારૂં, કેમ રાખો છો દૂરે ?
—સેવક. ૨

સેવકને વલવલતો દેખી, મનમાં મેહેર ન ધરશોરે;
કરૂણાસાગર કેમ કહેવાશો, જો ઉપકાર ન કરશો.
—સેવક. ૩

લટપટનું હવે કામ નહીં છે, પ્રત્યક્ષ દરિસણ દીજેરે;
ધુંવાડે ધીજું નહીં સાહેબ, પેટ પડયા પતીજે.
—સેવક. ૪

શ્રી સંખેશ્વર મંડણ સાહેબ, વિનતડી અવધારોરે;
કહે જીન હર્ષ મયા કરી મુજને, ભવ સાયરથી તારો.
—સેવક. ૫

## પાર્શ્વ નાથનું સ્તવન

શી ગતી થાશે અમારી હો દીનાનાથ, શી ગતી થાશે અમારી–
ઇંદ્રીને કાજે હું ઘણો ધાયો,
કર્મ કીધાં બહુ ભારી.—હો દીનાનાથ-૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ વાતે મારૂં મન લલચાયું,
એક કંચન બીજી નારી.—હો દીનાનાથ-૨

દેશ દેશાંતર હું ભમી આવ્યો,
નાઠાની નથી બારી.—હો દીનાનાથ-૩

હું હું કરતાં ગયો જન્મારો,
ભકતી ન જાણી તુમારી.—હો દીનાનાથ ૪

ભવસાગરમાં તારો દાસ બુડે છે,
શ્રી પાર્શ્વનાથ લે તારી.—હો દીનાનાથ ૫

## પાર્શ્વનાથનું સ્તવન.

પાસ તેરા નામ સુણકે, આયે શરણુ તાહેરા;
જેથી સબ દૂર જાવે, પાપ કષ્ટ માહેરા. પાસ.-૧

તેરે શીર મુગટ જોઇ, આવ્યો નીકટ તાહેરા;
અબ મેરી લાજ રખો સ્વામી છો તમે માહેરા. પાસ.-૨

બાંહે બાજુ બંધ બહેરખાથી, ભુજ શોભે તાહેરા;
અનુપમ રૂપ જોઇ, હૃદય હરખે માહેરા. પાસ.-૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રભુતોરે પાયે પડું, મેં તો ઘણા પ્રેમથી;
જેથી હું રહું છું, કુશળ ક્ષેમથી. પાસ.-૪

સુરત જૈન સુબોધક મંડળી, ગુણ ગાવે તાહેરા;
પ્રભુ તોરા દરશથી, પાપ જાવે માહેરા. પાસ.-૫.

---

## મહાવીર સ્વામીનું સ્તવન

---

ગીરૂઆરે ગુણ તુમ તણાં, વધમાન જીનરાયારે;
સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મળ થાયે કાયારે.-ગીરૂ-૧

તુમ ગુણ ગણ ગંગાજળે, હું ઝીલી નિર્મળ થાઉંરે;
અવર ન ધંધો આદરૂં, નીસદીન તોરા ગુણ ગાઉંરે.-ગીરૂ-૨

ઝીલ્યા જે ગંગાજળે, તે છીલર જળ નવી પેસેરે;
જે માલતી પુલે મોહીયા, તે બાવળ જઇ નવી બેસેરે.-ગીરૂ-૩

એમ અમે તુમ ગુણ ગોઠ શું, રંગે રાચ્યા ને વળી માચ્યારે;
તે કેમ પર સુર આદરૂં, જે પરનારી વશ રાચ્યારે.-ગીરૂ-૪

તું ગતિ તું મતિ આશરો, તું આલંબન મુજ પ્યારોરે;
વાચક જશ કહે માહરે, તું જીવ જીવન આધારોરે-ગીરૂ-૫.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## મહાવીર સ્વામીનું સ્તવન

સીધારથનારે નંદને વિનવું, વિનતડી અવધાર;
ભવ મંડપમાંરે નાટક નાચીઓ હવે મુજ દાન દેવડાવ.–સીધા. ૧

ત્રણુ રતન મુજ આપોરે તાતજી, જેમ નાવેરે સંતાપ;
દાન દેયંતારે પ્રભુ કસર કીસી, આપો પદવીરે આપ,–સીધા. ૨

ચરણુ અંગુઠેરે મેરૂ કંપાવીઓ, મોડયાં સુરનારે માન;
અષ્ટ કરમનારે ઝગડા જીતવા, દીધાં વરસીરે દાન.–સીધા. ૩

શાસન નાયક શીવ સુખદાયક, ત્રિશલા કુખે રતન;
સીધારથનોરે વંશ દીપાવીઓ, પ્રભુજી તુમે ધન્ય ધન્ય.–સીધા. ૪

વાચક શેખર કિતિવિજય ગુરૂ, પામી તાસ પસાય;
ધર્મતણે રસજીન ચોવીશમાં, વિજય વિજય ગુણુ ગાય.–સીધા. ૫

## મહાવીર સ્વામીનું સ્તવન.

વીર જીનેશ્વર સાહેબ મેરા, પાર ન લહું તેરા;
મેહરે કરી ટાળો મહારાજજી જનમ મરણુના ફેરા;
હો જીનજી અબ હું શરણે આયો. ૧

ગરભાવાસ તણા દુઃખ મોટાં, ઉંધે મસ્તકે રહીઓ;
મળમુતર માંહે લપટાણો, એવાં દુઃખ મેં સહીઆં,
હો જીનજી.-૨

નર્ક નિગોદમાં ઉપન્યો ને ચવીઓ, સુક્ષ્મ બાદર થઈઓ;
વેચાણો સુઇને અગ્રભાગે, માન તીહાં કીહાં રહીઓ,
હો જીનજી.-૩

નર્કતણી અતી વેદના ઉલસી, સહી તે જીવે બહુ;
પરમાધામીને વશ પડીઓ, તે જાણો તુમે સહુ,
હો જીનજી.-૪

તિર્યંચતણાં ભવ કીધાં ઘણેરા, વિવેક નહીં લગાર;
નિશ દીનનો વહેવાર ન જાણ્યો, કેમ ઉતરાએ પાર,
હો જીનજી.-૫

દેવતણી ગતી પુણ્યે હું પામ્યો, વિષયા રસમાં લીનો;
વૃત પચખાણ ઉદય નવી આવ્યા, તાન માન માંહે લીનો,
હો જીનજી.-૬

મનુષ્ય જન્મને ધર્મ સામગ્રી, પામ્યો છું બહુ પુણ્યે;
રાગદ્વેષમાંહે બહુ ભળીઓ, ન ટળી મમતા બુધ,
હો જીનજી.-૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક કંચનને બીજી કામીની, તે શું મનડું બાંધ્યું;
તેના ભોગ લેવાને હું શુરો, કેમ કરી જીન ધર્મ સાધું,
હો જીનજી.-૮

મનની દોડ કીધી અતી ઝાઝી, હું છું કોકજડ જેવો;
કલીકલી કલ્પ મેં જન્મ ગુમાવ્યો, પુનરપી પુનરપી તેહવો,
હો જીનજી.-૯

ગુરૂ ઉપદેશમાં હું નથી ભીનો, નાવી સદ્દહણા સ્વામી;
હવે વડાઈ જોઇએ તુમારી, ખીજમત માંહે છે ખામી,
હો જીનજી.-૧૦

ચાર ગતીમાંહે રડવડીઓ, તોએ ન સીધ્યા કાજ;
રીખવ કહે તારો સેવકને, બાંહેગ્રહ્યાની લાજ,
હો જીનજી.-૧૧

## મહાવીર સ્વામીનું સ્તવન

વીરજી સુણો એક વિનતી મોરી, વાત વિચારો તુમે ઘણીરે;
વીર મને તારો મહાવીર મને તારો, ભવજળ પાર ઉતારોનીરે,
પરિભ્રમણ મેં અંતનારે કીધાં, હજીએ ન આવ્યો છેડલોરે;
તુમે તો થયા પ્રભુ સીદ્ધ નિરંજન, અમે તો અનંતા ભવભમ્યારે.
વીર—૧

P. P. Ac. Gunratansuriji M.S.                                                    Jin Gun Aaradhak Trust

તુમે અમે વાર અનંતીરે વેળા, રમીઆ સંસારી પણેરે;
તેહ પ્રીત જો પુરણ પાળો, તો અમને તુમ સમ કરોરે.
વીર—૨

તુમ સમ અમને જોગ ન જાણો, તો કાંઇ થોડું દીજીએરે;
ભવો ભવ તુમ ચરણાની સેવા, પામી હમે ઘણું રીઝીએરે.
વીર—૩

ઇંદ્ર જાળીઓ કહેતોરે આવ્યો, ગણધર પદ તેહને દીઓરે;
અરજુંન માળી જે ધૂર પાપી, તેહને જીન તમે ઉધર્યોરે.
વીર—૪

ચંદન બાળાએ અડદના બાકુળ, પડી લાભ્યા તુમને પ્રભુરે;
તેહની સાહુણી સાચીરે કીધી, શીવ વધુ સાથે ભેળવીરે.
વીર—૫

ચંરણે ચંડકોશીઓ ડશીઓ, કલપ આઠમે તે ગયોરે;
ગુણ તો તમારા પ્રભુ મુખથી સુણીને, આવી સનમુખ હું રહ્યોરે.
વીર—૬

નિરંજન પ્રભુ નામ ધરાવો, તો સહુને સરખા ગણો રે;
ભેદ ભાવ પ્રભુ દુર કરીને, મુજ શું રમો એકમેક શું રે.
વીર—૭

મોટા વહેલા તુમહીજ તારણ, હવે વિલંબ શા કારણે રે;
જ્ઞાન તણા ભવના પાપ મીટાવો, વારી જાઉં વીર તોરા વારણેરે.
વીર—૮.

## શ્રી વીરજીન સ્તવન

નારે પ્રભુ નહીં માનું, નહીં માનુંરે અવરની આણ,
નારે-પ્રભુ.

માહરે તાહરૂં વચન પ્રમાણ, નારે-પ્રભુ.
હરિ હરાદિક દેવ અનેરા, તે દીઠા જગમાંય;
ભામિની ભરમ ભ્રકુટીયે ભૂલ્યા, તે મુજને ન સુહાય. નારે. ૧

કેઇક રાગી ને કેઇક દ્વેષી, કેઇક લોભી દેવ,
કેઇક મદ માયામાં ભરિયા, કેમ કરીએ તસ સેવ. નારે. ૨

મુદ્રાપણ તેમાં નવિ દીસે, પ્રભુ તુજ માંહેલી તિલમાત;
તે દેખી દીલડું નવિ રીઝે, શી કરવી તસ વાત. નારે. ૩

તું ગતિ તું મતિ તું મુજ પ્રીતમ, જીવ જીવન આધાર;
રાત દિવસ સ્વપ્નાંતર માંહિ, તુંહી માહારે નીરધાર. નારે. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અવગુણ સહુ ઉવેખીને પ્રભુ, સેવક કરીદે નિહાલ;
જગબંધવ એ વિનતી મારી, મારા દુઃખસવિદૂરે ટાલ. નારે. ૫

ચોવીશમા પ્રભુ ત્રિભુવન સ્વામી, સીધારથના નંદ;
ત્રિશલાજીના ન્હાનડીઆ પ્રભુ, તુમ દીઠે અતિ આનંદ. નારે. ૬

સુમતિવિજય કવિરાયનોરે, રામ વિજય કરજોડ;
ઉપગારી અરિહંતજી માહરા, ભવ ભવના બંધ છોડ. નારે. ૭

## શ્રી મહાવીરજીન સ્તવન.

તાર હો તાર પ્રભુ, તુજ સેવક ગણી,
જગતમાં એટલું સુજશ લીજે;
દાસ અવગુણ ભર્યો, જાણી પોતાતણો,
દયાનિધિ દીનપર દયાકીજે. ૧ તાર.

રાગદ્વેષે ભર્યો, મોહ વૈરી નડયો,
લોકની રીતિમાં ઘણુએ રાતો;
ક્રોધવશ ધમધમ્યો શુદ્ધગુણ નવિ રમ્યો,
ભમ્યો ભવમાંહિ હું વિષય માતો. ૨ તાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આદર્યું આચરણ, લોક ઉપચારથી,
શાસ્ત્ર અભ્યાસ પણ કાંઇ કીધો;
શુધ્ધ શ્રદ્ધાન વલિ, આત્મ અવલંબ વિણ,
તેહવો કાર્ય તેણે કો ન સીધો. ૩ તાર.

સ્વામી દરિસણ સમો, નિમિત્ત લહી નિર્મળો,
જો ઉપદાન એ સુચિ ન થાશે;
દોષ કો વસ્તુનો, અહવા ઉદ્યમતણો,
સ્વામી સેવાસહી નિકટ લાશે. ૪ તાર.

સ્વામી ગુણ ઓળખી, સ્વામીને જે ભજે,
દરિસણ શુદ્ધતા તેહ પામે;
જ્ઞાન ચારિત્ર તપ, વીર્ય ઉલ્લાસથી,
કર્મ ઝીપી વસે મુકિત ધામે. ૫ તાર

જગત વત્સલ મહાવીર જીનવર સુણી,
ચિત્ત પ્રભુ ચરણને શરણ વાસ્યો;
તારજો બાપજી, બીરૂદ નીજ રાખવા,
દાસની સેવના રખે જોશો. ૬ તાર.

વીનતી માનજો, શકિતએ આપજો,
ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે;
સાધી સાધક દશા, સિધ્ધતા અનુભવી,
દેવચંદ્ર વિમલ પ્રભુતા પ્રકાસે. ૭ તાર.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શ્રી મંદીર સ્વામીનું સ્તવન

પુખલ વઇ વિજયે જયોરે, નયરી પુંડરી ગીણીસાર;
શ્રી શ્રીમંદીર સાહેબોરે, રાય શ્રેયાંસકુમાર.
—જીણંદરાય ધરજો. ધર્મસ્નેહ-૧

મોહોટાં નાના આંતરોરે, ગીરૂઆ નવિદાખંત;
શશી દરિસણ સાયર વધેરે, કૈરવ વન વિકસંત.-જીણંદ. ૨

ઠામ કુઠામ ન લેખવેરે, જગ વરસંત જળધાર;
કર દોય કુસુમે વાસીએરે, છાયા સવી આધાર.-જીણંદ. ૩

રાય ને રંક સરિખા ગણેરે, ઉદ્યોતે શશી સુર;
ગંગાજળ તે બીહું તણાંરે, તાપ કરે સવી દુર.-જીણંદ. ૪

સરિખા સહુને તારવારે, તીમ તુમે છો માહારાજ;
મુજ શું અંતર કિમ કરોરે, બાંહે ગ્રહ્યાની લાજ.-જીણંદ. ૫

મુખ દેખી ટીલું કરેરે, તે નવી હોએ પ્રમાણ;
મુજરો માને સવી તણોરે, સાહેબ તેહ સુજાણ-જીણંદ. ૬

વૃષભ લંછન માતા સત્યકીરે, નંદન રૂકમણી કંત;
વાચક જસ એમ વિનવેરે, ભય ભંજન ભગવંત.-જીણંદ. ૭

## ગઝલ.

જીન નામ કું સમરલે, આ વખ્ત પાયા હે;
કરતા હે મેરા મેરા, અબ તેરા કોન હે.
ઉસ દમકા નહીં ભરોસા, કુછ નેકી કરલે. જી:-૧

માયા કે નિશામેં, બે હોશ કયું રહયાં;
માયા સંગ ના ચલેગી, કયા નીંદ સો રહયા. જીન-૨

રાવણ સરીખે હોગયે, જીનકે ઉડે નિશાન;
એક પલમેં લંકા છીન લીયા, અબ તેરા કયા ગુમાન જીન-૩

કહેતા હે મગનરૂપ, તુમ શમજ યાર મન;
જીન નામ નામ સચા હે, સબ જુઠા હે જતન જીન-૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સ્તુતિઓ.

## શ્રી પાર્શ્વજીન સ્તુતિ.

દ્રેંદ્રેંકિ ધપમપ ધુધુમિ, ધોંધોં ધ્રસકિ ધર ધમ ધૌવરં
દ્વાંદ્વાંકિ દાંદ્વાં દાગિડદિ દ્વાગિડદિકિ, દ્રમકી દ્રણુ રણુ દેણુવં;
ઝઝિ ઝેંકિ ઝેંઝેં ઝણુણુ રણરણુ, નિજકી નિજજન રંજનં,
સુર શૈલ શિખરે ભવતિ સુખદં, પાર્શ્વજિન પતિ મજનં. ૧

કઠરેંગિ થોંગિનિ કિટતિગિગડદ્વાં, ધુધુકિ ધુટનટ પાટવં,
ગુણુ ગણુણુ ગુણુગણુ રણુકિ ણેંણેં, ગુણુણુ ગુણુગણુ ગૌરવં;
ઝઝિ ઝેંકિ ઝેંઝેં ઝણુણુ રણરણુ, નિજકો નિજજન સજના,
કલંયંતિ કમલા કલિત કલમલ, મુકલ મીસ મહે જીના. ૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઠ્રૂકિ ઠ્રૂંકિ ઠ્રૂંઠ્રૂ ઠહ્રિ ઠહ્રિક, ઠહ્રિ પટ્ટા તાડયતે;
તલલોંકિ લોંલોં ત્રેંષિ ત્રેંષિનિ, ડંષિ ડંષિની વાદયતે;
ઉઉકિ ઉઉ થુંગિ થુંગિનિ, ધોંગિ ધોંગિનિ કલ રવે;
જીન મત મનંતં મહિમ તનુતા, મતિ સુર નર સુછવે. ૩

ધુદાંકિ ધુધુદાં ધુધુઠદિ ધુદાં, ધુધુડદિ દોંદોં અંબરે;
ચાચપટ ચચપટ રણુકિ ણેંણેં, ડણુણુ ડેંડેં ડંબરે;
તીહાં સરગમ પધુનિ નિધપમ ગરસ, સસ સસસ સુર સેવતા;
જીન નાટયરંગે કુશલમનિશં, દીસતુ સાસન દેવતા. ૪

## શ્રી શાંતિજીન સ્તુતિ

શાંતિ જીનેશ્વર સમરીયે, જેની અચિરા માય;
વિશ્વસેન કુલ ઉપન્યા, મૃગ લંછન પાય;
ગજપૂરી નયરીનો ધણી, કંચન વરણી છે કાય;
ધનુષ ચાળીસ તસ દેહડી, લાખ વરસનું આય. ૧

શાંતિ જીનેશ્વર સોળમા, ચક્રી પંચમ જાણું;
કુંથુંનાથ ચક્રી છઠ્ઠા, અરનાથ વખાણું;
એ ત્રણે ચક્રી સહી, દેખી આણંદુ;
સંજમ લેઇ મુગતે ગયા, નિત્ય ઉઠીને વંદુ. ૨



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાંતિજીનેશ્વર કેવલી, બેઠા ધર્મ પ્રકાશે;
દાન શીયળ તપ ભાવના, નરસોયે અભ્યાસે;
એરે વચન જીનજીતણા, જેણે હૈડે ધરીયાં;
સૂણતાં સમક્તિ નિર્મળાં, જેણે કેવલ વરીયા. ૩

સમેત શીખરગીરી ઉપરે, જેણે અણુસણુ કીધાં;
કાઉસગ્ગ ધ્યાન મુદ્રારહી, જેણે મોક્ષજ સિધ્યાં;
જક્ષગરૂડ સમરૂં સદા, દેવી નિરવાણી;
ભવિકજન તુમ સાંભળો, રીખવદાસની વાણી. ૪

## પજુશણુની થોય.

વરસ દીવસમાં અખાડ ચોમાસું,
તેહમાં વળી ભાદ્રવો માસ,
આઠ દીવસ અતિખાસ;
પર્વ પજુશણુ કરો ઉલ્લાસ,
અઠાઈધરનો કરો ઉપવાસ,
પોસહ લીજે ગુરૂ પાસ;
વડા કલ્પનો છઠ કરીજે,
તેહ તણું વ્યાખ્યાન સુણીજે,
ચાદ સુપન વાંચીજે;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડવેને દીને જન્મ વંચાય,
ઓછવ મોછવ મંગળ ગવાય,
વીર જીણેસર રાય. ૧
બીજને દીને દિક્ષા અધિકાર,
સાંજ સમયે નિર્વાણ વિચાર,
વીરતણો પરિવાર;
ત્રીજને દીને શ્રીપાર્શ્વ વિખ્યાત,
નેમી સરનો છે અવદાત,
વલી નવ ભવની વાત;
ચોવીશે જીન અંતર ત્રેવીશ,
આદી જીનેશ્વર શ્રી જગદીશ,
તાસ વ્યાખ્યાન સુણીશ;
ધવલ મંગલ ગીત ગહુંવલી કરીએ,
વલી પ્રભાવના નિત અનુસરીએ.
અઠમ તપ જય વરિયે. ૨
આઠ દીવસ લગે અમર પલાવો,
તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો;
સંવત્સરી દીન સાર કહેવાય,
સંઘ ચતુર્વિધ ભેળો થાય,
બારસેં સુત્ર સુણાય;

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થીરાવલી ને સમાચારી,
પંટાવલી પ્રમાદ નિવારી,
સાંભળજો નરનારી;
આગમ સુત્રને પ્રણમીશ,
કલ્પ સુત્ર સું પ્રેમ ધરીશ;
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩

સત્તર ભેદી જીન પુજા રચાવો,
નાટક કેરા ખેલ મચાવો,
વિધી શું સ્નાત્ર ભણાવો;
આંડબરસું દેહરે જઇએ,
સંવત્સરી પડીકમણું કરીએ,
સંઘ સર્વને ખામીજે;
પારણે સ્વામી વત્સલ કીજે,
યથા શકિતએ દાનજ દીજે,
પુણ્ય ભંડાર ભરી જે;
શ્રી વિજય ક્ષેમ સૂરી ગણધાર,
જસવંત સાગર ગુરૂ ઉદાર,
જીણુંદ સાગર જયકાર. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પાર્શ્વનાથની થાય

પાસ જીણંદા વામા નંદા, જબ ગરભે ફળી;
સુપના દેખે અર્થ વિશેષે, કહે મઘવા મળી;
જીનવર જાયા સુર હુલરાયા, હુયા રમણી પ્રીયે;
નેમીરાજી ચિત્ત વિરાજી, વિલોકીત વૃત લીએ.—૧

વીર એકાકી ચાર હજારે, દીક્ષાધુરે જીન પતી;
પાસને મલ્લી ત્રયશત સાથે, બીજા સહસ્ત્રે વ્રતી;
ષટ શત સાથે સંયમ ધરતા, વાસુ પુજ્ય જગધણી;
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી.—૨

જીનમુખ દીઠી વાણી મીઠી, સુર તરૂ વેલડી;
દ્રાખ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ સેલડી;
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી;
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુર વધુ ગાવતી.—૩

ગજમુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવલી;
ચાર તે બાંહી કચ્છ પવાહી, કાયા જસ શામલી;
ચઉકર પ્રૌઢા નાગારૂઢા, દેવી પદમાવતી;
સોવનકાંતિ પ્રભુ ગુણગાતી, વીર ઘરે આવતી.—૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## પચુશણની થોય

સત્તર ભેદી જીન પુજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજેજી;
ઢોલ દદામા ભેરીને ફેરી, ઝલરી નાદ સુણીજેજી;
વિરજીન આગળ ભાવના ભાવી, માનવભવ ફળ લીજેજી;
પરવ પચુશણ પુરવ પુન્યે, આવ્યા એમ જાણીજેજી.–૧

માસ પાસ વળી દસમા દુવાલસ, ચત્તારી અઠ્ઠ કીજેજી;
ઉપર વળી દસ દોય કરીને, જીન ચોવીસે પુજેજી;
વડા કલ્પનો છઠ્ઠ કરીને, વીર ચરિત્ર સુણીજેજી;
પડવેને દીન જન્મ મહોત્સવ, ધવળ મંગળ વરતીજેજી.–૨

આઠ દીવસ લગી અમર પળાવી, અઠ્ઠમનો તપ કીજેજી;
નાગકેતુની પેરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએજી;
તેલાધર દીન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજેજી;
પાસ નેમીસર અંતર ત્રીજે, રિખભ ચરિત્ર સુણીજેજી.–૩

બારસે સુત્રને સમાચારી, સંવચ્છરી પડિક્કમીએજી;
ચૈત્ય પ્રવાડી વિધિશું કીજે, સકળ જંતુને ખામીજેજી;
પારણાને દીન સ્વામી વચ્છલ, કીજે અધિક વડાઇજી;
માનવિજય કહે સકળ મનોરથ, પુરે દેવી સીધ્ધાઇજી.–૪

## જ્ઞાન પંચમીની સ્તુતિ.

શ્રીનેમિઃ પંચરૂપ, ત્રિદસ પતિકૃત, પ્રાજ્ય જન્માભિષેક,
શ્ચંચત્ પંચાક્ષમત્ત, દ્વિરદ મદભિદા, પંચ વક્ત્રોપમાનઃ;
નિર્મુક્તઃ પંચદેહ્યા, પરમ સુખમય પ્રાસ્ત કર્મ પ્રપંચઃ,
કલ્યાણં પંચમી સત, તપસિ વિતનુતાં પંચમ જ્ઞાનવાન્વઃ-૧

સંપ્રોણન્ સચ્ચકોરાન્ શિવતિલક સમઃ કૌશિકાનંદ મૂર્તિઃ;
પુણ્યાબ્ધિ પ્રીતિદાયી સિત રૂચિ રીવય ગોભિસ્ત માંસિ;
સાંદ્રાણિ ધ્વંસમાન, સકલ કુવલયોલ્લાસ મુચ્ચૈશ્ચકાર,
જ્ઞાનં પુષ્પાજ્જીનૌઘ, સતપસિ ભવિનાં, પંચમી વાસરસ્ય.-૨

પીત્વા નાનાભિધાર્થા, મૃતરસ મસમં, યાંતિ યાસ્યંતિ જગ્મુ,
જીવા યસ્માદનેકે, વિધિ વદ મરતાં, પ્રાજ્ય નિર્વાણ પૂર્યામ્;
યાત્વા દેવાધિ દેવા, ગમ દશમ સુધા, કુંડમાનંદ હેતુ,
સ્તત્ પંચમ્યા સ્તપસ્યુ. દ્યતવિશ દધિયાં, ભ:વિના મસ્તુનિત્યં-૩

સ્વર્ણાલંકાર વલ્ગન્ મણિ કિરણ ગણ ધ્વસ્ત નિત્યાંધકારા,
હુંકારા રાવ દૂરી કૃત સુકૃત જનવ્રાત વિઘ્ન પ્રચારા;
દેવીશ્રી અંબિકાખ્યા, જીનવર ચરણાં ભોજ ભૃંગી સમાના,
પંચમ્યહ્નસ્તપોર્થં, વિતરૂતુ કુશલં, ધીમતાં સાવધાના.-૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સઝ્ઝાયો

## —: કર્મ પચીશીની સઝાય. :—

દેવ દાનવ તિર્થંકરગણ ધર, હરિહર નર વર સબળા;
કર્મ સંજોગે સુખ દુઃખ પામ્યા, સબળા હુવા મહા નિબળા,
રે પ્રાણી કર્મ સમો નહીં કોય.
કીધાં કર્મ ભોગવ્યાવિના, છુટકબારો ન હોય.
રે પ્રાણી કરમ.-૧

આદીશ્વરને અંતરાય વિટંબ્યો, વર્ષ દીવસ રહ્યા ભૂખે;
વીરને બાર વરસ દુઃખ દીધું, ઉપન્યા બ્રાહ્મણી કૂખે.
રે પ્રાણી કરમ.-૨

સાઠ હજાર સુત એક દીનમુઆ, સામંત સૂરા જેસા;
સાગર હુવો મહાપુત્રે દુઃખીઓ, કરમતણાં ફળ એસા.
રે પ્રાણી કરમ.-૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બત્રીશ હજાર દેશોનો સાહેબ, ચક્રી સનત કુમાર;
સોળ રોગ શરીરે ઉપન્યા, તેને કર્મે કીધો ખુવાર.
રે પ્રાણી કરમ.–૪

સુભુમ નામે આઠમો ચક્રી, કર્મે સાયરમાં નાંખ્યો;
સોળ સહસ્ર યક્ષે ઉભાં દીઠો, પણ કીણહી નવો રાખ્યો.
રે પ્રાણી કરમ.–૫

બ્રહ્મદત્ત નામે બારમો ચક્રી, કર્મે કીધો રે અંધો;
એમ જાણી પ્રાણી વીણકામે, કર્મ કોઇ મત બંધો.
રે પ્રાણી કરમ.–૬

વીશ ભુજા દશ મસ્તક હુંતા, લક્ષ્મણે રાવણ માર્યો;
એકલડે જગ સહુને જીત્યો, તે પણ કર્મથી હાર્યો.
રે પ્રાણી કરમ–૭

લક્ષ્મણ રામ મહા બળવંતા, વળી સત્યવંતી સીતા;
બાર વરસ લગે વનમાંહે ભમીઆ, વિતક તસ બહુ વિત્યા.
રે પ્રાણી કરમ–૮

છપન કોટી જાદવનો સાહેબ, કૃષ્ણ મહા બળી જાણી;
અટવી કોસંબીમાં એકલો મુઓ, વલવલતો વિણ પાણી.
રે પ્રાણી કરમ–૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાંચ પાંડવ મહા જુગારા, હારી દ્રૌપદી નારી;
બાર વરસ લગે વન દુઃખ દીઠાં, ભમીઆ જેમ ભીખારી.
રે પ્રાણી કરમ–૧૦

સતીય સીરોમણી દ્રૌપદી કહીએ, પાંચ પુરૂષની નાર;
સુકુમાળીકા ભવે બાંધ્યું નીયાણું, પામી પાંચ ભરથાર.
રે પ્રાણી કરમ–૧૧

કર્મે હલકો કીધો હરીચંદને, વેચી તારા રાણી;
બાર વરસ લગે માથે આણ્યું, ડુંબ તણે ઘેર પાણી.
રે પ્રાણી કરમ–૧૨

દધીવાહન રાજાની બેટી, ચાવી (જાહેર) ચંદન બાળા;
ચૌપદની પેરે ચૌટે વેચાણી, કર્મ તણા એ ચાળા.
રે પ્રાણી કરમ–૧૩

સમકીત ધારી શ્રેણીક રાજા, બેટે બાંધ્યો મુસકે;
ધર્મી નરપતિ કર્મે દબાણા, કર્મથી જોર ન કીસકે.
રે પ્રાણી કરમ–૧૪

ઇશ્વર ને પાર્વતી રાણી, કર્ત્તા પુરૂષ કહેવાય;
અહોનિશ શમશાન માંહે વાસો, ભિક્ષા ભોજન ખાય.
રે પ્રાણી કરમ–૧૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સહસ્ર કીરણુ સૂરજ પ્રતાપી, રાત દિવસ ફરે ભમતો;
સોળ કળા શશી હર જગ જાઓ, દીન દીન જાયે ઘટતો.
રે પ્રાણી કરમ.–૧૬

નળરાજા પણ જુવટે રમતાં, અરથ ગરથ રાજ્ય હાર્યો;
બાર વરસ લગે વનદુઃખ દીઠા, તેને કર્મે ભમાડયો.
રે પ્રાણી કરમ.–૧૭

સુદર્શનને સૂળીએ દીધો, મુંજરાયે માગી ભીખ;
તમસ ગુફા મુખ કોણીક બળીઓ, માની ન કોઈની શીખ.
રે પ્રાણી કરમ.–૧૮

ગજ મુનીના શીર ઉપર સગડી, સાગર દત્ત બળ્યું શીશ;
મેતારજ વાધરે વિંટાણાં, ક્ષણુ ન આણી રીશ.
રે પ્રાણી કરમ.–૧૯

પાંચસે સાધુ ઘાણીમાં પીલ્યા, રોશ ન આણ્યો લગાર;
પૂર્વ કર્મે ઢંઢણુ રૂષીને, ષટ માસ ન મળ્યો આહાર.
રે પ્રાણી કરમ.–૨૦

ચૌદ પુરવધર કર્મતણે વશ, પડયા નિગોદ મઝાર;
આદ્ર કુમાર ને નંદી ખેણુ, ફરી વાસ્યો ઘરબાર.
રે પ્રાણી કરમ.–૨૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કળાવતીના કર છેદાણાં, સુભદ્રા પામી કલંક;
મહાબળ મુનીનું ગાત્ર પ્રજાળ્યું, કર્મ તણા એ વંક.
રે પ્રાણી કરમ.—૨૨

દ્રૌપદી હેતે પદ્મનાભનું, ફેડ્યું કૃષ્ણે ઠામ;
વીરને કાને ખીલા ઠોકાણાં, પગે રાંધી ખીર તામ.
રે પ્રાણી કરમ.—૨૩

કર્મથી નાઠા જાય પાતાળે, પેસે અગની મોઝાર;
મેરૂ શીખર ઉપર ચઢે પણ, કર્મ ન મુકે લગાર.
રે પ્રાણી કરમ.—૨૪

એવાં કર્મ જીત્યાં નરનારી, તે પોહોત્યાં શીવ ઠાય;
પ્રભાતે ઉઠી નિત નિત વંદો, ભકતી તેહના પાય.
રે પ્રાણી કરમ.—૨૫

એમ અનેક નર ખંડયા કર્મે, ભલભલેરાં જે સાજ;
ઋષિ હરખ કરજોડીને કહે, નમો નમો કર્મ મહારાજ.
રે પ્રાણી કરમ.—૨૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## —: મન ભમરાની સઝાય. :—

ભૂલ્યો મન ભમરા તું કયાં ભમ્યો, ભમ્યો દીવસને રાત;
માયાનો બાંધ્યો પ્રાણીઓ, ભમે પરીમળ જાત.
ભૂલ્યો.-૧

કુંભ કાચો ને કાયા કારમી, તેહની કરોરે જતન;
વિણસંતા વાર લાગે નહીં, નિર્મળ રાખોરે મન.
ભૂલ્યો.-૨

કેના છોરૂ ને કેના વાછોરૂ, કેહના માય ને બાપ;
અંત સમયે જાવું એકલા, સાથે પુણ્યને પાપ.
ભૂલ્યો.-૩

આશા તો ડુંગર જેવડી, મરવું પગલાંરે હેઠ;
ધન સંચી સંચી કાંઈ કરો, કરો દેવની વેઠ.
ભૂલ્યો.-૪

ધંધો કરી ધન મેળવ્યું, લાખાં ઉપર કોડ;
મરણની વેળા માનવી, લીધો કંદોરો છોડ.
ભૂલ્યો.-૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મૂરખ કહે ધન માહેરૂં, ધોખે ધાન્ય ન ખાય;
વસ્ત્ર વિના જઇ પોઢવું, લખપતિ લાકડામાય.
ભૂલ્યો.-૬

ભવસાગર દુ:ખ જળે ભર્યો, તરવો છેરે તેહ;
વચમાં ભય સબળો થયો, કર્મ વાયરો ને મેહ.
ભૂલ્યો-૭

લખપતિ છત્રપતિ સબ ગયા, ગયા લાખ બે લાખ;
ગર્વ કરી ગોખે બેસતાં, સર્વ બળી થયા રાખ.
ભૂલ્યો-૮

ધમણુ ધુખંતી રે રહી ગઇ, બુજ ગઇ લાલ અંગાર;
એરણુ કો ઠબકો મટયો, ઉઠ ચાલ્યોરે લુહાર.
ભૂલ્યો-૯

ઉવટ મારગ ચાલતાં, જાવું પેલેરે પાર;
આગળ હાટ ન વાણીઓ, સંબળ લેજો રે સાર.
ભૂલ્યો-૧૦

પરદેશી પરદેશમાં, કુણુ શું કરશો રે સ્નેહ;
આયા કાગળ ઉઠ ચલ્યા, ન ગણે આંધી ને મેહ.
ભૂલ્યો-૧૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કેઈ ચાલ્યા ને કેઇ ચાલશે, કેઈ ચાલણ હાર,
કેઈ બેઠારે બુઠા બાપડા, જાયે નરક મોઝાર.
ભૂલ્યો–૧૨

જીણ ઘર નોબત બાજતી, થાતા છત્રીસે રાગ;
ખંડેર થઇ ખાલી પડયા, બેઠણ લાગા છે કાગ.
ભૂલ્યો–૧૩

ભમરો આવ્યો રે કમળમાં, લેવા કમળનું ફૂલ;
કમળની વાંછાએ માંહે રહયો, જેમ આથમતે સૂર.
ભૂલ્યો–૧૪

સદગુરૂ કહે વસ્તુ વહોરીએ, જે કાંઈ આવે રે સાથ,
આપણો લાભ ઉગારીએ, લેખું સાહીબ હાથ.
ભૂલ્યો–૧૫

## પાંચમાં આરાની સઝાય.

વીર કહે ગઉતમ સુણો, પાંચમાં આરાના ભાવરે,
દુઃખીઆ પ્રાણી અતિ ઘણા, સાંભળ ગઉતમ સ્વભાવરે.
—વીર. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શહેર હોશે તે ગામડાં, ગામ હોશે શમશાનરે,
વીણુ ગોવાળે ધણુ ચરે, જ્ઞાન નહીં નિરવાણુરે.
—વીર. ૨

મુજ કેડે કુમતી ઘણાં, હોશે તે નીરધારરે,
જીન મતની રૂચી નવી ગમે, થાપશે નીજ મતી સારરે.
—વીર. ૩

કુમતી ઝાઝા કદાગ્રહી, થાપશે આપણા બોલરે,
શાસ્ત્ર મારગ સવી મુકશે, કરશે નીજ મત મોલરે.
—વીર. ૪

પાખંડી ઘણા જાગશે, ભાંગશે ધરમના પંથરે,
આગમ મત મરડી કરી, કરશે નવા વલી ગ્રંથરે.
—વીર. ૫

ચારણીની પેરે ચાળશે, ધર્મ ન જાણે લેશરે,
આગમ શાખાને ટાળશે, પાળશે નીજ ઉપદેશરે.
—વીર. ૬

ચોર ચરડ બહુ જાગશે, બોલી ન પાળે બોલરે,
સાધુજન સીદાયશે, દુર્જન બહુલા મોલરે.
—વીર. ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા પ્રજાને પીડશે, હીંડશે નિરધન લોકરે,
માગ્યા ન વરસશે મેહુલા, મિથ્યાત્વ હોશે બહુ થોકરે.
—વીર. ૮

સંવત ઓગણીશ ચઉદોતરે, હોશે કલંકી રાયરે,
માતા બ્રાહ્મણી જાણીએ, બાપ ચંડાળ કહેવાયરે.
—વીર. ૯

છયાસી વરશનું આઉખું, પાડલીપુરમાં હોશેરે,
તસ સુત દત નામે ભલો, શ્રાવક કુલ શુભ પોષેરે.
—વીર. ૧૦

કૌતુકી દામ ચલાવશે, ચર્મ તણા તે જોયરે,
ચોથ લેશે ભીક્ષા તણી, મહા આકરા કર હોયરે.
—વીર. ૧૧

ઇંદ્ર અવધિએ જોયતાં, દેખશે એહ સ્વરૂપરે,
દ્વીજ રૂપે આવી કરી, હણશે કલંકી ભૂપરે.
—વીર. ૧૨

દત્તને રાજ્ય થાપી કરી, ઇંદ્ર સુરલોકે જાયરે,
દત્ત ધર્મ પાળે સદા, ભેટશે શેત્રુંજા ગીરીરાયરે.
—વીર. ૧૩



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૃથ્વી જીન મંડીત કરી, પામશે સુખ અપારરે,
દેવ લોકે સુખ ભોગવે, નામે જય જયકારરે.
—વીર. ૧૪

પાંચમાં આરાને છેડલે, ચતુર્વિધ સંગ હોશેરે,
છઠ્ઠો આરો બેસતાં, જીન ધરમ પહેલો જાશેરે.
—વીર. ૧૫

બીજે અગ્ની જાગશે, ત્રીજે રાય ન કોયરે,
ચોથે પ્રહરે લોપના, છઠ્ઠે આરે તે હોયરે. ૧૬

દુહો.

છઠ્ઠે આરે માનવી, બીલ વાસી સવી હોય,
વીશ વરસનું આઉખું, ષટ વષે ગર્ભજ હોય. ૧૭
સહસ ચોરાસી વર્ષ પણે, ભોગવશે સવીકર્મ,
તિર્થંકર હોશે ભલો શ્રેણીક જીવ સુધર્મ. ૧૮
તસ ગણધર અતિ સુંદરૂ, કુમારપાળ ભૂપાળ,
આગમ વાણી જોઇને, રચીઆં રયણ રસાળ. ૧૯
પાંચમાં આરાના ભાવ એ, આગમે ભાખ્યાં વીર;
ગ્રંથ બોલ વીચાર કહ્યા, સાંભળજો ભવી ધીર. ૨૦
ભણતાં સમકીત સંપજે, સુણતાં મંગલ માલ;
જીન હર્ષે કરી જોડએ, ભાખ્યા વયણ રસાળ. ૨૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## બાહુબળીજીની સઝાય.

રાજ તણારે અતિ લોભીઆ, ભરત બાહુબળી ઝુઝેરે,
મુઠી ઉપાડીરે મારવા, બાહુબળી પ્રતિ બુઝેરે,
વીરા મારા ગજ થકી ઉતરો, ગજ ચઢે કેવળ ન હોયરે. ૧

રૂષભદેવ તીહાં મોકલે, બાહુ બળીજીની પાસેરે,
બંધવ ગજ થકી ઉતરો, બ્રાહ્મી સુંદરી એમ ભાખેરે.
—વીરા. ૨

લોચ કરીને ચારીત્ર લીઓ, વળી આવ્યો અભિમાનરે,
લઘુ બંધવ વંદુ નહીં, કાઉસગ્ગ રહ્યા શુભ ધ્યાનરે.
—વીરા. ૩

વરસ દીવસ કાઉસગ્ગ રહ્યા, શીત તાપથી સુકાણાંરે,
પંખીડે માળા ઘાલીઆ, વેલડીએ વીટાણાંરે,
—વીરા. ૪

સાંધવીના વચન સુણી કરી, ચમક્યો ચીત મઝારરે,
હય ગય રથ સઉ પરી હર્યા, વળી આવ્યો અહંકારરે.
—વીરા. ૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વૈરાગે મન વાળીઉં, મૂકયો નીજ અભિમાનરે,
પગ ઉપાડયોરે વાંદવા, ઉપન્યું કેવળ જ્ઞાનરે.
—વીરા. ૬

પહોંચ્યા તે કેવળી પરખદા, બાહુબળી મુનીરાયરે,
અજરામર પદવી લહી, સમય સુંદર વંદે પાયરે.
—વીરા. ૭

## ક્રોધની સઝાય.

કડવાં ફળ છે ક્રોધના, જ્ઞાની એમ બોલે;
રીસ તણો રસ જાણીએ, હળાહળ તોલે. કડવાં. ૧

ક્રોધે ક્રોડ પુરવ તણું, સંજમ ફળ જાય;
ક્રોધ સહીત તપ જે કરે, તે તો લેખે ન થાય. કડવાં. ૨

સાધુ ઘણો તપીયો હતો, ધરતો મન વૈરાગ;
શીષ્યના ક્રોધ થકી થયો, ચંડકોસીઓ નાગ. કડવાં. ૩

આગ ઉઠે જે ઘર થકી, તે પહેલું ઘર બાળે,
જળનોજોગ જો નવી મળે,તો પાસેનું પરજાળે. કડવાં. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ક્રોધ તણી ગતિ એહવી, કહે કેવલ નાણી;
હાણ કરે જે હેતની, જાળવજો એમ જાણી. કડવાં. ૫

ઉદયરત્ન કહે ક્રોધને, કાઢજો ગળે સાહી;
કાયા કરજો નીરમળી, ઉપશ્ન નરસ નાંહી. કડવાં. ૬

## વૈરાગની સઝાય.

કાં નવી ચીંતે હો ચીતમે જીવડા, આયુગળે દીનરાત,
વાત વિચારીરે પુરવ ભવ તણી, કુણ કુણ તાહરીરે જાત.
—કાં નવી. ૧

તું મત જાણરે એ સહુ માહરા, કુણ માત કુણ ભ્રાત,
આપ સ્વારથ એ સહુ મળ્યા, મકર પરાઈરે વાત.
—કાં નવી. ૨

દોહીલો દીસેરે ભવ માણસ તણો, શ્રાવક કુલ અવતાર,
પ્રાપ્તિ પૂરીરે ગુરૂ ગીરવા તણી, નહીં તુજ વારોરે વાર.
—કાં નવી. ૩

પુણ્ય વિહુણોરે દુઃખ પામે ઘણું, દોષ દીએ કીરતાર,
આપ કમાઈએરે પુરવ ભવ તણી, નવી સંભારે ગમાર.
—કાં નવી. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કઠીણ કરમનેરે અહનીશ તું કરે, જેહના સબળ વિપાક,
હું નવી જાણુંરે કુણ ગતી તાહરી, તે જાણે વિતરાગ.
—કાં નવી. ૫

તુંજ દેખતાંરે જો ને તે જીવડા, કેઇ કેઇ ગયા નર નાર,
એમ જાણીનેરે નિશ્ચે જાયવું, ચેતન ચેતો ગમાર.
—કાં નવી. ૬

સુખ પામ્યારે બહુ રમણી તણાં, અનંત અનંતિરે વાર,
લબ્ધ કહેરે જો જીનશું રમે, તો સુખ પામે અપાર.
—કાં નવી. ૭

## સુબાહુ કુમારની સઝાય.

હવે સુબાહુ કુંવર એમ વિનવે,
હમે લેશું સંજમ ભાર. માડી મોરીરે.

મા મે' વીર પ્રભુની વાણી સાંભળી,
તેથી મે' જાણ્યો અથીર સંસાર; માડી મોરીરે.
હવે હું ન રાચું આ સંસારમાં. ૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાયા.......તુજ વિના સુના મંદીર માળીયાં,
તુજ વિણુ સુનો સંસાર; જાયા મોરારે
જાયા........માણેક મોતીની મુદ્રિકા,
કાંઇ રિદ્ધિ તણો નહીં પાર; જાયા મોરારે
તુજ વિણુ ઘડીએ ન નિસરે. ૨

હાંરે........માતા તન ધન જોબન કારમું,
કારમો કુટુંબ પરિવાર; માડી મોરીરે
કારમાં કુટુંબમાં કુણુ રહે,
મેં તો જાણ્યો અથીર સંસાર. માડી મોરીરે
હવે હું ન રાચું આ સંસારમાં. ૩

જાયા........વનમાં તો તું રહે એકીલો,
કોણુ કરે તારી સહાય; જાયા મોરારે
જાયા.......બાવીસ પરી સહ જીતવા,
હાંરે.......ચારિત્ર ખાંડાની ધાર. જાયા મોરારે
તુજ વિણુ ઘડીએ ન નિસરે. ૪

માતા વનમાં તો રહે મૃગ એકીલો,
તેની કોણું કરે છે સંભાળ; માડી મોરીરે
વન મૃગલાંની પેરે વિચરશું,
એકલડા નીરધાર. માડી મોરીરે
હવે હું ન રાચું આ સંસારમાં. ૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાયા........શીયાળે શીત બહુ પડે,
હાંરે........ઉનાળે લુ વાય; જાયા મોરારે
જાયા........વરસા લોચની દોહીલો;
હાંરે........કાંઇ ઘડીએ વરસ સો જાય. જાયા મોરારે
તુજ વિણુ ઘડીએ ન નિસરે. ૬

માતા નરક નિગોદમાં હું ભમ્યો,
હાંરે........અનંત અનંતી વાર; માડી મોરીરે
છેદન ભેદન મેં સહ્યાં,
તે તો કહેતાં ન આવે પાર. માડી મોરીરે
હવે હું ન રાચું આ સંસારમાં. ૭

માતા સાયર જળ પીધાં ઘણાં,
વળી પીધાં માયના સ્થાન; માડી મોરીરે
તૃપ્તિ ન પામ્યો પ્રાણીઓ,
હાંરે........અથીર વિષયની સાથ. માડી મોરીરે
હવે હું ન રાચું આ સંસારમાં. ૮

જાયા........પાંચસેં પાંચસેં નારીઓ,
રહેવા પાંચસેં પાંચસેં મહેલ; જાયા મોરારે
જાયા........ઉત્તમ કુળની ઉપની,
વળી રૂપે છે રંભા સમાન. જાયા મોરારે
તુજ વિણુ ઘડીએ ન નિસરે. ૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતા ઘરમાં નીકળે એક નાગિણી,
સુખે નિદ્રા ન આવે લગાર; માડી મોરીરે
તો પાંચસેં નાગિણીમાં કેમ રહી શકું,
મારૂં મનડું આકુળ વ્યાકુળ થાય. માડી મોરીરે
હવે ન રાચું આ સંસારમાં. ૧૦

જાયા........એટલા દીવસ હું તો જાણુતી,
રમાડીશ વહુરોનાં બાળ; જાયા મોરારે
જાયા........દીવસ અટારોરે આવીઓ,
તું લે છે સંજમ ભાર. જાયા મોરારે
હવે હું ન રાચું આ સંસારમાં. ૧૧

હવે પાંચસેં નારીઓ એમ વિનવે,
તેમાં વડેરી કરેરે જુવાબ; વાલમ મોરારે
સ્વામી.....તમે તો સંજમ લેવા સંચર્યા,
હાંરે.......અમને કવણુ આધાર. વાલમ મોરારે
વાલમ વિના કેમ રહી શકું. ૧૨

માતા પરદેશી આવે કોઇ પરૂણુલો,
તે ફરી ભેગો થાય ન થાય; માડી મોરીરે.
તેમ માનવ ભવ છે દોહિલો,
તે ધર્મ વિના દુર્ગતિ જાય. માડી મોરીરે.
હવે હું ન રાચું આ સંસારમાં. ૧૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાંરે.......માત પીતા ભાઇ બેનડી,
સૌ કુટુંબ તણો પરિવાર; માડી મોરીરે.
તે તો........અંત સમય અળગો રહે,
એક જૈન ધર્મ તરણ તારણહાર. માડી મોરીરે
હવે હું ન રાચું આ સંસારમાં. ૧૪

માતા કાચી તે કાયા કારમી,
તે........સડી પડી વિણસી જાય; માડી મોરીરે.
હાંરે........જીવ જાયે ને કાયા પડી રહે,
તે તો.......મુવા પછી બાળી કરે રાખ. માડી મોરીરે
હવે હું ન રાચું આ સંસારમાં. ૧૫

હવે ધારણી માતા એમ ચિંતવે,
આ પુત્ર ન રહે સંસાર; ભવિક જનોરે
હાંરે.......એક દિવસ રાજ ભોગવો,
સંજમ લીધું મહાવીર પાસ. ભવિક જનોરે
સોભાગી કુંવર સંજમ આદરે. ૧૬

હાંરે........તપ જપ સંજમ આદરી,
આરાધી ગયો દેવલોક; ભવિક જનોરે
હાંરે........પંદર ભવ પુરા કરી,
માહા વિદેહ ક્ષેત્રમાં જાશે મોક્ષ. ભવિક જનોરે
સોભાગી કુંવર સંજમ આદરે. ૧૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાંરે........વિપાક સુત્રમાં ભાખીઉં,
બીજા સુત્ર અખંડ મોઝાર. ભવિક જનોરે
પ્રથમ અધ્યયને એ કહ્યું,
સુત્ર વિપાકે અધિકાર. ભવિક જનોરે
સોભાગી કુંવરે સંજમ આદર્યો. ૧૮

## ઈલાચી પુત્રની સઝાય.

નામ ઈલાપુત્ર જાણીએ, ધનદત્ત શેઠનો પુત્ર;
નટવી દેખી તે મોહીઓ, નવિ રાખ્યું ઘરનું સુત્ર.
કરમ ન છૂટેરે પ્રાણીઆ.

કરમ ન છૂટેરે પ્રાણીઆ, પૂરવ નેહી વિકાર;
નીજ કુળ છંડોરે નટ થયો, નાવી શરમ લગાર. કરમ. ૨

માતા પિતા કહે પુત્રને, નટ નવી થઈ એ જાત;
પુત્ર પરણાવુંરે પદમણી, સુખ વિલસો સંઘાત. કરમ. ૩

કહેણુ ન માન્યું તાતનું, પૂરવ કર્મ વિશેષ;
નટ થઈ શીખ્યો નાચવા, ન મટે લખ્યારે લેખ. કરમ. ૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઈકપુર આવ્યારે નાચવા, ઉંચો વંશ વિસેષ;
તીહાં રાય જોવાને આવીઓ, મળીઆં લોક અનેક. કરમ. ૫

ઢોલ વજાવેરે નટવી, ગાવે કિન્નર સાદ;
પાયતળ ઘૂઘરા ઘમઘમે, ગાજે અંબર નાદ. કરમ. ૬

દોય પગ પહેરીરે પાવડી, વંશ અડયો ગજગેલ;
નોધારો થઈ નાચતો, ખેલે નવ નવા ખેલ. કરમ. ૭

નટવી રંભારે સારીખી, નયણે દેખેરે જામ;
જો અંતે ઉરેમાં એ રહે, જનમ સંફળ મુજતામ. કરમ. ૮

તવ તિહાં ચિંતેરે ભૂપતિ, લુબ્ધયો નટવીની સાથ;
જો નટ પડેરે નાચતો, તો નટવી કરૂં મુજ હાથ. કરમ. ૯

કર્મ વશેરે હું નટ થયો, નાચું છુંરે નિરાધાર;
મન નવી માનેરે રાયનું, તો કોણ કરવો વિચાર. કરમ. ૧૦

દાન ન આપેરે ભૂપતિ, નટે જાણી તે વાત;
હું ધન વાંછુંરે રાયનું, રાય વંછે મુજ ઘાત. કરમ. ૧૧

દાન લઉં જો હું રાયનું, તો મુજ જીવીત સાર;
એમ મનમાંહે ચીંતવી, ચઢીઓ ચોથીરે વાર. કરમ. ૧૨

થાળ ભરી શુધ્ધ મોદકે, પદમણી ઉભી છે બહાર;
લ્યો લ્યો કહે છે લેતા નથી, ધન્ય ધન્ય મુનીઅવતાર. કરમ. ૧૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એમ તિહાં મુની વહોરતાં, નટે પેખ્યા મહાભાગ;
ધિગ્ ધિગ્ વિષયારે જીવને, એમ નટ પામ્યો વૈરાગ. કરમ. ૧૪

સંવર ભાવેરે કેવળી, થયો તે કર્મ ખપાય;
કેવળ મહીમારે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય. કરમ. ૧૫

## સ્થૂળીભદ્રજીની સઝાય.

શ્રી સ્થૂળીભદ્ર મુનીગણમાંહે શીરદાર જો.
ચોમાસું આવ્યા કોશ્યા આગાર જો.
ચિત્રામણ શાળાએ તપ જપ આદર્યા જો. ૧

ગુણીકા– આદરિયાં વ્રત આવ્યા છો અમ ગેહજો.
સુંદરી સુંદર ચંપક વરણી દેહ જો.
અમ તુમ સરિખો મેળો આ સંસારમાં જો. ૨

સ્થૂળીભદ્ર–સંસારે મેં જોયું સકળ સ્વરૂપ જો.
દર્પણની છાયામાં જેવું રૂપજો.
સુપનાની સુખલડી ભુખ ભાંગે નહીં જો. ૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણીકા– ના કહેશો તો નાટક કરશું આજજો,
બાર વરસની માયા છે મુનીરાજજો,
તે છોડી કેમ જાઉં હું આશા ભરીજો. ૪

સ્થૂળીભદ્ર– આશા ભરિઓ ચેતન કાળ અનાદિજો.
ભમીયો ભવમાં હીણુ થયો પરમાદીજો.
ના જાણી મેં સુખની કરણી જોગનીજો. ૫

ગુણીકા– જોગી તો જંગલમાં વાસો વસીઆજો.
વેશ્યાને મંદિરીયે ભોજન રસીઆજો.
તુમને દીઠા એવા સંજમ સાધતાજો. ૬

સ્થૂળીભદ્ર– સાધશું સંજમ ઈચ્છારોધ વિચારીજો.
કુરમાં પુત્ર થયા જ્ઞાની ઘરબારીજો.
પાણી માંહે પંકજ કોરૂં જાણીએ જો. ૭

ગુણીકા– જાણી એતો સઘળી તુમારી વાતજો.
મેવા મીઠા રસવંતા બહુ જાતજો.
અંબર ભુષણ નીતનીત નવલાં લાવતાંજો. ૮

સ્થૂળીભદ્ર– લાવતાં તો તું દેતી આદરમાનજો.
કાયા જાણું સંધ્યા રંગ સમાનજો.
ઠાલી તે શું કરવી એવી પ્રિતડી જો. ૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણીકા– પ્રિતલડી કરતા તે રંગભર સેજનો.
રમતાં ને દેખાડતાં ઘણું હેતનો.
રીસાવી મનાવી મુંજને સાંભરેનો. ૧૦

સ્થૂળીભદ્ર– સાંભરે તો મુનિવર મનડું વાળેજો.
ઢાંકયો અગ્નિ ઉઘાડયે પરજાળેજો.
સંયમ માંહે એછે દુષણ મોટકુંનો. ૧૧

ગુણીકા– મોટકું આવ્યું રાજા નંદનું તેડુંનો.
જાતાં ન વહે કાંઇ તુમારૂં મનડુંનો.
મેં તો તુમને કોલ કરીને મોકલ્યાનો. ૧૨

સ્થૂળીભદ્ર– મોકલ્યા તો મારગમાંહે મળીયાંજો.
સંભૂતિ આચારશ જ્ઞાને બળીઆનો.
સંયમ દીધું સમકિત તેણે શીખવ્યુંનો. ૧૩

ગુણીકા– શીખવ્યું તો કહી દેખાડો અમનેનો.
ધર્મ કરંતાં પુણ્ય વડેરૂં તમનેનો.
સમતાને ઘેર આવી વેશ્યા એમ વદેનો. ૧૪

સ્થૂળીભદ્ર– વદે મુનિવર શંકાનો પરિહારજો.
સમકિત મૂળે શ્રાવકના વ્રત બારજો.
પ્રાણાતિપાતાદિક સ્થૂળે ઉચ્ચરેનો. ૧૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણીકા- ઉચ્ચરે તો વીત્યું છે ચોમાસુંજો.
આણા લેઇને ગુરૂની પાસજો.
શ્રુતનાણી કહેવાણાં ચૌદ પુરવીજો. ૧૬

સ્થૂળીભદ્ર- પુરવી થઇને તાર્યા પ્રાણી થોકજો.
ઉજ્વળ ધ્યાને તેહ ગયા દેવ લોકજો.
ઋષભ કહે નિત્ય તેહને કરીએ વંદનાજો. ૧૭

## રાજુલને રથનેમિની સઝાય.

રાજુલ- ધિગ મુનિ ધિગ તુમને, ધિગ તુમારા વેણજી;
ચારિત્ર તુમારૂં એળે ગયું, કુડાં તમારાં કેણજી;
મોહરે ઉતારો મુનીરાજજી-૧

માતા પિતા કુળ બોળીઉં, બોળ્યું ચારિત્ર આજજી;
વિષય કારણ મોહ લાવીઆ, કુડાં કૃત્યને કાજજી;
મોહરે ઉતારો મુનીરાજજી-૨

રથનેમિ-તપ જપ કરવો છોડી દ્દીયો રાણી રાજુલ નારજી;
સંસારનાં સુખ ભોગવો, કરો સફળ અવતારજી;
પ્રીતિરે ધરો મુજથી પ્રેમદા-૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેવા ફળ પુલ લાવતો, હું તમારે આવાસજી;
હોંશ ધરીને લેતાં તમે, તેથી થઇ બહુ આસજી;
પ્રીતિરે ધરો મુજથી પ્રેમદા—૪

રાજુલ– વસ્ત્ર ભૂષણ લીધાં પ્રોતથી, જાણી દેવર જાતજી;
વ્રત લેઇને જેણે ભાંગીઆં, થયો નરકમાં પાતજી;
મોહરે ઉતારો મુનીરાજજી—૫

રેવતનાથ નિહાળતાં, તુમ હમ દોનુંને આજજી;
નિર્લજ લાજ કીહાં ગઇ, ગયું જ્ઞાન મહારાજજી;
મોહરે ઉતારો મુનીરાજજી—૬

રથનેમિ–એથી અધિક કહો મુજને, રાજુલ પ્રાણ આધારજી;
વહાલ તમારૂં નવિ વિસરે, સુણો રાજુલ નારજી;
પ્રીતિરે ધરો મુજથી પ્રેમદા—૭

પિઉ વિણ રાજુલ એકલી, જાણી તુમારી દાઝજી;
હોંશ ધરીને અમે આવતા, કરવા તુમારા કાજજી;
પ્રીતિરે ધરો મુજથી પ્રેમદા—૮

રાજુલ– તારણ તંત્ર તોડી કર્યો, મોહ મંત્રનો સંગજી,
મોક્ષ પદવી તમે ખોઇને, કર્યો સંયમ ભંગજી;
મોહરે ઉતારો મુનીરાજજી—૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંસાર અસાર છોડી તુમે, લીધો સંયમ ભારજી;
ઉત્તમ પુરૂષ વંછે નહીં, ફરી સંસાર અસારજી;
મોહરે ઉતારો મુનીરાજજી–૧૦

રથનેમિ–માયા કરી જે મિલે નહીં, તે મૂરખની રીતજી;
સંસારમાં શું લઈ જવું, એક પૂરણ પ્રીતજી;
પ્રીતિરે ધરો મુજથી પ્રેમદા–૧૧

કુંવારી કન્યાને કંથ કેટલા, સુણ સુણુ રાજુલ ભામજી;
એકની ઉપર રાગ નવી ઘટે, કરો મુજને સ્વામજી;
પ્રીતિરે ધરો મુજથી પ્રેમદા–૧૨

રાજુલ– અમીરસ મૂકી કાં પીઓ, નારી અવગુણ વિખજી;
સંસારમાં સાર કંઇ નથી, ધરો સંજમ શીખજી;
મોહરે ઉતારો મુનીરાજજી–૧૩

દીક્ષા લઈ પ્રભુ પાસથી, પાળો શુદ્ધ આચારજી;
વિષ ફળ ખાવા વાંછાકરી, લેવો પૃથ્વીનો ભારજી;
મોહરે ઉતારો મુનીરાજજી–૧૪

રથનેમિ–મેં જાણ્યું રાજુલ એકલી, પતિ વિના મુંઝાયજી;
પરણીને સુખ આપશું, નહીં લેવા દઉં દીક્ષાયજી;
પ્રીતિરે ધરો મુજથી પ્રેમદા–૧૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુણ્ય પ્રતાપે મેં ભેટીઆ, આજે કેટલે માસજી;
આલો ઘરે જઇએ આપણે, કરવા ભોગ વિલાસજી;
પ્રીતિરે ધરો મુજથી પ્રેમદા–૧૬

રાજુલ– બંધુ તુમારે પરિહરી, જાણી અથીર સંસારજી;
શ્વાનપરે ઇછા કાં કરો, જમવા વમન વિકારજી;
મોહરે ઉતારો મુનીરાજજી–૧૭

રથનેમિ–શ્વાન કહ્યા તુમે મુજને, તો શું તુમથી સંસારજી;
દીક્ષા આપી સારી સાધવી, કર્યો તુમે ઉપકારજી;
ક્ષમા કરો મોરી માતજી–૧૮

## ચેતનને શીખામણની સઝાય

ચતુર તું ચાખ મુજહીત સુખ સુખડી,
બાપડા વિષય કાં મુંઢ મંડે,
વિષય લંપટપણે રાતદીન નવિગણે,
ક્રોધ મદ માન માયા ન છંડે. ચતુર–૧

સદન ધન સ્વજન જન નીરખી નીજ વશ અરે,
માહરૂં માહરૂં મકર ભોળા,
તાહરૂં તેહ જે સુકૃત સંચય કરે,
પીંડ પાપે ભરી કરીય રોળા. ચતુર–૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાલ અર્હટ શશી સુર વૃષ જોડલું,
દીવસ ને નીશી અતી ઘડીય માલ,
નીરખી નીજ આઉખું નીર ઉલેચતાં,
કાં ન છંડે હજીય મોહ જાલ. ચતુર-૩

સંકલ શુભ કાજની આજ વેળા લહી,
મોહે મુઝયો હજી શું વિમાસે;
સકલ સુખ તુજ ગમે દેહે દુઃખ નવી ખમે,
કરણી વિણુ મુકતી રતી કેમ કરાશે ? ચતુર-૪

અથીર સંસારમાં સાર નવકારનું,
ધ્યાન ધરતાં સદા હૃદય રીઝે;
એહથી ભવ તરે મેરૂ મહીમા ઘરે,
રીધી વિજયાદી સુખ સકળ સીઝે. ચતુર-૫

## રહનેમિની સઝાય

કાઉસ્સગ ધ્યાને મુનિ રહનેમી નામે,
રહ્યા છે ગુફામાં શુભ, પરિણામે રે;
દેવરિયા મુનિવર ધ્યાનમાં રહેજો,
ધ્યાનથકી હોય ભવનો, પારરે. દેવ. ૧

વરસાદે ભીના ચીર, મોકળાં કરવા,
રાજુલે આવ્યા તેણે, ઠામરે. દેવ. ૨

રૂપે રતિરે વસ્ત્રે વર્જીત બાળા,
દેખી ક્ષોભાણા તેણે, કામરે. દેવ. ૩

દિલડું ક્ષોભાણું જાણી રાજુલ ભાખે,
રાખો સ્થિર મન ગુણના, ધામરે. દેવ. ૪

જાદવ કુળમાં જીનજી નેમ નગીનો,
વમન કરી છે મુજને, તેણેરે. દેવ. ૫

બંધવ તેહના તમે શિવા દેવી જાયા,
એવડો પટંતર કારણ, કેણેરે. દેવ. ૬

પરદારા સેવી પ્રાણી નરકમાં જાય,
દુર્લભ બોધી હોય, પ્રાયરે. દેવ. ૭

સાધવી સાથે ચૂકી પાપ જે બાંધે,
તેહનો છુટકારો કદી ન, થાયરે. દેવ. ૮

અશુચી કાયારે મળ મૂત્રની કયારી,
તમને કેમ લાગી એવડી, પ્યારીરે. દેવ. ૯

હું રે સંયમી તમે મહાવ્રત ધારી,
કામે મહાવ્રત જાશો, હારીરે. દેવ. ૧૦

ભોગ વમ્યારે મુનિ મનથી ન ઇચ્છે,
નાગ અગંધન કુળની, જેમરે. દેવ. ૧૧

ધિક્ક કુળ નીચા થઇ નેહથી નિહાળે,
ન રહે સંયમ શોભા, એમરે. દેવ. ૧૨

એવા રસીલા રાજુલ વચણ સુણીને,
બુઝયા રહનેમી પ્રભુજી, પાસરે. દેવ. ૧૩

પાપ આલોય ફરી સંયમ લીધું,
અનુક્રમે પામ્યા શીવ, વાસરે. દેવ. ૧૪

ધન્ય ધન્ય જે નરનારી શીયળને પાળે,
સમુદ્ર તર્યા સમ વ્રત છે, એહરે. દેવ. ૧૫

રૂપ કહે તેહના નામથી હોવે,
એમ મન નિર્મળ સુંદર, દેહરે. દેવ. ૧૬

---

## પદ્માવતિની જીવરાસી

---

હવે રાણી પદ્માવતિ, જીવરાસી ખમાવે;
જાણપણું જગતે ભલું, ઈણ વેલાએ આવે.
તે મુજ મિછામી દોકડું. ૧

તે મુજ મીછામી દોકડું, અરિહંતની શાખ;
જે મેં જીવ વિરાધિયા, ચોરાચી લાખ.
તે મુજ મિછામી દોકડું. ૨

સાત લાખ પૃથ્વી તણા, સાત તે અપકાય;
સાત લાખ તેઉ કાયના, સાતે વલી વાય.
તે મુજ મિછામી દોકડું. ૩

દશ પ્રત્યેક વનસ્પતિ, ચૌદહ સાધાર;
બી, તિ, ચઉરીંદ્રી જીવનાં, બેબે લાખ વિચાર.
તે મુજ મિછામી દોકડું. ૪

દેવતા તિર્યંચ નારકી, ચાર ચાર પ્રકાસી;
ચૌદહ લાખ મનુષ્યના, એ લાખ ચોરાસી.
તે મુજ મિછામી દોકડું. ૫

ઈણ ભવે, પરભવ સેવિયા, જે પાપ અઢાર;
ત્રિવિધ ત્રિવિધ કરી પરહરૂં, દુરગતિ દાતાર.
તે મુજ મિછામી દોકડું. ૬

હિંસા કીધી જીવની, બોલ્યા મૃષાવાદ;
દોષ અદત્તા દાનના, મૈથુન ઉન્માદ.
તે મુજ મિછામી દોકડું. ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરિગ્રહ મેં લીયો કારમો, કીધો ક્રોધ વિશેષ;
માન માયા લોભ મેં કીયા, વલી રાગને દ્વેષ.
તે મુજ મિછામી દોકડું. ૮

કલહ કરી જીવ દુહવ્યા, દીધા કુડ કલંક;
નિંદા કીધી પારકી, રતિ અરતિ નીશંક.
તે મુજ મિછામી દોકડું. ૯

ચાડી કીધી ચોતરે, કીધો થાપણ મોસો;
કુગુરૂ કુદેવ કુધર્મનો, ભલો આણ્યો ભરોસો.
તે મુજ મિછામી દોકડું. ૧૦

ખાટકીને ભવમેં કિયા, જીવ નાના વિધ ઘાત;
ચડીમાર ભવે ચરકલા, માર્યા દિનને રાત.
તે મુજ મિછામી દોકડું. ૧૧

માછીને ભવે માછલા, ઝાલ્યા જલવાસ;
ધીવર ભીલ કોલી ભવે, મૃગ પાડયા પાસ.
તે મુજ મિછામી દોકડું. ૧૨

કાજી મુલ્લાંને ભવે, પઢી મંત્ર કઠોર;
જીવ અનેક ઝબે કીયા, કીધા પાપ અઘોર.
તે મુજ મિછામી દોકડું. ૧૩

કોટવાલને ભવે મેં કીયા, આકરા કર દંડ.
બંધીવાન મરાવીયા, કોરડા છડી દંડ
તે મુજ મિચ્છામી દોકડું. ૧૪

પરમાધામિને ભવે, દીધા નારકી દુઃખ;
છેદન ભેદન વેદના, તાડના અતી નીખ.
તે મુજ મિચ્છામી દોકડું. ૧૫

કુંભારને ભવમેં કિયા, નીમાહ પચાવ્યા;
તેલી ભવે તેલ પીલીયા, પાપે પેટ ભરાવ્યા.
તે મુજ મિચ્છામી દોકડું. ૧૬

હાલીને ભવે હલ ખેડીયા, ફાડયા પૃથ્વી પેટ;
સૂઠ નિદાન કીયા ઘણા, દીધા બળદ ચપેટ.
તે મુજ મિચ્છામી દોકડું. ૧૭

માળીને ભવે રોપિયા, નાના વિધ વૃક્ષ;
મૂળ પત્ર ફળ પુલનાં, લાગ્યા પાપ તો લક્ષ.
તે મુજ મિચ્છામી. દોકડું. ૧૮

અધોવાઇયાને ભવે, ભર્યાં અધિકા ભાર;
પોઠી ઉટ કીડા પડયા, દયા ન રહી લગાર.
તે મુજ મિચ્છામી દોકડું. ૧૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છીપાને ભવે છેતરી, કીધા રંગણુ પાસ;
અગ્નિ આરંભ કીયા ઘણુા, ધાતુર્વાદ અભ્યાસ.
તે મુજ મિચ્છામી દોકડું. ૨૦

સૂરપણે રણુ ઝુઝતાં, માર્યા માણુસ વૃંદ;
મદીરા માસ માખણુ ભખ્યા, ખાધા મુલને કંદ.
તે મુજ મિચ્છામી દોકડું. ૨૧

ખાણુ ખણુાવી ધાતુની, પાણી ઉલેચ્યાં;
આરંભ કીધા અતિઘણુા, પોતે પાપજ સંચ્યા.
તે મુજ મિચ્છામી દોકડું. ૨૨

અંગાર કર્મ કીયા વલી, ઘરમે દવ દીધા;
સુંસ કર્યા વિતરાગનાં, કુડા કોસજ કીધા.
તે મુજ મિચ્છામી દોકડું. ૨૩

બિલ્લી ભવે ઉંદર લીયા, ગિરોલી હત્યારી;
મૂઢ ગમાર ભવે તણે, મેં જુ લીખ મારી.
તે મુજ મિચ્છામી દોકડું. ૨૪

ભાડ ભૂજાં તણે ભવે, એકેંદ્રીય જીવ;
જવાર ચણુા ઘઉં શેકીયા, પાડંતા રીવ.
તે મુજ મિચ્છામી દોકડું. ૨૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ખાંડણુ પીસણુ ગારના, આરંભ અનેક;
રાંધણુ ઈંધણુ અગ્નિના, કીયા પાય ઉદેક.
તે મુજ મિછામી દોકડું. ૨૬

વિકથા ચાર કીધી વલી, સેવ્યા પાંચ પ્રમાદ;
ઇષ્ટ વિયોગ પડાવોઆ, કીયા રૂદન વિખવાદ.
તે મુજ મિછામી દોકડું. ૨૭

સાધુ અને શ્રમણુ તણા, વૃત લઈને ભાંગ્યા,
મૂલ અને ઉત્તર તણા, મુજ દુષણુ લાગ્યાં.
તે મુજ મિછામી દોકડું. ૨૮

સાપ વીંછી સિંહ ચીતરા, સકરાને સમલી;
હિંસક જીવ તણે ભવે, હિંસા કીધી સબળી.
તે મુજ મિછામી દોકડું. ૨૯

સુવાવડો દુષણુ ઘણા, વળી ગર્ભ ગળાવ્યા;
જીવાણી ઢોલ્યા ઘણા, સીલવૃત ભંગાવ્યા.
તે મુજ મિછામી દોકડું. ૩૦

ભવ અનંત ભમતાં થકા, કીધા કુટુંબ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં તીણુ સુપ્રતિબંધ.
તે મુજ મિછામી દોકડું. ૩૧

ભવ અનંત ભમતાં થકા, કીધા પરિગ્રહ સંબંધ;
ત્રિવિધ ત્રિવિધ કરી વોસિરૂં, તીણુ સુપ્રતિબંધ.
તે મુજ મિચ્છામી દોકડું. ૩૨

એણીપરે ઇણ ભવે પરભવે, કીધા પાપ અખત્ર;
ત્રિવિધત્રિવિધ કરી વોસિરૂં, કરૂં જન્મ પવિત્ર.
તે મુજ મિચ્છામી દોકડું. ૩૩

રાગ વૈરાડી જે સુણે, એ ત્રીજી ઢાળ;
સમય સુંદર કહે પાપથી, છુટે તતકાળ.
તે મુજ મિચ્છામી દોકડું. ૩૪



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## કેટલીક જાણવા લાયક પરચુરણ બાબતો.

૧–સાતમી નારકીનો જીવ મરીને તિર્યંચ થાય છે, મનુષ્ય થતો નથી.

૨–લોકાવધિ જ્ઞાનવાળા ચૌદરાજલોકની વાત જાણી શકે છે

૩–પરમાવધિ જ્ઞાનવાળાને એક સમય પછી કેવળજ્ઞાન થાય

૪–દેવતા મરીને દેવતા થાય નહીં, નારકી મરીને નારકી થાય નહીં.

૫–સ્ત્રી જાતી વધારેમાં વધારે છઠ્ઠી નારકી સુધી જાય છે.

૬–સાસ્વાદન ગુણઠાણું જેને અર્ધ પુદ્ગલ પરાવર્ત સંસાર બાકી હોય તેને હોય, બીજાને નહીં.

૭–ચિત્ત, વિત્ત, અને પાત્ર એ ત્રણેનો યોગ મહા ફળદાયી છે.

૮–અષ્ટાપદ ઉપર જે પોતાની લબ્ધિથી જાય તે ચરમ શરીરી હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯–રૂષભદેવ ભગવાન્ પછી પચાસ લાખ કોટી સાગરોપમ પછી અજીતનાથ ભગવાન થયા; સૌધર્મ ઇંદ્રનું આયુષ્ય બે સાગરોગમનું છે તેથી એટલા વખતમાં પચીશ લાખ કોટી ઇંદ્ર થઇ ગયા.

૧૦–ચક્રવર્તીને છખંડ સાધતાં અઠમનો તપ કરવો પડે છે. પણ તિર્થંકર ચક્રવર્તી થાય તો તે તપ કરવો પડતો નથી.

૧૧–સંપૂર્ણ ચૌદ પૂર્વી અસંખ્યાત ભવ જાણી શકે છે.

૧૨–પરમાધામી ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના હોય છે.

૧૩–પોસહ લીંધેલી સ્ત્રી રસ્તામાં ગીત ગાય તે શાસ્ત્રાધારે નથી.

૧૪–૨૦૦૪ યુગપ્રધાન માંહિલા, સુધર્માસ્વામી તથા પ્રધાન જંબુસ્વામી તદ્દભવ મોક્ષગામી થયા છે. બાકીના આચાર્યો એકાવતારી સમજવા, જ્યાં એવા મહાત્માઓ વીચરે છે ત્યાં દશ ગાઉની અંદર દુષ્કાળઆદી ઉપદ્રવો નાશ પામે છે.

૧૫–નરકમાં શીત, ઉષ્ણુ, ક્ષુધા, તૃષ્ણા, ખુજલી, ભય, શોક, પરાધિનતા, જ્વર, અને દાહ એ દશ પ્રકારની વેદના હોય છે.

૧૬–૬ ઠી અને ૭ મી નારકીમાં ૫૬૮૯૯૫૮૪ પ્રકારના રોગ કહ્યા છે.

૧૭–દેવતા અર્ધ માગધિ ભાષા બોલે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૮–યુગલીઆં તિર્યંચો યુગલ ધર્મનું પાલણ કરી દેવગતીમાં જાય છે.

૧૯–મનુષ્ય લોકમાં–કુગ્રામમાં રહેઠાણ. ૨ કુનૃપતિની સેવા.
૩ કુત્સિત્ અભક્ષ્ય ભોજન.
૪ ક્રોધિષ્ટ સ્રી. ૫ કન્યાનું બહુત્વ.
૬ કંગાલ હાલત.

આ છ પ્રકારના નરકો જેવા છે.

૨૦–પ ઇંદ્રિય, મનબલ, વચનબલ, કાયબલ, શ્વાસોશ્વાસ, અને આયુષ્ય એ દશ પ્રાણ કહેવાય છે.

એકેંદ્રિય જીવને———૪ પ્રાણ હોય છે.
બે ઇંદ્રિય જીવને——–૬ ,, ,,
તેઇંદ્રિય જીવને——–૭ ,, ,,
ચોરેંદ્રિય જીવને——–૮ ,, ,,
અસંજ્ઞિપંચેંદ્રિય જીવને–૯ ,, ,,
સંજ્ઞિપંચેંદ્રિય જીવને–૧૦ ,, ,,

૨૧–કયો જીવ કઇ નરકે જાય—

સમુર્છિમ્ તિર્યંચ પંચેંદ્રિય....પહેલી નારકી સુધી જાય.
ભૂજપરિસર્પ.....................બીજી.......................
ખેચર..............................ત્રીજી.......................
સિંહ પ્રમુખ......................ચોથી.......................

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉરપરિસર્પ........................પાંચમી......................
સ્ત્રી...............................છઠ્ઠી..........................
મનુષ્ય તથા મચ્છ...........સાતમી.....................

૨૨–કઇ નારકીનો જીવ કયાં આવી ઉપજે—

સાતમી નારકીનો જીવ....ગર્ભજ તિર્યંચમાં પણ આવે અને સમકિત પણ પામે.

છઠ્ઠી.........................ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્યમાં આવે અને દેશ વિરતિપણું પણ પામે.

પાંચમી.....................ગર્ભજ મનુષ્ય થાય અને સર્વ વિરતિપણું પામે. પણ કેવળ-જ્ઞાન ન પામે.

ચોથી.........................ગર્ભજ મનુષ્ય થાય. કેવળ-જ્ઞાન પામે તો પામે. પરંતુ તિર્થંકર ન થાય.

ત્રીજી.........................ગર્ભજ મનુષ્ય થાય. અને તિર્થંકર પણ થાય.

બીજી.........................મનુષ્ય થાય તેમજ વાસુદેવ ........................બળદેવ પણ થાય. પણ ........................ચક્રવર્તી ન થાય.

પહેલી.......................ચક્રવર્તી આદિ સમસ્ત પદવી પામે.

૨૩ એક જીવ સિદ્ધમાં જાય ત્યારે એક જીવ સુક્ષ્મ નિગોદમાંથી બહાર નીકળે છે.

૨૪ જંબુ સ્વામી છેલ્લા કેવળી અને મુકિતગામી થયા. શાસ્ત્રકારો જણાવે છે કે એમના પછી નીચેની દશ વસ્તુઓનો વિચ્છેદ થયો.
મનઃપર્યવજ્ઞાન, પરમાવધિ, પુલ્લાકલબ્ધિ, આહારકશરીરલબ્ધિ, ક્ષપકશ્રેણિ, ઉપશમશ્રેણિ, જીનકલ્પ, સંયમત્રિક (પરિહાર વિશુદ્ધિ, સુક્ષ્મસંપરાય, યથાખ્યાન ચારિત્ર) કેવલ્યજ્ઞાન અને મોક્ષ.

૨૫-વાસુદેવ, પ્રતિવાસુદેવને તેનાજ ચક્રથી મારી નાંખે એવો અનાદિ કાળનો નિયમ છે.

૨૬-જંબુ સ્વામી, પ્રભવાજી, શય્યંભવ, યશોભદ્ર, સંભૂતિવિજય, ભદ્રબાહુસ્વામી, સ્થુલીભદ્ર, આ છ આચાર્યો શ્રુત કેવલી હતા.

૨૭-

| | મહાવીરસ્વામી | પછી | મોક્ષે ગયા | આયુષ્ય |
|---|---|---|---|---|
| સુધર્માસ્વામી | ,, | ,, | ~~૨૦~~ વર્ષે | ૧૦૦ વર્ષ ૨૦ |
| જંબુસ્વામી | ,, | ,, | ૬૪ ,, | ૮૦ ,, |
| શ્રીભદ્રબાહુસ્વામી | ,, | ,, | ૧૭૦ ૨૯ ગે | ૭૬ ,, |
| સ્થુલીભદ્રજી | ,, | ,, | ૨૧૫ સ્વર્ગ ગ.૯૯ | ,, |

૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | | |
|---|---|---|---|---|
| સિદ્ધસેન દિવાકર | ,, | ,, ૪૮૦ | ,, | ખબરનથી |
| શ્રીવજસ્વામી | ,, | ,, ૫૮૪ | ,, | ,, |
| દુર્બલિકા પુષ્પમિત્ર ,, | | ,, ૬૧૬ | ,, | ,, |
| દેવર્ધિગણી ક્ષમા શ્રમણ | | ,, ૧૦૦૦ | ,, | ,, |
| હરિભદ્ર સૂરિમાહારાજ | | ,, ૧૦૫૫ | ,, | ,, |

જીનભદ્રગણી ક્ષમા શ્રમણ વિ. સ. ૬૮૫  ૧૦૪ ,,
(આ આચાય યુગ પ્રધાન હતા)

| | | | | |
|---|---|---|---|---|
| બપ્પભટ્ટિસૂરિ | ,, | ૮૯૫ | ,, | ૯૫ ,, |
| અભયદેવસૂરિ | ,, | ૧૧૩૫ | ,, | ખબરનથી |
| વાદીદેવસૂરિ | ,, | ૧૨૨૬ | ,, | ૮૩ ,, |
| હેમચંદ્રાચાર્ય | ,, | ૧૨૨૯ | ,, | ૮૪ ,, |
| યશોવિજયજી | ,, | ૧૭૪૫ | ,, | ૯૫ ,, |
| મુળચંદજી મહારાજ | ,, | ૧૯૪૫ | ,, | ખબર નથી |

૨૮–ભદ્રબાહુસ્વામી સુધી  ૧૪ પૂર્વનું જ્ઞાન રહ્યું.
સ્થુલીભદ્ર સુધી  ૧૪ પૂર્વ મૂળનું જ્ઞાન રહ્યું.
વજસ્વામી સુધી  ૧૦ પૂવ
આર્યરક્ષિતસૂરી  ૯ાા પૂર્વ
દુર્બલિકા પુષ્પમિત્ર સુધી  ૯ પૂર્વ
દેવર્ધિ ગણી ક્ષમા શ્રમણ પછી સઘળા પૂર્વોનો વિચ્છેદ થયો. વિક્રમ સંવત ૫૩૦માં

૨૯–હરિણગમેષીદેવ જે ભગવાન મહાવીરને ગર્ભમાંથી સંહરનાર દેવતા હતો તેનો જીવ મરીને દેવર્દ્ધિગણી ક્ષમા શ્રમણ થયો હતો.

૩૦–ડો. હંટરના મત પ્રમાણે બુદ્ધનો જન્મ ઈ. સ. પૂર્વે ૬૨૩ અને નિર્વાણ ઈ. સ. પૂર્વે ૫૪૩ માં ૮૦ વર્ષની ઉમરે થયું હોય એ કંઇક ઠીક લાગે છે. પછી સત્ય તો કેવળી જાણે. કારણ મહાવીર સ્વામીનો જન્મ ઈ. સ. પૂર્વે ૫૯૯માં થયેલ છે અને નિર્વાણ ઇ. સ. પૂર્વે ૫૨૭માં થયેલ છે. અને બુધ્ધના નિર્વાણ પછી ૧૪ વર્ષ મહાવીર વિચર્યા હતા એ નિઃસંદેહ છે.

૩૧-ભગવંત મહાવીર કોઈ દીવસ ભૂમિ ઉપર સ્થિર થઈને બેઠા નથી. જેમ કોઈ પુરૂષ ગાય દોહવાને ઉભડુ બેસે તેવી રીતેજ પ્રભુ બેઠા છે. તેમજ દિક્ષા લીધા પછી શૂલપાણી યક્ષના મંદીરમાં માત્ર બેઘડી નિંદ્રા લીધી છે. બાકીનો સર્વકાળ નિંદ્રા વિનામાંજ પસાર કર્યો છે.

૩૨-ભગવાનનું રૂધીર દુધ સમાન હોય. અહાર નિહાર ચર્મચક્ષુને દ્રષ્ટિગોચર હોય નહી.

૩૩–યુગલીક વખતમાં મનુષ્યની માફક તિર્યંચજીવો પણ જોડકાપણે ઉત્પન્ન થાય છે. જુ, માકડ, ડાંસ, મચ્છર વગેરે શરીરનો ઉપદ્રવ કરનારા ક્ષુદ્રજીવો ઉત્પન્ન થતાં નથી ને તે સમયે ધર્મનો વિચ્છેદ હોય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૪–પલ્યોપમનાં આયુષ્યવાળાને એક દિવસની અંદર શ્વાસ લેવાનું અને દિવસ પૃથક્ત્વે અહારની ઈચ્છા થાય છે. જેટલા સાગરોપમનું આયુષ્ય હોય તેટલા પખવાડીએ શ્વાસ લેવાનું અને તેટલા હજાર વર્ષે અહારની ઇચ્છા સમજવી. (અર્થાત ૩૩ સાગરોપમના આયુષ્યવાળાને ૩૩ પખવાડીએ (૧૬ાા મહીને) શ્વાસ લેવાનું ને ૩૩ હજાર વર્ષે અહારની ઇચ્છા જાણવી.

૩૫ દેવતાને અસાતા ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત હોય ને શાતા છ માસ સુધી હોય. અન્ય મતી ~~આસ્મા~~ દેવલોક સુધી ઉપજી શકે અને નિહ્નવો નવમા ગ્રૈવેક સુધી ઉપજી શકે.

૩૬–દેવતાને નિદ્રા હોય નહીં.

૩૭–જાતિસ્મરણ જ્ઞાનવાળા મનુષ્ય પાછલા નવ ભવ દેખી શકે.

૩૮–મનઃપર્યવજ્ઞાન સાધુ મહારાજેનેજ થાય, ગૃહસ્થને ન થાય.

૩૯–પૌષધમાં એકાસણું કરનારને લીલું શાક કલ્પે નહીં.

૪૦–કેવલજ્ઞાન પામ્યા પછી તીર્થંકર મહારાજે ગૌચરી જાય નહીં, તેમજ આચાર્ય મહારાજ પોતે ગૌચરી જાય નહીં. જાય તો દંડ આવે.

૪૧–ભગવાન મહાવીરનો જીવ જ્યારે ત્રીપુષ્ટ વાસુદેવ હતા ત્યારે ગૌતમ સ્વામીનો જીવ તેમના સારથી તરીકે હતો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૨–નરક તથા દેવગતીમાંથી આવેલા જીવ ચક્રવર્તી થાય પણ મનુષ્ય તિર્યંચમાંથી આવેલા જીવ ચક્રવર્તી થાય નહીં. ભગવાન મહાવીરનો જીવ મનુષ્યમાંથી આવી ચક્રવર્તી થયા તે આશ્ચર્ય જાણવું.

૪૩–ભરતક્ષેત્રમાં જન્મેલા મનુષ્યને ક્ષાયિક સમ્યક્ત્વ હોય નહીં. કારણ ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષપક શ્રેણી આશ્રીને કહેલ છે. અને ક્ષપક શ્રેણી તો જંબુસ્વામી પછી વિચ્છેદ થયેલ છે.

૪૪–બે માસની અંદરના આયુષ્યવાળો જીવ નરકમાં જાય નહીં. બે માસ ઉપરનો જીવ નરકમાં જાય (આ બાબતમાં કેટલાકનો મતફેર પણ છે.)

૪૫–ધન્નાજી તથા શાલિભદ્રજી સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં દેવો થયા છે.

૪૬–આંધળા, લુલા, અપંગ મનુષ્યને દીક્ષા અપાય નહીં.

૪૭–સાધુ સાધ્વીએ દીક્ષા, પ્રતિક્રમણ, લોચ કરવા, વગેરે ધર્માનુષ્ઠાન ઉત્તર અથવા પૂર્વ દિશામાં મુખ રાખીને કરવા કલ્પે; બીજી દિશામાં નહીં.

૪૮–સાધ્વીને પુરૂષ તેમજ સ્ત્રીની સભામાં કલ્પસૂત્ર વાંચવાનો નિષેધ છે. તેમજ એકલી સ્ત્રીની સભામાં સાધુ વ્યાખ્યાન કરે નહીં અને પુરૂષની અગાડી સાધ્વી વ્યાખ્યાન કરે નહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૪૯-શ્રી સુવિધિનાથથી માંડીને શ્રી શાંતિનાથજી મહારાજ સુધીના મધ્યના ફકત સાત આંતરામાં તીર્થનો વિચ્છેદ થયો છે. શ્રી અરિહંત પરમાત્માના ધર્મની વાત પણ રહેવા પામી નહોતી. તે વિચ્છેદકાળ કોઈ આચાર્ય પોણાત્રણ પલ્યોપમનો કહે છે ને કોઈ અગ્યાર પલ્યોપમનો પણ કહે છે. બીજા કોઈ તીર્થંકરોના વારામાં તીર્થનો વિચ્છેદ થયો નથી. (વિવિધ પ્રશ્નોત્તર પાનું ૭૫)

૫૦-સર્વે વાસુદેવો સરખા બળવાલા હોતા નથી. આ અવસાર્પિણી કાળમાં દીન દીન બળની હાની છે.

૫૧-શ્રી શાંતિનાથજી ભગવાનની માતાએ બે વખત ચૌદ સ્વપ્નો જોયાં, તે સ્વપ્નો તીર્થંકરપણું તથા ચક્રવર્તીપણાનું સુચન કરનારા હતાં.

૫૨-રીખભદેવ ભગવાને યુગલીક ધર્મ નિવારણ કરવા માટે ભરત મહારાજાની બેન બ્રાહ્મીનો વિવાહ બાહુબલીજી સાથે તેમજ બાહુબલીજીની બેન સુંદરીનો વિવાહ ભરત મહારાજા સાથે વિપરીતપણે કર્યો છે (વિવિધ પ્રશ્નોત્તર પાનું ૮૪.)

૫૪-"ઝંકારા રાવઆરા"થી "દેહિમે દેવિસાર'" એ પાઠ પ્રતિક્રમણમાં સૌ કોઇએ મોટેથી બોલવાનું કારણ કે કદાચ કોઈ વ્યંતર દેવ સાધુ આદિને ઉપદ્રપ કરવા રહેલ હોય તો તે ત્યાંથી જલદી ચાલ્યો જાય.

૫૪–શ્રીકૃષ્ણના જીવનો પહેલોભવ શ્રીકૃષ્ણ મહારાજનો, બીજો નારકીનો, ત્રીજો મનુષ્યનો, ચોથો વૈમાનિક દેવનો, અને પાંચમાભવે આવતી ચોવીશીમાં અમમ નામે બારમા તીર્થંકર થશે ને તેજ ભવે મોક્ષે જશે.

૫૫–અરિહંત ભગવાનના જન્મ, દીક્ષા, કેવળજ્ઞાન, અને નિર્વાણ કલ્યાણકને સમયે નરકના જીવો સાતા વેદની કર્મ વેદે છે

૫૬–શ્રી મહાવીર ભગવાનના તીર્થમાં જેણે તીર્થંકરનામ ઉપાર્જન કર્યું તેના નામ.

૧ શ્રી શ્રેણિક મહારાજા ૨ શ્રી સુપાર્શ્વ મહારાજા
૩ શ્રી ઉદાયી મહારાજા. ૪ શ્રી પોટ્ટિલ મહારાજા.
૫ શ્રી દઢાઉ. ૬ શ્રી શંક શ્રાવક. ૭ શ્રી શતક શ્રાવ
૮ શ્રી સુલસા શ્રાવિકા ૯ શ્રી રેવતિ શ્રાવિકા.

૫૭–કોઇક જીવ માતાના ગર્ભમાં વધારે બાર વર્ષ સુધી રહે. કોઇક પાપી જીવ માતાનો વૈરી ગર્ભમાં મરી પાછો ત્યાંજ ઉત્પન્ન થાય તો ચોવીશ વર્ષ સુધી પણ રહે.

૫૮–ભારંડપક્ષીમાં જીવ બે અને શરીર એક હોય છે. એક પેટ, બે મુખ, બે જીભ અને ત્રણ પગ હોય છે. તે મનુષ્યની ભાષા બોલે છે. અને હમેશ અપ્રમાદી રહે છે, કારણ કે શરીરમાં બે જીવ હોવાથી તેઓને આપસમાં જુદા જુદા ફળની ઈચ્છા થાય તો તે પક્ષીનું મૃત્યુ થાય છે.

૫૯–દેવાધિદેવ તીર્થંકર ભગવાન પહેલી પોરિષી સુધી દેશના આપે. બીજા પહોરમાં ગણધર મહારાજા દેશના આપે છે. ચોથા પહોરે પાછા તીર્થંકર મહારાજ દેશના આપે.

૬૦–કેવલજ્ઞાની ભગવાનને આવશ્યકઆદિ ક્રિયાઓ કરવાની હોય નહીં.

૬૧–શ્રી આવશ્યક સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, નંદી સૂત્ર, અનુયોગદ્વાર સૂત્ર, આચાર સૂત્રો આ પાંચમા આરાના છેડા સૂધી છેલ્લા યુગ પ્રધાન શ્રી દુઃપસહસૂરિ સુધી વિદ્યમાન રહેશે.

૬૨–કોઇ અવધિજ્ઞાની મહાત્મા પરમાણુને જાણે પણ દેખે નહી, અને કોઈક જાણે પણ નહી ને દેખે પણ નહી, પરમાવધિજ્ઞાની જાણે પણ ખરા ને દેખે પણ ખરા.

૬૨–ૐ= અરિહંતનો–અ    અ+અ=આ
આ+આ=આ
સિદ્ધ ભગવાન–અ    આ+ઉ=ઓ
અશરીરી
આચાર્યનો–આ    ઓ+મ્=ૐ બને છે.
ઉપાધ્યાયનો–ઉ
સાધુમુની–મ્
ૐ=એ અર્થ પંચપરમેષ્ટિ સુચક છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬૪–આવશ્યક સૂત્રના રચનાર ગણધર દેવજ છે.

૬૫–નવકારવળીમાં ૧૦૮ મણકા રાખવાનું કારણ એ છે કે–

| | | |
|---|---|---|
| શ્રી અરિહંત ભગવાનના | ૧૨ | ગુણ ૧૨ |
| શ્રી સિધ્ધ ભગવાનના | ૮ | ,, |
| શ્રી આચાર્ય મહારાજના | ૩૬ | ,, |
| શ્રી ઉપાધ્યાયજી મહારાજના | ૨૫ | |
| શ્રી સાધુ મહાત્માના | ૨૭ | |
| | ૧૦૮ | |

એમ પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણ થાય છે માટે.

૬૬–સાધ્વી અથવા શ્રાવિકાએ કહેલાં સૂત્રો પુરૂષોને કલ્પે નહીં. તેમજ પચ્ચખાણ પણ કલ્પે નહીં.

૬૭–ત્રીજું 'મિશ્ર' નામનું ગુણ સ્થાનક, બારમું 'ક્ષીણમોહ' અને તેરમું 'સયોગી' આ ત્રણ ગુણસ્થાનકોમાં વર્તતો જીવ કાળ ધર્મ પામે નહીં. બાકીના અગીઆર ગુણ સ્થાનકોમાં વર્તતો જીવ કાળ ધર્મ પામે. અને એ અગીઆરમાંથી પહેલું મિથ્યા દૃષ્ટિ, બીજું સાસ્વાદન અને ચોથું અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક પરભવમાં જીવની સાથે જાય. બાકીના નહીં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ભગવાનની કલ્યાણુક ભૂમીઓ.

ચંપાપૂરી–ભાગલપુરની પાસે. ત્યાં વાસુપુજ્ય સ્વામીના ચાર
કલ્યાણુક છે.

કાકંડી–લખેશરાઇની પાસે. સુવિધિનાથના કલ્યાણુક છે.

ખત્રીકુંડ–લછવારાની પાસે. મહાવીર સ્વામીના ત્રણુ કલ્યાણુક છે.

ગુનીઆજી (ગોબરગામ)–નવાડાની પાસે. ગૌતમ સ્વામીને
કેવળજ્ઞાન થયું છે.

પાવાપુરી–ગુનીઆજીથી ૭ ગાઉ દુર છે. મહાવીર સ્વામીનું
એક કલ્યાણુક છે.

ભેલુપુર–કાશીની પાસે. પાર્શ્વનાથ ભગવાનના ચાર કલ્યાણુક છે.

ભદૈની–ભેલુપુરની પાસે. સુપાર્શ્વનાથના ચાર કલ્યાણુક છે.

સીંહપૂર–કાસીની પાસે. શ્રેયાંસનાથના ચાર કલ્યાણુક છે.

ચંદનપૂરી–કાસીથી સાત કોશ દૂર છે. ચંદન પ્રભુના ચાર
કલ્યાણુક છે.

રતનપૂરી–અયોધ્યાની પાસે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હસ્તીનાપૂરી–મીરતથી ૨૪ માઈલ દૂર છે. શાંતીનાથ ભગ-
વાનના ચાર, અરનાથ ભગવાનના ચાર, અને
કુંથુનાથ ભગવાનના ચાર, એમ બાર કલ્યાણક છે.

| અસલ જુના નામ | હાલમાં ચાલુ નામ | અસલ જુના નામ | હાલમાં ચાલુ નામ |
|---|---|---|---|
| આણંદપૂર | વડનગર | વિનીતા | અયોધ્યા |
| પ્રતિસ્થાનપૂર | પૈઠણ(દક્ષિણમાં છે.) | તક્ષશીલા | ગીજની |
| અવંન્તિ | ઉજ્જન | પાટલીપૂર | પાટણ |
| ચિત્રકુટ | ચિતોડ | પાહલીસપૂર | પાલીતાણ |
| સ્થંભનતીર્થ (ત્રંબાવટી) | ખંભાત | વલ્લભીપૂર | વળ |
| સોપારા | સોપારા (વસઈ પાસે) | ભૃગુપૂર | ભરૂચ |
| સૂર્યપૂર | સુરત | વીશલનગર | વીસનગર |
| વામન સ્થલી | વંથલી | વટપદ્ર | વડોદરા |
| કાન્ય કુવજ | કનોજ | વાણુરસી | કાશી |
| સાંભર અથવા શાકંબરી | અજમેર | પ્રહલાદપૂરી | પાલણપૂર |
| બહુલીદેશ | અફઘાનીસ્તાન | સિંહપૂર | સિંહપૂરી નગરી (કાશીથી બે માઈલ દૂર છે) |
| મેદપાટ | મેવાડ | ગોપનગર | ગ્વાલીયર |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વેળા કુલપત્તન....વેરાવળ પાટણ.

કૌશલદેશ...અયોધ્યાની આજુ બાજુનો દેશ

લાટદેશ....ભરૂચની આજુબાજુનો દેશ

મગધદેશ....બીહારપ્રાંત રાજગૃહી નગરીની આજુ બાજુનો દેશ કુશાગ્રપુરનગર પણ મગધ-દેશમાંજ છે.

આદ્રકદેશ....એડન હોય એમ સંભવે છે (નક્કી નહી)

દેવગિરિ.......દોલતાબાદ

અંગદેશ......ચંપાપૂરીની આજુ બાજુનો દેશ.

સુક્તિમતિનગરી...મથુરા

પાંચાલદેશ...કાંપિલપૂરની આજુ બાજુનો દેશ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કેટલાંક અનુમાનો.

કુરૂક્ષેત્ર————પાણીપત જ્યાં કૈરવો ને પાંડવોનું યુધ્ધ થયું તે.
શ્રંગવાન પર્વત–સાયાન્ત પર્વત. આલતાઇ અને બેઇકલ સરોવરની વચ્ચે.
હિરણ્યક્ષેત્ર———સાયાન્ત પર્વતનો મધ્યનો ભાગ
નીલપર્વત———થ્યાનશાન પર્વત. પૂર્વતુર્કસ્તાનની ઉત્તરે.
ગન્ધમાદન———હિંદુકુશ પર્વત.
નીષધ પર્વત—કારાકોરમ.
કિંપુરૂષક્ષેત્ર——કાશ્મીર.
ભરતક્ષેત્ર————કેપકન્યા કુમારીથી ગંગા સુધી.
જાંબુ નદી———તીબેટની ચ્યાંમ્બુ–જાંબુ નદી.
ચક્ષુ—————આમુ દરીઆ.
અક્ષિ————ઓકસસ નદી.
તામ્રપર્ણી———સિંહલદ્વિપ (લંકા)
પારિપાત્ર———વિંધ્યાચલ.
મહેન્દ્ર———નિલગીરી (મૈસુરમાં)

આ ઉપરના અનુમાનો નેકીથ અને માકડનેલ નામના પુરૂષે કરેલ છે. (આત્માનંદ પ્રકાશ. પુસ્તક ૨૪ અંક ૪થો)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# જીવોની ભવસ્થિતિ અને કાયસ્થિતિ.

ભવસ્થિતિ–એક ભવમાં જેટલા વર્ષ રહે તે ભવસ્થિતિ કહેવાય.
કાયસ્થિતિ–એક કાયમાં ફરી ફરી ઉત્પન્ન થવાનો કાળ તે કાયસ્થિતિ.

| | | | |
|---|---|---|---|
| પૃથ્વીકાયની........૨૨૦૦૦ વર્ષની ઉત્કૃષ્ટ ભવસ્થિતિ છે. | | | |
| અપકાયની........ ..૭૦૦૦ | ,, | ,, | ,, |
| વાયુકાયની........ ..૩૦૦૦ | ,, | ,, | ,, |
| તેઉકાયની...........ત્રણ રાત્રીદીવસ | ,, | | ,, |
| વનસ્પતિકાયની.....૧૦૦૦૦ | ,, | ,, | ,, |
| બે ઇન્દ્રિયની.......૧૨ વર્ષ | ,, | ,, | ,, |
| તેઇન્દ્રિયની..........૪૯ રાત્રીદીવસ | ,, | | ,, |
| ચતુરેન્દ્રિયની.......૬ માસની | | ,, | ,, |
| ભૂજપરી ઉરપરિસર્પ તથા જળચર મત્સ્યની } એક ક્રોડ પૂર્વ વર્ષની | | | ,, |
| પક્ષીની...............પલ્યોપમના અસંખ્યાતમા ભાગની | | | |
| ચતુષ્પદની............૩ પલ્યોપમ | | ,, | ,, |
| સમૂચ્છિંમ્ જળચરની...એક ક્રોડ પૂર્વની | | | ,, |
| સમૂચ્છિંમ્ ઉરગની......૫૩૦૦૦ વર્ષની | | | ,, |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમૂચ્છિમ્ ભુજંગની.......૪૨૦૦૦ " "
સમૂચ્છિમ્ ખેચરની........૭૨૦૦૦ " "
સમૂચ્છિમ્ ચતુષ્પદની.....૮૪૦૦૦ " "

આ પ્રમાણે ઉત્કૃષ્ટ ભવસ્થિતિ જાણવી.

સર્વ પ્રકારના તિર્યંચ જીવોની જઘન્ય સ્થિતિ અંતર્મુહુર્તની છે.

મનુષ્ય એક સાથે મનુષ્યના સાત ભવ કરી શકે કદાચ આઠમો ભવ મનુષ્યનો થાય તો અસંખ્યાતાવર્ષનો એટલે યુગલીઆનો થાય ને ત્યાંથી મરી દેવલોકમાં જાય પણ એ આઠ ભવ પછી અવશ્ય બીજી ગતિમાં જાયજ.

તેમજ ગર્ભજ અને સુમુચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય જીવો પણ એક સાથે સાત આઠ ભવો તેજ કાયમાં કરી શકે.

પૃથ્વીકાય-અપકાય-તેઉકાય-વાયુકાય જીવોની કાયસ્થિતિ દરેકની અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળની છે.

વનસ્પતિકાયની અનંત ઉત્સર્પિણીકાળની સ્થિતિ છે.

બેઈન્દ્રિય-તેઈન્દ્રિય અને ચુતુરિન્દ્રિયની કાયસ્થિતિ સંખ્યાત હજાર વર્ષની છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# તિર્થંકર ભગવાન અનંતાબળના ધણી કહેવાય છે.

ઘણા માણસોને પહોંચી શકે તે—૧ યોદ્ધો

| | | | |
|---|---|---|---|
| ૧૨ યોદ્ધાનું | બળ | ૧ બળદમાં | હોય. |
| ૧૦ બળદનું | ,, | ૧ ઘોડામાં | ,, |
| ૧૨ ઘોડાનું | ,, | ૧ પાડામાં | ,, |
| ૧૫ પાડાનું | ,, | ૧ હાથીમાં | ,, |
| ૫૦૦ હાથીનું | ,, | ૧ સિંહમાં | ,, |
| ૨૦૦૦ સિંહનું | ,, | ૧ અષ્ટાપદ પક્ષીમાં | |
| ૧૦ લાખ અષ્ટાપદનું | | ૧ બળદેવમાં | ,, |
| ૨ બળદેવનું | ,, | ૧ વાસુદેવમાં | ,, |
| ૨ વાસુદેવનું | ,, | ૧ ચક્રવર્તીમાં | ,, |
| ૧ લાખ ચક્રીનું | ,, | ૧ નાગેંદ્રમાં | ,, |
| ૧ ક્રોડ નાગેંદ્રનું | ,, | ૧ ઇંદ્રમાં | ,, |

એવા અનંતા ઇંદ્રોનું બળ=જીનેશ્વરની એક ટચલી અંગુલીમાં હોય છે.

(મગધરાજ શ્રેણીક પાનું ૧૧૬)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ચક્રવર્તિ છ ખંડ સાધે તે વગેરે બાબત

### આધિષ્ઠાયક દેવો

મગધદેશ................દેવકુમાર (પૂર્વમાં)
વરદામ....................વરદામદેવ (દક્ષિણ સાગર)
પ્રભાસ.......... .......પ્રભાસદેવ (પશ્ચિમ)
સિંધુ નદીનો દક્ષિણ તથા ઉત્તર પ્રદેશ........(સિંધુ દેવી)
વૈતાઢય પર્વત........વૈતાઢય કુમાર
તમિસ્રાગુફા............કૃતમાલ દેવ
ચુળહિમાદ્રી પર્વત... ....ક્ષુદ્રહેમવંત કુમારદેવ
ગંગા નદીનો પ્રદેશ........ગંગાદેવી
ખંડપ્રતાપાગુફા........નાટયમાલ
તક્ષ સીલાનગીરી........(ગીજની) બાહુબલી

આ વિગેરે અધિષ્ટાયકદેવો તથા મલેચ્છોને ઉત્તરમાં જીતે, વિદ્યાધરોને વશ કરે, ઋષભકુટે ચક્રિપણાનું નામ લખે, ને નવનિધાન પ્રગટે ત્યારે છખંડ સંધાય.

ચક્રવર્તિ છખંડ સાધી મળેલી રિદ્ધિ છોડી દિક્ષા લઇ ધર્મમાં જોડાય તો સર્વ કર્મ ક્ષય કરી તેજ ભવમાં મોક્ષે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જાય, અથવા દેવગતિમાં ઉત્પન્ન થાય, પણ જો રિધિના મોહમાં ભત્ર પૂર્ણ કરે તો મહાન પરિગ્રહની મમતાએ કરી ત્યાંથી મરીને નિશ્ચે નરકમાં જાય.

વાસુદેવ પોતાની રિધ્ધિ ભોગવી નિયાણાવાલા હોવાથી નરકગતિમાં ઉત્પન્ન થાય.

બળદેવ એ વાસુદેવના ઓરમાન ભાઈ હોય છે. અરસ પરસ ઘણા પ્રિતિવાળા હોય છે, પણ બળદેવ તે ભવમાં દિક્ષા લઈ ધર્મારાધન કરી કર્મ અપાવે તો મોક્ષે જાય છે, અથવા દેવગતિનો બંધ કરે તો દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

પ્રતિ વાસુદેવને રાજરિધ્ધિ ભોગવવાને વખતે વાસુદેવ સાથે વિગ્રહનો પ્રસંગ ઉભો થાય ને બન્ને વચ્ચે યુધ્ધ થાય છે; પણ વાસુદેવથી તેનું બળ ઓછું હોવાથી વાસુદેવને હાથે નાશ પામે છે. ને રૌદ્રધ્યાનના લીધે નરક ગતિનો બંધ કરી નરકમાં ઉત્પન્ન થાય છે.

આટલું છતાં ૨૪ તિર્થંકરો ૧૨ ચક્રવર્તિ ૯ વાસુદેવ ૯ બળદેવ ૯ પ્રતિવાસુદેવ એ સર્વે મળી ૬૩ સલાકા પુરૂષો કહેવાય છે. ને આગામીભવોમાં નિશ્ચે મોક્ષે જાય છે.

એવો નિયમ છે કે દરેક ઉત્સર્પિણીમાં એવા ૬૩ શલાકા પુરૂષો ઉત્પન્ન થાય છે ને થશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કલ્પવૃક્ષ દશ જાતના હોય છે.

૧ મત્તંગા........સરખામીઠા રસ આપે.

૨ ભૃંગ...........થાળી-વાડકા વગેરે વાંસણ આપે.

૩ તુર્યાંગ........વાજીંત્ર સહીત ૩૨ નાટક દેખાડે.

૪ જયોતીરંગ...રાત્રે સુર્યની પેઠે પ્રકાશ કરે.

૫ દીપાંગ........ઘરમાં દીવા અજવાળું કરે.

૬ ચીત્રાંગ........સુગંધી ફુળ વગેરે આપે

૭ ચીત્રરસા......મનોવાંછીત ભોજન આહાર આપે.

૮ મણીતાંગ.....ઘરેણાં આભુષણ આદી આપે.

૯ ગેહાકાર.......ઘર આવાસ આપે.

૧૦ અનીતાંગ.....વસ્ત્ર-આસન-શયા-આદી આપે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## ચોવીશ તિર્થંકરોના નામ, આયુષ્ય અને દેહમાન વગેરે.

| | નામ | આયુષ્ય પ્રમાણ | દેહમાન | ગર્ભકાલ પ્રમાણ માસ દીન | લાંછન |
|---|---|---|---|---|---|
| ૧ | રૂષભદેવ | ૮૪લાખપુર્વ | ૫૦૦ ધનુષ્ય | ૯– ૪ | બળદ |
| ૨ | અજીતનાથ | ૭૨ ,, | ૪૫૦ ,, | ૮-૨૫ | હાથી |
| ૩ | સંભવનાથ | ૬૦ ,, | ૪૦૦ ,, | ૯– ૬ | ઘોડો |
| ૪ | અભિનંદન | ૫૦ ,, | ૩૫૦ ,, | ૮–૨૮ | વાંદરો |
| ૫ | સુમતિનાથ | ૪૦ ,, | ૩૦૦ ,, | ૯– ૬ | ક્રોંચપક્ષી |
| ૬ | પદ્મપ્રભુ | ૩૦ ,, | ૨૫૦ ,, | ૯– ૬ | કમળ |
| ૭ | સુપાર્શ્વનાથ | ૨૦ ,, | ૨૦૦ ,, | ૯–૧૯ | સાંથીઓ |
| ૮ | ચંદ્ર પ્રભુ | ૧૦ ,, | ૧૫૦ ,, | ૯– ૭ | ચંદ્ર |
| ૯ | સુવિધિનાથ | ૨ ,, | ૧૦૦ ,, | ૮–૨૬ | મગરમચ્છ |
| ૧૦ | શીતળનાથ | ૧ ,, | ૯૦ ,, | ૯– ૬ | શ્રીવચ્છ |
| ૧૧ | શ્રેયાંસનાથ | ૮૪લાખવર્ષ | ૮૦ ,, | ૯– ૬ | ગેંડો |
| ૧૨ | વાસુપૂજય | ૭૨ ,, | ૭૦ ,, | ૮–૨૦ | પાડો |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૩ | વિમળનાથ | ૬૦લાંખવર્ષ | ૬૦ ધનુષ્ય | ૮–૨૧ | શુકકર |
| ૧૪ | અનંતનાથ | ૩૦ ,, | ૫૦ ,, | ૯– ૬ | સીંચાણો |
| ૧૫ | ધર્મનાથ | ૧૦ ,, | ૪૫ ,, | ૮–૨૬ | વજ્ર |
| ૧૬ | શાંતિનાથ | ૧ ,, | ૪૦ ,, | ૯– ૬ | હરણ |
| ૧૭ | કુંથુનાથ | ૯૫હજારવર્ષ | ૩૫ ,, | ૯– ૫ | બકરો |
| ૧૮ | અરનાથ | ૮૪ ,, | ૩૦ ,, | ૯– ૮ | નંદાવર્ત |
| ૧૯ | મલ્લિનાથ | ૫૫ ,, | ૨૫ ,, | ૯– ૭ | કલશ |
| ૨૦ | મુની સુવ્રતસ્વામી | ૩૦ ,, | ૨૦ ,, | ૯– ૮ | કાચબો |
| ૨૧ | નમિનાથ | ૧૦ ,, | ૧૫ ,, | ૯– ૮ | કાળુકમળ |
| ૨૨ | નેમનાથ | ૧ ,, | ૧૦ ,, | ૯– ૮ | શંખલો |
| ૨૩ | પાર્શ્વનાથ | ૧૦૦ વર્ષ | ૯ હાથ | ૯– ૬ | સર્પ |
| ૨૪ | મહાવિરસ્વામી | ૭૨ ,, | ૭ ,, | ૯– ૭ | સિંહ |

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

## બાર ચક્રવર્તિના નામ વગેરે.

| | નામ | કયા તિર્થંકરના વખતમાં થયા | દેહનું પ્રમાણ | આયુષ્ય | ગતિ |
|---|---|---|---|---|---|
| ૧ | ભરત | ઋષભદેવ ભગવાનના વખતમાં | ૫૦૦ ધનુષ્ય | ૮૪ લાખ પૂર્વ વર્ષ | મોક્ષે ગયા |
| ૨ | સગર | અજીતનાથ સ્વામીના | ૪૫૦ ,, | ૭૨ ,, ,, | ,, ,, |
| ૩ | મઘવા | ધર્મનાથ અને શાંતિનાથના આંતર સમયમાં | ૪૦॥ ,, | ૫ ,, ,, | દેવલોકે ગયા |
| ૪ | સનત્કુમાર | ધર્મનાથ અને શાંતિનાથના આંતર સમયમાં | ૩૯॥ ,, | ૩ ,, ,, | ,, ,, |
| ૫ | શાંન્તિ | શ્રી શાંતિનાથ પોતે થયા | ૪૦ ,, | ૧ લાખ વર્ષનું | મોક્ષે ગયા |
| ૬ | કુંથું | શ્રી કુંથુંનાથ પોતે થયા | ૩૫ ,, | ૯૫૦૦૦ ,, | ,, ,, |
| ૭ | અર | શ્રી અરનાથ પોતે થયા | ૩૦ ,, | ૮૪૦૦૦ ,, | ,, ,, |
| ૮ | સુભુમ | શ્રી અરનાથ અને મલ્લિનાથનાથના આંતર સમયમાં | ૨૮ ,, | ૬૦૦૦૦ ,, | સાતમી નરકે ગયા |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | પદ્મ | મુનિ સુવ્રત સ્વામી અને નેમિનાથના આંતર સમયમાં | ૨૦ ,, | ૩૦૦૦૦ ,, | મોક્ષે ગયા |
| ૧૦ | હરિષેણ | | ૧૫ ,, | ૧૦૦૦૦ ,, | ,, ,, |
| ૧૧ | જય | ખબર નથી | ૧૨ ,, | ૩૦૦૦ ,, | ,, ,, |
| ૧૨ | બ્રહ્મદત્ત | નેમનાથ અને પાર્શ્વનાથના આંતર સમયમાં | ૭ ,, | ૭૦૦ ,, | સાતમી નરકે ગયા |

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

## નવ વાસુદેવના નામ વિગેરે.

| | નામ | કયા તિર્થંકરના સમયમાં થયા | દેહમાન | આયુષ્ય | ગતિ |
|---|---|---|---|---|---|
| ૧ | ત્રિપુષ્ટ | શ્રેયાંસનાથના સમયમાં | ૮૦ ધનુષ્ય | ૮૪ લાખ વર્ષ | ૭મી નરકે ગયા |
| ૨ | દ્વિપુષ્ટ | વાસુપૂજ્ય સ્વામીના ,, | ૭૦ ,, | ૭૨ ,, ,, | છઠ્ઠી નરકે ગયા |
| ૩ | સ્વયંભુ | વિમલનાથના સમયમાં | ૬૦ ,, | ૬૦ ,, ,, | ,, ,, |
| ૪ | પુરૂષોત્તમ | અનંતનાથના સમયમાં | ૫૦ ,, | ૩૦ ,, ,, | ,, , |
| ૫ | પુરૂષસિંહ | ધર્મનાથના સમયમાં | ૪૦ ,, | ૧૦ ,, ,, | ,, ,, |
| ૬ | પુંડરિક | અરનાથ અને મલ્લિ- | ૨૯ ,, | ૬૫ હજાર | ,, ,, |
| ૭ | દત્ત | નાથના સમયમાં | ૨૬ ,, | ૫૬ ,, | પાંચમી ,, |
| ૮ | લક્ષ્મણ | મુનિ સુવ્રત અને નમિ-નાથના આંતર સમયમાં | ૧૬ ,, | ૧૨ ,, | ચોથી ,, |
| ૯ | કૃષ્ણ | નેમનાથના સમયમાં | ૧૦ ,, | ૧ ,, | ત્રીજી ,, |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## બળદેવોના નામ વગેરે.

| | નામ | આયુષ્ય | ગતિ | કોના સમયમાં થયા |
|---|---|---|---|---|
| ૧ | અચલ | ૮૫ લાખ વર્ષ | સિદ્ધિ સુખને પામ્યા | આ બળદેવો વાસુદેવોના મ્હોટા ભાઇઓ હોવાથી જે સમયમાં વાસુદેવો થયા તેજ સમયમાં આ બળદેવો થયા સમજવા. |
| ૨ | વિજય | ૭૫ ,, | ,, | |
| ૩ | ભદ્ર | ૬૫ ,, | ,, | |
| ૪ | સુપ્રભ | ૫૫ ,, | ,, | |
| ૫ | સુદર્શન | ૧૭ ,, | ,, | |
| ૬ | આનંદ | ૮૫ હજારવર્ષ | ,, | |
| ૭ | નંદન | ૫૦ ,, | ,, | |
| ૮ | રામચંદ્ર | ૧૫ ,, | ,, | |
| ૯ | બળભદ્ર | ૧૨૦૦ વર્ષ | પાંચમાંદેવલોકેગયા | |

## પ્રતિવાસુદેવોના નામ.

૧ હયગ્રીવ, ૨ તારક, ૩ મેરક, ૪ મધુ, ૫ નિષ્કુંભ, ૬ બલી, ૭ પ્રલ્હાદ, ૮ રાવણ ૯ જરાસંઘ.

આ પ્રતિવાસુદેવો વાસુદેવોના શત્રુઓ અનુક્રમે થયા છે. ને નરકગતિમાં ગયા છે.

## આવતી ચોવીસીમાં કોના કોના જીવ તીર્થંકર થશે તથા તેમના કેવાં નામ થશે તથા તેમના જીવ હાલ કયાં છે તેની વીગત.

| | કોનો જીવ | હાલ કયાં છે. | તીર્થંકર થશે |
|---|---|---|---|
| ૧ | શ્રેણિક | પહેલી નરકે | પદ્‌મનાભ |
| ૨ | સુપાર્શ્વ (મહાવીરના કાકા) | બીજા દેવલોકે | સુરદેવ |
| ૩ | ઉદાયી (કોણીકનો પુત્ર) | ત્રીજા દેવલોકે | સુપાર્શ્વ |
| ૪ | પોટિલ | ચોથા દેવલોકે | સ્વયંપ્રભ |
| ૫ | દ્રઢકેતુ(મલ્લીનાથનાકાકાજી) | બીજા દેવલોકે | સર્વાનુભુતિ |
| ૬ | કાર્તિકશેઠ (આણંદગાથાપતિનો બાપ) | પહેલા દેવલોકે | દેવશ્રુત |
| ૭ | શંખશ્રાવક | બારમા દેવલોકે | ઉદયપ્રભ |
| ૮ | આનંદશ્રાવક | પહેલા દેવલોકે | પેઢાલ |
| ૯ | સુનંદા | પાંચમા દેવલોકે | પોટિલ |
| ૧૦ | શતકશ્રાવક | ત્રીજી નરકે | શતકિર્તિ |
| ૧૧ | દેવકી | આઠમા દેવલોકે | મુનિસુવ્રત |
| ૧૨ | કૃષ્ણ | ત્રીજી નરકે | અમમ |

| | કોનો જીવ | હાલ કયાં છે | તીર્થંકર થશે |
|---|---|---|---|
| ૧૩ | હરશતકી (રાવણનોપુરોહિત) | પાંચમા દેવલોકે | નિઃકષાય |
| ૧૪ | બળદેવ | છઠ્ઠા દેવલોકે | નિઃપુલાક |
| ૧૫ | સુલસા | પાંચમા દેવલોકે | નિર્મમ |
| ૧૬ | રોહિણી | બીજા દેવલોકે | ચિત્રગુપ્ત |
| ૧૭ | રેવતી (બળદેવની માતા) | બારમા દેવલોકે | સમાધિ |
| ૧૮ | સભાળ | આઠમા દેવલોકે | સંવર |
| ૧૯ | દ્વીપાયન(દ્વારિકાનોબાળનાર) | અગ્નિકુમારભુવને | યશોધર |
| ૨૦ | કોણિક | બારમા દેવલોકે | વિજય |
| ૨૧ | નારદ | પાંચમા દેવલોકે | મલ્લિનાથ (મલ્લિજીન) |
| ૨૨ | અંબડતાપસ | બારમા દેવલોકે | દેવજીત |
| ૨૩ | અમર | નવમા ગ્રૈવેકે | અનંતવીર્ય |
| ૨૪ | સ્વયંબુદ્ધ | સર્વાર્થસિદ્ધે | ભદ્રજીન |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આવતી ઉત્સર્પિણીમાં શલાકા પુરૂષોના નામ

૨૪ તીર્થંકરોના નામ ઉપર આપેલાં છે.

૧૨ ચક્રવર્તિ........દીર્ઘદંત—ગૂઢદંત—શુધ્ધદંત—શ્રીચંદ્ર—શ્રીભૂતિ, શ્રીસોમ–પદ્મ–મહાપદ્મ–દર્શન-વિમલ–અમલવાહન–અરિષ્ટ.

૯ વાસુદેવ........નંદિ–નંદીમિત્ર– સુંદરબાહુ–મહાબાહુ–અતિબલ–મહાબલ–બલ–દ્વિપૃષ્ટ–ત્રિપૃષ્ટ.

૯ પ્રતિવાસુદેવ....તિલક–લોહજંઘ-વજ્રજંઘ–કેશરી-બળી–પ્રલ્હાદ–અપરાજીત–ભીમ–સુગ્રીવ.

૯ બળદેવ........જયંત–અજીત–ધર્મ–સુપ્રભ—સુદર્શન—આનંદ–નંદન–પદ્મ–સંવર્ષણ.

---

તા. ક:–ત્રિષષ્ટિ શકાલા પુરૂષોમાં તિર્થંકર પાંચ વર્ણવાલા–ચક્રી સુવર્ણ વર્ણવાલા–વાસુદેવ શ્યામ વર્ણવાલા–બળદેવ ઉજ્વળ વર્ણવાલા હોય છે. તે સર્વે મોક્ષગામી હોય છે.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# લબ્ધીઓ

૧ અણુત્ર....શરીરને નાનુ કરવું, એક નાના છિદ્રમાં પ્રવેશ કરી શકાય ને ત્યાં ચક્રવર્ત્તિના ભોગો ભોગવાય.

૨ મહત્વ.....મેરૂથી પણ શરીરને મોહોટું કરવાનું સામર્થ્ય.

૩ લઘુત્વ......વાયુથી પણ શરીરને હલકું કરવું.

૪ ગુરૂત્વ......વજ્રથી પણ શરીરને ભારે કરવું.

૫ પ્રાપ્તિ......પૃથ્વીપર રહેલો માણુસ અંગુલીના અગ્રભાગથી મેરૂ પર્વતના અગ્રભાગને તથા સુર્યને પણ સ્પર્શ કરી શકે.

૬ પ્રાકામ્ય....પાણીમાં પૃથ્વીને પેઠે પ્રવેશ કરવાની ને પાણીની પેઠે પૃથ્વી ઉપર ડુબકી મારવાની શકિત.

૭ ઈસીત્વ...............ત્રણ લોકની પ્રભુતા તથા તીર્થંકર ઈંદ્ર વગેરેની રિદ્ધિનું બનાવવું.

૮ વશીત્વ................સઘળા જીવોને વશ કરવાની શક્તિ.

૯ અપ્રતિઘાતિત્ત્વ.......પૃથ્વીમાં સંગ રહીત ગમન.

૧૦ અંતર્ધ્યાન............અદ્રશ્યપણું.

૧૧ કામરૂપીત્વ............એકી વખતે જુદા જુદા આકારની બનાવટ કરવાની શકિત.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રાજ્ઞશ્રમણ................બાર અંગ અને ચઉદ પૂર્વને ભણ્યા વિના પણ જાણે.

વિદ્યાશ્રમણ................મહાવિદ્યાએ; અલ્પમાં અલ્પ વિદ્યા જાણે.

બીજ બુદ્ધિ...............જ્ઞાનાવર્ણાદિકના ક્ષયોપશમથી એક અર્થ સાંભળી અનેક અર્થો જાણે.

પદાનુસારી................એક પદના અર્થને સાંભળી આખા ગ્રંથના અર્થને જાણી શકે.

અક્ષિણ મહાનસોવાળા..ગૌતમ સ્વામીની માફક પાત્રમાં પડેલું અલ્પ માત્ર અન્ન ઘણાઓને દીધાં છતાં ક્ષયપામે નહીં.

અક્ષિણ મહાલયો........જે નાની જગ્યામાં થોડાં માણસ સમાઈ શકે તેમાં અસંખ્યાતા દેવ, તિર્યંચો, મનુષ્યો, પરિવાર સહીત તિર્થંકરોની પર્ષદામાં બેસી શકે તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ગુણઠાણાં.

૧ મિથ્યાત્વ............મિથ્યાત્વનો ઉદય હોય ત્યારે.

૨ સાસ્વાદન...........મિથ્યાત્વનો ઉદય ન હોય ને અનુ-
તાનુંબંધીની ચોકડીનો ઉદય હોય
ત્યારે ઉત્કૃષ્ટિ સ્થિતિ છ આવલીની છે.

૩ મિશ્ર...................સમ્યકત્વ અને મિથ્યાત્વના યોગથી
મિશ્ર હોય ત્યારે.

૪ અવિરતીસમ્યગ્દૃષ્ટિ....પચખ્ખાણનો ઉદય ન હોય તે

૫ દેશ વિરતી........પચખ્ખાણનો ઉદય હોય ત્યારે.

૬ પ્રમત્ત.. ..............સંયમ લઇ પ્રમાદમાં રહે ત્યારે.

૭ અપ્રમત્ત.......... ...સંયમ લઇ પ્રમાદ ન રહે ત્યારે.

૮ અપૂર્વ કરણ અથવા....પહેલાં કર્મોની સ્થિતિ ઘાતને નહીં
નિવૃતિબાદર.........કરતો હતો તે કરાય ત્યારે અને
ઉપશમશ્રેણીઓ જેમાં ત્યાંથી ક્ષપક
અને બાદર કષાયો નિવર્તે ત્યારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૯ અનિવૃતીબાદર.......જ્યારે કષાયોના પરીણામો નનિવર્તેત્યારે
૧૦ સુક્ષ્મ સંપરાય.......ઉપલા નવમાંમાં ક્ષપક અને ઉપશમ શ્રેણીઓ છે તે શ્રેણીવાળું.
૧૧ ઉપશાંત મોહ.......મોહનો ઉપશાંત થાય ત્યારે.
૧૨ ક્ષીણ મોહ...........મોહનો સત્તામાંથી પણ ક્ષય થાય ત્યારે.
૧૩ સયોગી કેવલી......ઘાતીકર્મોનો ક્ષય થવાથી કેવળજ્ઞાન થાય ત્યારે.
૧૪ અયોગી કેવલી.....મન-વચન કાયાનાયોગો રૂંધાઇ જાય ત્યારે.

મિથ્યાત્વ-અવિરતી-પ્રમાદ-કષાય-અને યોગ એ બંધ હેતુનો અભાવ થાય અને ચાર ઘાતી કર્મોનો નાશ થાય ત્યારે કેવળજ્ઞાન થાય છે.

બાકીના ચાર અઘાતી કર્મો (આયુ-નામ-ગોત્ર-અંતરાય) નો ક્ષય થવાથી મોક્ષ મળે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# મહાવીર ભગવંતે કરેલા તપની વિગત

ભગવંત મહાવીરે દીક્ષાગ્રહણ કર્યા પછી બાર વર્ષ ને સાડા છ માસ ગયા પછી તેમને કેવળ જ્ઞાન ઉત્પન્ન થયું છે. તે દીક્ષા પર્યાયના કાળમાં ભગવંતે કરેલા તપની વિગત નીચે પ્રમાણેઃ—

| તપનું નામ. | કેટલા કર્યા. | કુલ દિવસ | પારણાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ પુરણ છમાસી | ૧ | ૧૮૦ | ૧ |
| ૨ પંચ દિવસૂણ છમાસી | ૧ | ૧૭૫ | ૧ |
| ૩ ચાર માસી | ૯ | ૧૦૮૦ | ૯ |
| ૪ ત્રણ માસી | ૨ | ૧૮૦ | ૨ |
| ૫ અઢી માસી | ૨ | ૧૫૦ | ૨ |
| ૬ બે માસી | ૬ | ૩૬૦ | ૬ |
| ૭ દોઢ માસી | ૨ | ૯૦ | ૨ |
| ૮ એક માસી | ૧૨ | ૩૬૦ | ૧૨ |
| ૯ અર્ધ માસી | ૭૨ | ૧૦૮૦ | ૭૨ |
| ૧૦ અઠમ તપ | ૧૨ | ૩૬ | ૧૨ |
| ૧૧ છઠ તપ | ૨૨૯ | ૪૫૮ | ૨૨૮ |
| ૧૨ ભદ્રપ્રતિમા | ૧ | ૨ | ૧ |
| ૧૩ મહાભદ્ર પ્રતિમા | ૧ | ૪ | ૧ |
| ૧૪ સર્વતો ભદ્રપ્રતિમા | ૧ | ૧૦ | ૧ |
| | | ૪૧૬૫ | ૩૫૦ |



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભગવંતે તમામ તપ ચૌવિહારપણે કરેલો છે એટલુંજ નહીં પણ આહાર વખતે પણ પાણી વાપરતા નહિં. ભગવંતના અતિશય એવા હતા કે પાણી વગર હાથ મોં સ્વચ્છ થતા હતા.

અત્રે શંકા થાય કે આટલા દિવસ આહાર પાણી વિના શરીર કેમ ટકી શકે ? પણ ભગવંતના અતિષય સંઘયણુ અલૌકિક હતા એટલે શંકાને સ્થાન હોયજ નહિં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# જીવના ૫૬૩ ભેદ

૧૪ નારકીના ભેદ

૭ પર્યાપ્તા ૭ અપર્યાપ્તા=૧૪

૪૮ તિર્યંચના ભેદ

૨૮ પૃથ્વીકાય-અપકાય-તેઉકાય-વાઉકાય એ ચાર સુક્ષ્મ અને ચાર બાદર=૮ તથા પ્રત્યેક વનસ્પતિકાય-સાધારણ વનસ્પતિકાય-અને સુક્ષ્મ વનસ્પતિકાય=૩ તથા બેઇંદ્રિ-તેઇદ્રિ-ચૌરેંદ્રિ=૩ મળી કુલ ૧૪ થયા. એ ૧૪ પર્યાપ્તા અને ૧૪ અપર્યાપ્તા=૨૮

૨૦ જળચર-થળચર-ખેચર-ઉરપરિસર્પ-અને ભૂજપરિસર્પ એ પાંચ ગર્ભજ અને પાંચ સમૂર્છિમ મળી=૧૦. એ ૧૦ પર્યાપ્તા અને ૧૦ અપર્યાપ્તા મળી કુલે=૪૮.

૩૦૩ મનુષ્યના ભેદ

૧૫ કર્મભૂમિ-૩૦ અકર્મભૂમિ-૫૬ અંતરદ્વીપ=૧૦૧ એ ૧૦૧ ગર્ભજ પર્યાપ્તા અને ગર્ભજ અપર્યાપ્તા અને ૧૦૧ સમૂર્છિમ કુલ્લે=૩૦૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૯૮ દેવતાના ભેદ

૧૫ પરમાધામી

૮ વ્યંતર

૮ વ્યાણવ્યંતર

૧૦ ભુવનપતિ

૧૦ તિર્યંગ જૂંભક

૧૦ જ્યોતિષી

ચંદ્ર-સૂર્ય-ગ્રહ-નક્ષત્ર-તારા એ પાંચ અઢીદ્વિપમાં ફરતા અને પાંચ અઢીદ્વિપની બહાર સ્થિર છે.

૯ લોકાંત્તિક

૩ કિલ્બિષિયા.

૧૨ કલ્પદેવલોક

૯ ગ્રૈવેક

૫ અનુત્તરવિમાન

એ રીતે ૯૯ ભેદ પર્યાપ્તા અને ૯૯ અપર્યાપ્તા. એ રીતે ૧૪ નારકીના ૪૮ તિર્યંચના ૩૦૩ મનુષ્યના ૧૯૮ દેવતાના મળે કુલે ૫૬૩ ભેદ જાણવા.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# જીવ વિચાર.

- સંસારી
  - સ્થાવર
    - પૃથ્વીકાય
    - અપકાય
    - તેઉકાય
    - વાઉકાય
    - વનસ્પતિકાય
      - પ્રત્યેક
      - સાધારણ
  - ત્રસ
    - બેઇંદ્રી
    - તેરેંદ્રી
    - ચૌરેંદ્રી
    - પંચેંદ્રી
      - દેવતા
        - ભુવનપતિ
          - અસુર કુમાર નીકાય ૧
          - નાગ કુમાર નીકાય ૨
          - સુવર્ણ કુમાર નીકાય ૩
          - વિદ્યુત કુમાર નીકાય ૪
          - અગ્નિ કુમાર નીકાય ૫
          - દ્વીપ કુમાર નીકાય ૬
          - ઉદધિ કુમાર નીકાય ૭
          - દિશિ કુમાર નીકાય ૮
          - પવન કુમાર નીકાય ૯
          - સ્તનીતકુમાર નીકાય ૧૦
        - વ્યંતર
          - વ્યંતર
            - ૧ પીશાચ ૨ ભુત
            - ૩ યક્ષ ૪ રાક્ષસ
            - ૫ કીંનર ૬ કીંપુરૂષ
            - ૭ મહોરગ ૮ ગંધર્વ
            - તીર્યંચ ઝૂંભક=૧૦
            - પરમાધામી==૧૫
          - વાણવ્યંતર
            - ૧ અણપ નીકાય ૨ પણપ નીકાય
            - ૩ એસીવેદી નીકાય ૪ ભુતવાદી નીકાય
            - ૫ કંદીન નીકાય ૬ મહાકંદીત નીકાય
            - ૭ કોહંડ નીકાય ૮ પતંગ નીકાય
        - જ્યોતિષી
          - ચંદ્ર
          - સૂર્ય
          - ગ્રહ
          - નક્ષત્ર
          - તારા
          - ૫=આ પાંચ ચલ
          - ૫=આ પાંચ અઢીદ્વીપની બહાર સ્થીર
        - વૈમાનીક દેવતા
          - કલ્પ
            - ૧ સુધર્મ ૨ ઇશાન
            - ૩ સનતકુમાર ૪ મહેંદ્ર
            - ૫ બ્રહ્મ ૬ લાંતક
            - ૭ મહા શુક્ર ૮ સહસ્ત્રાર
            - ૯ આનંત ૧૦ પ્રાણંત
            - ૧૧ આરણ ૧૨ અચ્યુત દેવલોક
            - કીલ બીષ્યા ૩
            - લોકાંતીક ૯
          - ક
            - નવગ્રૈવેક
              - ૧ સુદર્શન
              - ૨ સુપ્રતિબધ
              - ૩ મનોરગ
              - ૪ સર્વભદ્ર
              - ૫ વીશાળ
              - ૬ સુમનસ
              - ૭ સુમહાસ
              - ૮ પ્રીયંકર
              - ૯ આદીત્ય
- મોક્ષ–
  - ૧ જીણસિદ્ધા
  - ૬ અન્યલીંગે સિ
  - ૧૧ પ્રત્યેક બુધસિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

॥

| | | | | |
|---|---|---|---|---|
| [illegible] | ૨ અજીણસિદ્ધા | ૩ તીર્થસિદ્ધા | ૪ અતીર્થસિદ્ધા | ૫ ગૃહલીંગે સિદ્ધા |
| ...દ્ધા | ૭ સ્વલીંગે સિદ્ધા | ૮ સ્ત્રીલીંગે સિદ્ધા | ૯ પુરૂષલીંગે સિદ્ધા | ૧૦ નપુશકલીંગે સિદ્ધા |
| ...દ્ધા | ૧૨ સ્વયંબુધ સિદ્ધા | ૧૩ બોધબોધીતસિદ્ધા | ૧૪ એક સિદ્ધા | ૧૫ અનેક સિદ્ધા |

...પાતીત

અનુત્તરવિમાન

૧ વિજય
૨ વિજયંત
૩ જયંત
૪ અપરાજીત
૫ સર્વાર્થસિદ્ધ

મનુષ્ય

- કર્મભૂમી
  - ૫ ભરત
  - ૫ ઐરવત
  - ૫ મહાવિદેહ
- અકર્મભૂમી
  - ૫ હેમવંત
  - ૫ ઐરણ્યવ્રત
  - ૫ રમ્યક
  - ૫ દેવકુરૂ
  - ૫ હરીવર્ષ
  - ૫ ઉત્તરકુરૂ
- અંતરદ્વીપ
  - પર્વતની આઠ દાઢા તે દરેક ઉપર સાત ક્ષેત્ર એટલે કુલ ૫૬ ક્ષેત્ર

નારકી

- સાત નરકના સાત

તીર્યંચ

- જળચર
- થળચર
- ખેચર



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## બાર દેવલોકના નામ.

| | |
|---|---|
| ૧ સુધર્મ દેવલોક | ૨ ઇશાન દેવલોક |
| ૩ સન્નત કુમાર દેવલોક | ૪ મહેંદ્ર દેવલોક |
| ૫ બ્રહ્મ દેવલોક | ૬ લાંતક દેવલોક |
| ૭ મહાશુક્ર દેવલોક | ૮ સહસ્રાર દેવલોક |
| ૯ આનંત દેવલોક | ૧૦ પ્રાણુંત દેવલોક |
| ૧૧ આરણ્ દેવલોક | ૧૨ અચ્યુત દેવલોક |

## જીવ પંદર પ્રકારે સિદ્ધિ પદ પામે

| | |
|---|---|
| ૧ જીણ્ સિદ્ધા. | ૨ અજીણ્ સિધ્ધા. |
| ૩ તીર્થ સિધ્ધા. | ૪ અતીર્થ સિદ્ધા. |
| ૫ ગૃહલિંગે સિદ્ધા. | ૬ અન્યલિંગે સિધ્ધા. |
| ૭સ્વલિંગે સિદ્ધા. | ૮ સ્ત્રિલિંગે સિધ્ધા. |
| ૯ પુરૂષલિંગે સિધ્ધા. | ૧૦ નપુંસકલિંગે સિધ્ધા. |
| ૧૧ પ્રત્યેક બુધ્ધ સિધ્ધા. | ૧૨ સ્વયં બુધ્ધ સિધ્ધા. |
| ૧૩ બોધ બોધિત સિદ્ધા. | ૧૪ એક સિદ્ધા. |
| ૧૫ અનેક સિધ્ધા. | |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# નવ તત્વના નામ

| | | |
|---|---|---|
| ૧ જીવતત્વ | ૨ અજીવતત્વ | ૩ પુણ્યતત્વ |
| ૪ પાપતત્વ | ૫ આશ્રવતત્વ | ૬ સંવરતત્વ |
| ૭ નિર્જરાતત્વ | ૮ બંધતત્વ | ૯ મોક્ષતત્વ |

જીવ.........પ્રાણોને ધારે તે જીવ અથવા જ્ઞાનાદિક ચેતના લક્ષણ સહીત હોય તે જીવ

અજીવ........જ્ઞાનાદિક ચેતના લક્ષણ વિનાનો તે અજીવ.

પુણ્ય..........કર્મની સુભ પ્રકૃતિ તે પુન્ય.

પાપ...........કર્મની અશુભ પ્રકૃતિ તે પાપ.

આશ્રવ........જે થકી કર્મ આવે તે આશ્રવ.

સંવર..........જે થકી કર્મ આવતાં રોકાય તે સંવર.

નિર્જરા........દેશથી કર્મનો ક્ષય થાય તે નિર્જરા.

બંધ............જુના કર્મની સાથે નવાં બંધાય તે બંધ.

મોક્ષ............સર્વ કર્મનો ક્ષય તે મોક્ષ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સુક્ષ્મ-બાદર-સન્નિ-પર્યાપ્તિની સમજ.

સુક્ષ્મ..... ..........જે ચાદરાજ લોકમાં વ્યાપી રહ્યા છે. જે કોઇથી છેદાય ભેદાય નહી, અગ્નિથી બળે નહીં, અને ચર્મ દ્રષ્ટિએ દેખાય નહીં, એવા જેને સુક્ષ્મ નામ કર્મનો ઉદય છે તે.

બાદર................જે નિયત સ્થાનવર્તી છે, પરંતુ કોઇ વસ્તુને છેદી ભેદી શકે નહીં ને જે બીજી વસ્તુથી છેદાય ભેદાય, જેને અગ્નિ બાળી શકે, ચર્મ દ્રષ્ટિથી જોઇ શકાય, એવા દ્રશ્ય જેને બાદર નામ કર્મનો ઉદય છે તે.

સન્નિ................જેને મન સંજ્ઞા હોય તે.

પર્યાપ્તિ..............આહારાદિક પુદગલનો મેળાપ તે.

પર્યાપ્તા..............જેને જેટલી પર્યાપ્તિ કહી હોય તે પૂરી થયા પછી મરણ પામે તે.

અપર્યાપ્તા..........જેને જેટલી પર્યાપ્તિ કહી હોય તેટલી પૂરી કીધા વિના મરણ પામે તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આહાર પર્યાપ્તિ.... દરેક જીવને જન્મ થતાં ને સમયે આહાર લઈને તેને રસપણે પરિણમાવવાની શકિત તે.

શરીર પર્યાપ્તિ......રસરૂપ પરિણામને રસ, રૂધિર, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, તથા વીર્ય, એ સાત ધાતુપણે પરિણમાવીને શરીર બાંધવાની શકિત તે.

ઇંદ્રિય પર્યાપ્તિ.....ધાતુપણે પરિણમાવેલો રસ જેને જેટલી દ્રવ્ય ઇંદ્રિય જોઇએ તેટલી ઇંદ્રિયપણે પરિણમાવવાની શકિત. ઉપરની ત્રણ પર્યાપ્તિ પૂરી કર્યા વિના કોઇ જીવ મરે નહીં.

શ્વાસોશ્વાસ પર્યાપ્તિ....ઉપરની ત્રણ પર્યાપ્તિ બાંધીને શ્વાસોશ્વાસને યોગ્ય વર્ગણાના પુદ્ગલ લઈ શ્વાસોશ્વાસપણે પરિણાવવાની શકિત તે.

ભાષા પર્યાપ્તિ........ભાષા યોગ્ય પુદ્ગલ લઇ ભાષાપણે પરિણમાવવાની શકિત તે.

મન પર્યાપ્તિ........મનોવર્ગણાના યોગ્ય પુદ્ગલ લઈ મનપણે પરિણમાવવાની શકિત તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પરિસહો

૧ ક્ષુધા પરિસહ....ગમે તેવી ભુખ લાગે પણ સાધુ દોષવાળો આહાર લે નહીં, ને સમતાથી ભુખની વેદના સહન કરે તે.

૨ તૃષા પરિસહ......ગમે તેવી તૃષા લાગી હોય પણ સાધુ સચીત પાણીની વાંછા પણ કરે નહીં, ને તૃષાવેદની સમતાથી સહન કરે તે.

૩ શીત પરિસહ.....ગમે તેવી ટાઢ પડે પણ અકલ્પનીય વસ્ત્રની વાંછા પણ કરે નહીં, તેમજ અગ્નિથી તાપે નહીં. ને ટાઢ સહન કરે તે.

૪ ઉષ્ણ પરિસહ.... ગમે તેવી ગરમી પડતી હોય તોપણ વિહાર કરતાં છત્રની કે લુગડાની કે છાંયાની કે વિંઝણાના પવનની, શીત-ળજળના સ્નાનની કે વિલેપનની ઈચ્છા કરે નહીં ને આતાપના સહન કરે તે.

૫ દંશ પરિસહ.... ડાંસ, મચ્છર, જૂ, માંકડ, વગેરે તીક્ષણ ડંખ મારે પણ તેના ઉપર દ્વેષ કરે નહીં ને સમભાવથી સહન કરે તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬ અચેલક પરિસહ...મુનિઓને જે વસ્ત્ર રાખવાનું પ્રમાણ કહયું છે તે પ્રમાણે મુર્છારહિત રાખે. કદાચ વસ્ત્ર જુનું છતાં બીજું મળે નહીં. તોપણ મનમાં દીનતા ધરે નહીં. ને રૂડી પ્રકારે સમાધિમાં રહે તે.

૭ અરતિ પરિસહ...કદાચ વિહારાદિક પ્રસંગે સંયમમાં અરતિ ઉપજે તોપણ ધર્મને વિષે રકત થાય અને અરતિ દૂર કરે તે.

૮ સ્ત્રી પરિસહ......સ્ત્રીઓને જોઈ તેનાં અંગ ઉપાંગ, હસવું વિલાસાદિ કુચેષ્ટાઓની વિચારણા કરે નહીં; કામ બુદ્ધિએ દ્રષ્ટિ સાથે દ્રષ્ટિ મેળવી જુએ નહીં તે.

૯ ચર્યા પરિસહ.....મુનિએ એક સ્થાને રહેવું નહીં અને શાસ્ત્ર રીતે વિહાર કરવો; કદાચ કારણ પરત્વે રહેવું પડે તો મમત્વ રહિત પણે રહે.

૧૦ નૈષેધિકી પરિસહ..કોઇ મુની કાર્યોત્સર્ગાદિ કારણે કોઈ સ્થાને રહયા હોય ત્યાં જો સ્ત્રી, પશુ વગેરેનો કોઇ ઉપસર્ગ થાય તો ઉદ્વેગ રહિત સહન કરે તે.

૧૧ શય્યા પરિસહ....શય્યાની ભુંમિ ઉંચી નીચી હોય, ધુળ
કાંકરાવાળી, ખરાબ હોય તો પણ તે
વિષે ઉદ્વેગ ધરે નહીં ને સહન કરે તે.

૧૨ આક્રોશ પરિસહ..કોઈ અજ્ઞાની ક્રોધથી તિરસ્કારના વચન
કહે, પણ સામો ક્રોધ કરે નહી પણ
વિચાર કરે કે એ મારો ઉપકારી છે,
એમ ધારીને સમતાથી સહન કરે તે.

૧૩ વધ પરિસહ.......કોઇ દુષ્ટાત્મા સાધુને ઢીંકા પાટુ મારે
અથવા વધ કરે, તો પણ તેના ઉપર
રોષ કરે નહીં ને વિચાર કરે કે આ
શરીર તો પુદ્ગલરૂપ છે, જીવનો તો
કોઈ વધ કરી શકતો નથી. જે મને
શરીર સંબંધી દુઃખ થાય છે તે મારાં
અશુભ કર્મ ઉદયમાં આવ્યાં છે તે ભોગવે
છુટકો છે. એવું ધારી સહન કરે.

૧૪ યાચના પરિસહ...કોઈ મુની સંયમના નિર્વાહને અર્થે
વસ્ત્ર, પાત્ર, અન્ન, પાન, આદી કોઈ
ચીજની ગૃહસ્થ પાસે યાચના કરે,
તે લજ્જા છાંડીને કરે, કોઇ વાતે
હલકાપણું લાવે નહિ ને ભિક્ષા માંગવી
એ યતિનો ધર્મજ છે એમ વિચારે તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૫ અલાભ પરિસહ..ગૃહસ્થના ઘરમાં કોઈ વસ્તુ ઘણી હોવા છતાં ન આપે તો તે વિષે મનમાં ઉદ્વેગ ધરે નહીં ને હલકુ વચન બોલે નહી ને સમતા ધરે તે.

૧૬ રોગ પરિસહ....સાધુને જ્યારે કંઇ જ્વર, અતિસાર ઇત્યાદિ રોગ ઉત્પન્ન થાય ત્યારે સમતાથી સહન કરે. અને શાસ્ત્રાધારે નિર્વદ્ય ચિકિત્સા કરાવે; કર્મ વિપાક સહન કરે; હાય વોય કરે નહી અને આર્ત્તધ્યાન કરે નહી. જીન કલ્પી સાધુ તો રોગની ચિકિત્સા કરાવવાની ઇચ્છા પણ કરે નહીં.

૧૭ તૃણસ્પર્શ પહિસહ.ગચ્છવાસી સાધુ સંથારા માટે વસ્ત્ર વાપરે, પણ ભુમિકા ભીની હોય તો ડાભનો સંથારો કરે, પણ તે શરીરને લાગે તો પણ દુઃખ ચિંતવે નહીં તે.

૧૮ મલ પરિસહ.....શરીરે મેલ ચઢયો હોય ને પરસેવાથી દુર્ગંધ મારતી હોય પણ સ્નાનની ઇચ્છા ન કરે તે.

૧૯ સત્કાર પરિસહ..સાધુની કોઈ પ્રસંશા કરે, ચરણ સ્પર્શ કરે, નમન કરે, કોઈ રાજા નિમંત્રણ

કરે, આદિ સત્કાર કરે, પણ મનમાં અભિમાન કરે નહીં; કદાચ કોઇ સત્કાર ન કરે તોપણ મનમાં ઉદ્વેગ કરે નહીં તે.

૨૦ પ્રજ્ઞા પરિસહ....પુર્વભવમાં જ્ઞાન આરાધ્યું હોય અને ઘણા શ્રુતનો જાણ હોય તો પણ તે સાધુ મનમાં ગર્વ કરે નહીં, કદાચ જ્ઞાન આરાધ્યું ન હોય તો તેના અભાવે ઉદ્વેગ પણ કરે નહીં, પણ પૂર્વકર્મનું સ્વરૂપ સમજી અભ્યાસમાં ઉદ્યમ કરે તે.

૨૧ અજ્ઞાન પરિસહ....વસ્તુતત્વનું શ્રુતજ્ઞાનથી જાણવાનો અભાવ તે અજ્ઞાન કહેવાય; સાધુ મનમાં તે વખતે ચિંતવે નહીં કે હું સાધુપણાની સર્વ ક્રિયા કરૂં છું. પણ મને આગમનું જ્ઞાન નથી. તે મને ધિઃકારહો એવું ચિંતવે નહીં પણ સમતા રાખે અભ્યાસ જારી રાખે.

૨૨ સમ્યકત્વ પરિસહ....આગમની બારીક વાતો સાંભળી અશ્રધ્ધા કરવી નહીં. દેવતા ઇંદ્રો સાંનિધ્ય કરતા ન હોય તેથી દેવતા ઇંદ્રો છે કે નહીં એવી અશ્રધ્ધા કરવી નહીં. અન્ય દર્શનિયોની ઋધિ જોઇ મુઝાવું નહીં તે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## વખતનું પ્રમાણ.

અસંખ્યતા સમય........૧ આવલી

૧૬૭૭૭૨૧૬ આવલી............૧ મુહુર્ત=૨ ઘડી

૩૭૭૩ શ્વાસોશ્વાસ........૧ મુહુર્ત

૩૦ મુહુર્ત..............૧ દીવસ

૧૫ દીવસ.... .... ......૧ પખવાડીઉં

૨ પખવાડીઆ.......૧ માસ

૧૨ માસ............ ....૧ વર્ષ

૫ વર્ષ...................૧ યુગ

૮૪૦૦૦૦૦ ચોરાશી લાખ વર્ષ..૧ પુર્વાંગ

૮૪૦૦૦૦૦ પુર્વાંગ..............૧ પુર્વ

૮૪ લાખ×૮૪ખાલ=૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષ....૧ પુર્વ

૮૪ પુર્વ........ .........૧ તુડીતાંગ

૮૪ તુડીતાંગ............૧ ડડંગ

૮૪ ડડંગ................૧ અવવંગ

૮૪ અવવંગ............૧ હુહુઅંગ

૮૪ હુહુઅંગ............૧ ઉત્પલઅંગ

૮૪ ઉત્પલઅંગ.........૧ પદમાંગ

૮૪ પદમાંગ............૧ નલીનાંગ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૮૪ નલીનાંગ............૧ પુર્નાંગ
૮૪ પુર્નાંગ..............૧ અનુઅંગ
૮૪ અનુઅંગ...........૧ નઉઅંગ
૮૪ નઉઅંગ........ ....૧ પ્રભુત ચુલીકાઅંગ
૮૪ ચુલીકાઅંગ.... ....૧ શીર્ષ પ્રહેલીકાઅંગ

ત્યાર પછી પલ્યોપમ. અસંખ્યાતા વર્ષનું પલ્યોપમ થાય છે.

૧૦ કોડાકોડી પલ્યોપમ........૧ સાગરોપમ
૧૦ કોડા કોડી સાગરોપમ.......૧ ઉત્સર્પિણી
૧૦ કોડા કોડી સાગરોપમ....૧ અવસર્પિણી
૨૦ કોડા કોડી સાગરોપમ....૧ કાળચક્ર
અનંતા કાળચક્રે........ .....૧ પુદગલ પરાવર્તન

અધિકાર ઘણુ કરી ભગવતીજીના ૨૫મે સતકે ૫ માં ઉદ્દેસે કહ્યો છે (નક્કી ખબર નથી.)

આ અવસર્પિણી તથા ઉત્સર્પિણીના બાર આરાના સમયને એક કાળચક્ર કહે છે. તેના વીસ કોડા કોડી સાગરોપમ વર્ષ થાય.

૧લા આરામાં છોરૂયુગલ જનમ્યા પછી ૪૯ દીવસ પાલના કરે.
૨જા " " " ૬૪ " " "
૩જા " " " ૭૯ " " "

ત્યારપછી તે યુગલના માતપીતા મરણ પામે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ ત્રણે આરામાં પંચે દ્રીજીવ માત્ર યુગલીઆં જાણવાં.

યુગલીઆ ભલા મનવાળા, અલ્પ કષાયવાળા, રૂપવંત, સમચોરસ શરીરવાળા, સુંદરાકાર હોય છે,

એ યુગલીઆ મનુષ્ય હોય અથવા તીર્યંચ હોય પણ તે પોતાના આયુષ્યથી ઓછા અથવા તેટલાજ આયુષ્ય પ્રમાણે દેવતામાં જઇ ઉપજે.

અવસર્પિણીના ત્રીજા આરાને વીશે ૮૯ પખવાડીઆ બાકી રહે ત્યારે પહેલાં તીર્થંકર સિદ્ધિપદ પામે અને ચોથા આરાના ૮૯ પખવાડીઆં બાકી રહે ત્યારે ચોવીશમાં તીર્થંકર સિદ્ધિપદ પામે.

ઉત્સર્પિણીના ત્રીજા આરાના ૮૯ પખવાડીઆં જાય ત્યારે પહેલા તર્થંકર જન્મે અને ચોથા આરાના ૮૯ પખવા-ડીઆં જાય ત્યારે છેલ્લા તીર્થંકર જન્મે.

પાંચમા આરાને અંતે જૈન ધર્મ આદિ સર્વે ચીજનો નાશ થાય છે.

છઠ્ઠા અરાના મનુષ્ય, મત્સ્યનો આહાર કરે, માઠારૂપ વાળા હોય નિર્દય હોય, બીલને વિષે રહેવાવાળા હોય, વસ્ત્ર વિના પશુની માફક નગ્ન ફરે, પીતા પુત્ર, સ્રી બેહેન, વગેરેનો વિચાર ન હોય, છ વર્ષની સ્રી ગર્ભ ધારણ કરે. અતિ દુઃખે પ્રસવ કરે, સ્રીઓને ઘણાં છોરૂં હોય.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પાંચમા આરામાં થનારા યુગ પ્રધાનોના ત્રેવીશ ઉદયની સમજ.

(મહાન સંપ્રતિ. સસ્તી વાંચનમાળા. પાનું ૨૮૧–૨૮૬)

ભસ્મગ્રહના બે હજાર વર્ષ અને પાંચશો વકીના મળી પચ્ચીશો વર્ષ શાસન ડોળાશે. પણ તે પછી જૈનધર્મનો ઉદય થશે. તે આ પાંચમાં આરાના છેવટ સુધી એકવીશ હજાર વર્ષ પર્યંત અસ્ખલિત પણ ચાલશે. આ પાંચમાં આરામાં ૨૦૦૪ યુગ પ્રધાનોના ત્રેવીશ ઉદય થવાના છે.

સર્વે યુગ પ્રધાનો એકાવતારી હોય. તેઓ જ્યાં જ્યાં વિચરે ત્યાં ચારે દિશામાં અઢી જોજન ભૂમિમાં દુષ્કાળ ત હિંસક જીવોનો ભય હોય નહીં.

જગત વિખ્યાત કલંકી આઠમાં ઉદયની શરૂઆતમા શ્રી પ્રભયુગ પ્રધાનના સમયમાં થશે.

પહેલો ઉદય શ્રીમહાવીરના નિર્વાણથી ૬૧૭ સુધીમાં સમાપ્ત થશે. પછી બીજો ઉદય ૧૩૮૦ વર્ષ ચાલશે.

એ પ્રમાણે યુગપ્રધાનો તથા ઉદય વગેરેનું કોષ્ટક નીચે પ્રમાણે સમજવું.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| ઉદયમાં | યુગ પ્રધાનની સંખ્યા | પહેલા યુગ પ્રધાન થશે. | છેલ્લા યુગ પ્રધાન થશે. | વર્ષ ચાલશે. |
|---|---|---|---|---|
| ૧ | ૨૦ | સુધર્માસ્વામિ | પુષ્પમિત્ર | ૬૧૭ |
| ૨ | ૨૩ | વજ્રસેન | અર્હન્મિત્ર | ૧૩૮૦ |
| ૩ | ૯૮ | પાડિવયસૂરિ | વૈશાખ | ૧૫૦૦ |
| ૪ | ૭૮ | હરિસ્સહ | સત્કીર્તિ | ૧૫૪૫ |
| ૫ | ૭૫ | નંદિમિત્ર | થાવર સુત | ૧૯૦૦ |
| ૬ | ૮૯ | સૂરસેન | રહસુત | ૧૯૫૦ |
| ૭ | ૧૦૦ | રવિમિત્ર | જયમંગલ | ૧૭૭૦ |
| ૮ | ૮૭ | શ્રીપ્રભ | સિદ્ધાર્થ | ૧૦૧૦ |
| ૯ | ૯૫ | મણીરતિ | ઈશાન | ૮૮૦ |
| ૧૦ | ૮૭ | યશોમિત્ર | રથમિત્ર | ૮૫૦ |
| ૧૧ | ૭૬ | ધણસિંહ | ભરણીમિત્ર | ૮૦૦ |
| ૧૨ | ૭૮ | સત્યમિત્ર | દ્રઢમિત્ર | ૪૪૫ |
| ૧૩ | ૯૪ | ધમ્મિલ | સંગતિમિત્ર | ૫૫૦ |
| ૧૪ | ૧૦૮ | વિજયાનંદ | શ્રીધરસુત | ૫૯૨ |
| ૧૫ | ૧૦૩ | સુમંગલ | માગધસુત | ૯૬૫ |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

| ઉદયમાં | યુગ પ્રધાનની સંખ્યા | પહેલા યુગ પ્રધાન થશે. | છેલ્લા યુગ પ્રધાન થશે. | વર્ષ ચાલશે |
|---|---|---|---|---|
| ૧૬ | ૧૦૭ | જયદેવ | અમરસુત | ૭૧૦ |
| ૧૭ | ૧૦૪ | ધર્મસિંહ | રેવતીમિત્ર | ૬૫૫ |
| ૧૮ | ૧૧૫ | સુરદિન્ન | કીર્તિમિત્ર | ૪૬૦ |
| ૧૯ | ૧૩૩ | વૈશાખ | સિંહમિત્ર | ૩૫૯ |
| ૨૦ | ૧૦૦ | કૌડિલ્ય | કુલકમિત્ર | ૪૦૮ |
| ૨૧ | ૯૫ | માથુર | કલ્યાણમિત્ર | ૫૭૦ |
| ૨૨ | ૯૯ | વિષ્ણુપુરી | દેવમિત્ર | ૫૯૦ |
| ૨૩ | ૪૦ | શ્રીદત્ત | દુપ્પસહસૂરિ | ૪૪૦ |

છેલ્લા દુપ્પસહસૂરિ યુગ પ્રધાન પછી પાંચમો આરો પૂરો થતાં જૈનધર્મ નષ્ટ થશે. છઠ્ઠો આરો બેસશે. એ આરો એકવીશ હજાર વર્ષનો પૂરો થતાં પહેલો આરો છઠ્ઠા આરા જેવોજ બેસશે. અવસર્પિણીનો છેલ્લો ને ઉત્સર્પિણીનો પહેલો આરો ધર્મ-કર્મ અને વ્યવહાર રહિત સમજવો. એ આરાની અંતમાં સાત દિવસ પર્યંત જુદી જુદી જાતનાં વરસાદ થતાં પૃથ્વીમાં ધાન્ય વગેરે ઉગી નીકળશે. મનુષ્યનાં શરીર આયુ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધીમે ધીમે વૃદ્ધિ પામશે. એકવીશ હજાર વર્ષનો તે આરો પૂરો થતાં બીજો તેટલાજ પ્રમાણવાળો આવે છે. એ બીજા આરાની શરૂઆતમાં માણસનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૨૦ વર્ષનું ને બે હાથનું શરીર હોય છે. આ પાંચમાં આરાના અંતમાં પણ તેટલુંજ જાણી લેવું.

પછી બીજા આરાના અંતમાં સાત હાથનું શરીર અને ૧૩૦ વર્ષનું આયુષ્ય પ્રમાણ થશે. થોડાં વર્ષ બાકી રહેશે ત્યારે જે જાતિ સ્મરણ જ્ઞાન પામીને નગર વગેરેની વ્યવસ્થા કરશે તે પહેલો કુલગર કહેવાશે. એમ સાત કુલગર થશે.

ત્રીજા આરાના સાડા ત્રણ વર્ષ જશે પછી સાતમાં કુલગરને ત્યાં શ્રેણીક મહારાજાનો જીવ પ્રથમ નરકમાંથી નીકળી પદ્મનાભ નામે પહેલા તીર્થંકર થશે.

મહાવીરસ્વામી અને પદ્મનાભ તીર્થંકરને ૮૪૦૦૭ વર્ષને પાંચ માસનું અંતર સમજી લેવું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## અઢીદ્વિપ વિષેની કંઈક બાબત.

અઢીદ્વિપની બહાર મનુષ્યની વસ્તી નથી. તેમજ નદી–દ્રહ–મેઘ–મેઘગર્જારવ-બાદર અગ્નીકાય-તીર્થંકર-બળદેવ-વાસુદેવ–ચક્રી વગેરે સામાન્ય મનુષ્યના જન્મ–મરણ–મુહુર્ત–પ્રહર–દીવસ–ચંદ્ર–સુર્ય–વીજળી એ સર્વે અઢીદ્વિપની બહાર હોય નહીં.

અઢીદ્વીપની મનુષ્યની સંખ્યા ૨૯ આંકડે છે. ૭૯૨૨–૮૧૬૨–૫૧૪૨–૬૪૩૩–૭૫૯૩–૫૪૩૯-૫૦૩૩૬. અઢીદ્વીપની ભુમી ૪૫ લાખ યોજન પ્રમાણે છે. તો તેમાં એટલા મનુષ્ય પૃથ્વી ઉપર વિચરે તે સંભવતું નથી.

૪૫ લાખ યોજનમાં ૨૦ લાખ યોજન સમુદ્ર છે જ્યાં માણસ રહી શકતા નથી. હવે ભુમીની ગણત્રી કરતા એક મનુષ્યને ભાગે એક હાથ જમીન આવે તેમાં સુવાય, બેસાય ફરાય નહીં. તેમજ પર્વત–નદી દ્રહ વન પ્રમુખ પણ વસ્તી વિનાની ભૂમી ઘણી છે તો એટલા મનુષ્ય શી રીતે રહી શકે એ શંકા છે. એ કેવલીગમ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આર્યધર્મના સાડીપચીસ દેશના નામ

| દેશ | નગરી |
|---|---|
| ૧ મગધદેશ | રાજગૃહી |
| ૨ અંગદેશ | ચંપાપુરી |
| ૩ બંગદેશ | તામ્રલીપ્તી |
| ૪ કાશીદેશ | વાણારસી |
| ૫ કલીંગદેશ | કાંચનપુરી |
| ૬ કૌશલદેશ | અયોધ્યા |
| ૭ કુરૂદેશ | હસ્તીનાપુર |
| ૮ કશાર્ત્તદેશ | શૌર્યપુર |
| ૯ પંચાલદેશ | કાંપીલ્યપુર |
| ૧૦ જંગલદેશ | અહીછત્રાપુરી |
| ૧૧ વિદેહદેશ | મીથીલાપુરી |
| ૧૨ સોરઠ | દ્વારીકા |
| ૧૩ વત્સદેશ | કૌશાંબીપુરી |
| ૧૪ મલયદેશ | ભદીલપુર |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૫ સંદર્ભદેશ..........નાંદીપુર
૧૬ વરૂણદેશ............પુનરૂછાપુરી
૧૭ મત્સ્યદેશ...........વૈરાટનગરી
૧૮ ચેદીદેશ..............સુકતીમતીપુરી
૧૯ દશાર્ણદેશ..........મૃતીકાવતી
૨૦ સીંધુદેશ...........વિત્તભયપુર
૨૧ સૌવીરદેશ...........મથુરાપુરી
૨૨ સુરસેનદેશ..........અપાપાપુરી
૨૩ માસ પુરી વર્ત્ત દેશ....ભંગીપુરી
૨૪ પુલાણદેશ..........શ્રાવસ્તીપુરી
૨૫ લાટદેશ.............કોટીવર્ષપુર
૨૬ કેનકાર્ધદેશ........શ્વેતંબાપુરી



# પચ્ચખ્ખાણમાં આવતા શબ્દોના અર્થ.

સૂરેઉગ્ગએ.... .... ...સૂર્યોદયથી બે ઘડી પછી.

નમુક્કાર સહીઅં.... ....નવકાર કહીને પારૂં ત્યાંસુધી.

પચ્ચખ્ખાઈ .... ....પચ્ચખ્ખાણ કરૂં છું.

ચઉવીહંપી આહરં ....ચારે આહારનું.

અસણં.... .... ....ખાવાનું (રાંધેલું)

પાણં .... .... ....પીવાનું.

ખાઈમં.... ... ....ખાદીમ્ (રાંધ્યા વગરનું ખાવું)

સાઈમં.... .... ....સ્વાદીમ (તંબોલ, પાન–સોપારી–એલચી)

અન્નથ્થણા ભોગેણં ....પચ્ચખ્ખાણનો ઉપયોગ ભુલવાથી અંજાણપણે કંઈ મોંમાં નાંખવાથી.

સહસાગારેણં .... ....અજાણપણે કંઈ મોંમાં પડી જાય.

વોસિરે... .... ....વોસરાવું છું.

મુઠ્ઠસહિઅં .... ....નવકાર ગણી મુઠી મોકલી મુકું ત્યાંસુધી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મહત્તરાગારેણં.... ....મોહોટાની આજ્ઞાથી મોટાલાભને અર્થે પચ્ચખ્ખાણ પારવાનો વખત ન થયે છતે પારવાથી.

સવ્વસમાહીવત્તીઆગારેણં....સર્વ પ્રકારે શરીરમાં અસમાધી હોવાથી પચ્ચખ્ખાણ પારવું.

પોરિસિ.... .... .... ....પહોર દીવસ સુધી.

સાઢ પોરિસિ........ ....દોઢ પહોર સુધી.

પચ્છન્નકાલેણં .... ....વખત બરોબર માલમ ન પડવાથી અધુરી પોરિસિએ પારવું તે.

દિસામોહેણં .... ....દિસિ વિપર્યાસ થવાથી અજાણતાં વહેલું પારવું તે.

સાહુ વયણેણં .... ....સાધુના વચનથી.

પુરીમઢ્ઢ .... .... ...સૂર્યોદયથી બે પોહોર સુધી.

અવઢ્ઢ .... .... ....સૂર્યોદયથી ત્રણ પોહોર સુધી.

વિગઈ... .. . .... ....જે ખાવાથી કામાદિ ઉત્પન્ન થાય તે દશ છે. (૪–અભક્ષ્ય)–માંસ, મદીર, માખણ, મધ. (૬–ભક્ષ્ય) દુધ, દહીં, ઘી, તેલ, ગોળ, પકવાન. એ દશમાંથી કોઈપણ એકનું પચ્ચખ્ખાણ તે'વિગઈ'પચ્ચખ્ખાણ. સમસ્ત વિગઈનું પચ્ચખ્ખાણ તે 'નીવિગઈ'નું પચ્ચખ્ખાણ કહેવાય.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લેવાલેવેણું.... .... ....જે વિગઈનું પચ્ચખ્ખાણ સાધુને હોય તેનાથી ખરડાયલો હાથ ગૃહસ્થ લુછીને વહોરાવે તે.

ગીહથ્થસંસટ્ઠેણું .... ....વિગઈથી ખરડાયલા વાંસણથી વહોરાવે તે.

આઉટણ પસારેણું ....જમવા બેઠા પછી હાથ પગ પસારવાથી આસન ચળે તો પચ્ચખ્ખાણ ભાંગે નહીં.

ગુરૂ અભુઠ્ઠાણેણું .... ... ગુરૂ આવવાથી ઉભો થાય.

પારીઠાવણીઆગારેણું ...નિર્દોષ આહાર સાધુએ વાપર્યા પછી વધે ને પરઠવતાં જીવઆદીની વિરાધના થાય. તે જાણીને ગુરૂની આજ્ઞાથી એકાસણાથી ઉપવાસના પચ્ચખ્ખાણવાળો વધેલો આહાર વાપરે તો પચ્ચખ્ખાણ ભાંગે નહીં.

અભતઠ્ઠં .... .... ....ભાત પાણીનો.

પાણુહાર .... .... ....પાણીનો આહાર.

ઘર સહીઅં .... ....ઘેર જઈને નવકાર ગણી પચ્ચ-ખ્ખાણ પારૂં.

પાણુસ્સ લેવેણુવા.... ....લેપજળ.

અલેવેણુવા .... .... ....ધોવણજળ.
અચ્છેણુવા .... .... ....નિર્મળ ઉષ્ણ જળ.
બહુલેવેણુવા .... ....ડોહોળું.
સસિચ્છેણુવા .... ....પીઠનું ધોવણ.
અસિચ્છેણુવા .... ....ફાસુંજળ.
એટલા રાખી બાકીના પાણી.

## ચઉદ નિયમ ધારવાની ગાથા.

સચીત દવ્વ વિગઇ વાણહ તંબોલ વચ્છ કુસુમેસુ,
વાહણ સયણ વિલેવણ બંભ દીશી ન્હાણ ભ-તેસુ.

સચીત..........પાણી ફળ બીજ દાંતણ વગેરે સચીત વસ્તુ.
દવ્ય........ ....ખાવાના પદાર્થ.
વિગઇ..........છ વિગઇ (ઘી તેલ ગોળ દહીં દુધ કડાવિગઇ)
વાણહ...........પગરખાં.
તંબોળ.........પાન સોપારી.
વચ્છ.............વસ્ત્ર.
કુસુમેસુ..........ફુલ, સુંઘવાના પદાર્થ.
વાહણ...........ગાડી પ્રમુખ.

સયણ............સય્યા, પાટ, પાટલા, પથારી.
વિલેવણ........ચોપડવાની વસ્તુ, સુગંધી.
બંભ.............મૈથુનની મર્યાદા.
દીસી............દીશીનું પરીમાણ.
ન્હાણ.............નાહવાને નિયમ.
ભત્તેસુ..........ભાતપાણીને નિયમ (ખાવા પીવાની વસ્તુ.)

## છરી પાળવી (છ-રી) પાળવી તેની સમજ.

૧-એકાહારી (એક વખત ખાવું)
૨-ભૂમી સંથારી (જમીનપર સુવું)
૩-પાદચારી (પગે ચાલવું ગાડીમાં બેસવું નહીં)
૪-સમ્યકૃત્વધારી (દેવગુરૂ ધર્મ ઉપર સંપૂર્ણશ્રદ્ધા રાખવી)
૫-અચીત આહારી (તમામ સચીત વસ્તુને ત્યાગ કરવો)
૬-બ્રહ્મચારી (શીયળ પાળવું)

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# દુહા સંગ્રહ.

શાસન નાયક સમરીએ, શ્રી મહાવીર ભગવાન;
ચોવીસે જીનરાજને, નિત્ય કરૂં પ્રણામ. ૧

પરમાનંદ પરમ પ્રભુ, પ્રણમું પાસ જીણંદ;
વંદુ વીર આદે સહુ, ચોવીશે જીણચંદ. ૨

ચોવીશે જીનરાય છે, મોક્ષતણા દાતાર;
ભકિત કરે તુમ સેવકો દિનાનાથ દયાળ. ૩

નામ જપતાં જીન તણું, દુરગતિ દૂરે જાય;
ધ્યાન ધરતાં પરમાત્મનું, પરમ મહોદય થાય. ૪

અરિહંત અરિહંત સમરતાં, લાધ્યું મુકિતનું ધામ;
જે નર અરિહંત સમરશે, તેના સરશે કામ. ૫

પરમ પંચ પરમેષ્ટિકો, સમરણ અતિ સુખદાય;
અતી આદરથી કીજીએ, જેથી ભવ દુઃખ જાય. ૬

સુતાં બેસતાં ઉઠતાં, જે સમરે અરિહંત;
દુઃખીઆના દુઃખ કાપશે, લહેશે સુખ અનંત ૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અશુભ કરમકે હરનકું, મંત્ર બડો નવકાર;
વાણી દ્વાદશ અંગથી, સુધ લહો તત્વસાર. ૮

દર્શનં દેવ દેવસ્યં, દર્શનં પાપ નાસનં;
દર્શનં સ્વર્ગ સોપાનં, દર્શનં મોક્ષ સાધનં. ૯

જ્ઞાન કલસ ભરી આતમા, સમતા રસ ભરપૂર;
શ્રી જીનને નવરાવતાં, કરમ થાય ચકચૂર. ૧૦

સમો સરણ સુરવર રચે, રત્ન સિંહાસન સાર;
બેઠા પ્રભુ તસ ઉપરે, ચોત્રીશ અતિશય ધાર. ૧૧

વાણી ગુણ પાંત્રીસ કરી, વરસે અમૃત ધાર;
તેની સુણી હૃદયે ધરી, પામું ભવજળ પાર. ૧૨

મહાવીર સ્વામી મુકતે ગયા, ગૌતમ કેવળ જ્ઞાન;
વંદન કરીએ શુદ્ધ ભાવથી, વર્તે કોડી કલ્યાણ. ૧૩

જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત;
જ્ઞાન વિના જગ જીવડા, ન લહે તત્ત્વ સંકેત. ૧૪

નેમનાથ જ્ઞાની હુવાએ, ભાખે સાર વચનતો;
જીવદયા ગુણ વેલડીએ, કીજે તાસ જતનતો. ૧૫

દાન શીયળ તપ ભાવના, ધર્મના એ ચાર પ્રકાર;
રાગ ધરો નિત્ય એહશું, કરો શકિત અનુસાર. ૧૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અનુભવ રત્ન ચિંતામણી, અનુભવ હે રસ કુપ;
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ સિધ્ધ સ્વરૂપ. ૧૭

પ્રભુ દરિશન સુખ સંપદા, પ્રભુ દરિશન નવનિધ;
પ્રભુ દરિશનથી પામીએ, સકળ પદારથ સિદ્ધ. ૧૮

ભાવે જીનવર પુજીએ, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળ જ્ઞાન. ૧૯

જીવડા જીનવર પૂજીએ, પૂજાના ફળ હોય;
રાજા નમે પ્રજા નમે, આણ ન લોપે કોય. ૨૦

પુલાં કેરાં બાગમે, બેઠે શ્રી જીનરાજ;
જેમ તારા માંહે ચંદ્રમા, તેમ શોભે મહારાજ. ૨૧

પ્રભુ નામકી ઔષધિ, ખરે મન શું ખાય;
રોગ પીડા વ્યાપે નહી, મહાદોષ મીટ જાય. ૨૨

ગુરૂ ગોવિંદ દોનો ખડે, કીસકું લાગું પાય;
બલીહારી ગુરૂ દેવકી, ગોવિંદ દીયા બતાય. ૨૩

અંગુઠે અમૃત વસે, લબ્ધિતણો ભંડાર;
શ્રીગુરૂ ગૌતમ સમરીએ, મન વાંછિત ફલ દાતાર. ૨૪

ગુરૂ ચંદન ગુરૂ આરશી, ગુરૂ ગૌતમ અવતાર;
એહના ગુરૂ કબ મીલે, ટાળે સર્વ વિકાર. ૨૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુરૂ દીવો ગુરૂ દેવતા, ગુરૂ વિણુ ઘોર અંધાર;
જે ગુરૂ વાણી વેગળા, તે રડવડયા સંસાર. ૨૬

જીવ દયા ગુણુ વેલડી, રોપી રૂષભજીણુંદ;
શ્રાવક કુલ મંડપ ચઢી, સીંચી ભરત નરિંદ. ૨૭

બાર આઠ છત્રીશ ગુણુ, પચવીશ સત્તાવીસ;
એકસો આઠ મણુકા ગણો, આરાધો જગદીશ. ૨૮

વકતા તેને જાણીએ, વચન વાપરે ખુબ;
શ્રોતાના મનમાં તરે, જેમ પાણીમાં તુંબ. ૨૯

કુંભે બાંધ્યું જળ રહે, જલવિણુ કુંભ ન હોય;
જ્ઞાને બાંધ્યું મન રહે, ગુરૂ વિના જ્ઞાન ન હોય. ૩૦

જ્ઞાન સમું કોઇ ધન નહીં, સમતા સમુ નહીં સુખ;
જીવિત સમ આશા નહીં, લોભ સમુ નહીં દુઃખ. ૩૨

સાહેબકે દરબારમે, કમી વસ્તુકી નાંહી;
બંદા મોજ ન પાવહી, તો ચુક ચાકરીમાંહી. ૩૩

હરિણાપિ હરેણાપિ, બ્રહ્મણા ત્રિદશૈરપિ;
લલાટે લીખીતા રેખા, ન શકયા પરિમાર્જીતુમ્. ૩૪

જન્મ દુઃખં જરા દુઃખં, મૃત્યુ દુઃખં પુનઃ પુનઃ;
સંસાર સાગરે દુઃખં, તસ્માત્ જાગ્રત જાગ્રત. ૩૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઘુતંચ માંસંચ સુરા ચ વેશ્યા,
પાપર્ધિ ચોરી, પરદાર સેવા;
એતાનિ સપ્ત, વ્યસનાની લોકે,
ઘોરાતિઘોરં, નરકં નયન્તિ. ૩૬

આહાર નિંદ્રા ભય મૈથુનંચ,
સમાન મેતત્ પશુભિર્નરાણામ્;
તત્રાપિ ધર્મ અધિકો વિશેષો,
ધર્મેણ હિનો પશુભિઃ સમાનાઃ ૩૭

કાલ કરતો આજ કર, આજ કરતો અબ;
અબ કરતાં ધબ થશે, પછી કરીશ કબ. ૩૮

યેષાં ન વિદ્યા ન તપો ન દાનં,
નચાપિ શીલં ન ગુણો ન ધર્મં;
તે મૃત્યુલોકે ભુવિ ભાર ભૂતા,
મનુષ્ય રૂપા પશવશ્ચરંતિ, ૩૯

પુનરપિ જનનં, પુનરપિ મરણં;
પુનરપિ જનની, જઠરે શયનમ્. ૪૦

ઉદયતિ યદિ ભાનુઃ, પશ્ચિમાયાં દિશાયાં,
પ્રચલતિ યદિ મેરૂ; શીતતાં યાતિ વહ્નિ;
વિકસતિ યદિ પદ્મં પર્વતાગ્રે શિલાયાં,
તદપિ ન ચલતીયં, ભાવિની કર્મરેખા. ૪૧



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્મણોહિ પ્રધાનત્વં, કિંકુર્વન્તિ શુભાગ્રહાઃ ?
વશિષ્ટદત્ત લગ્નોપિ, રામ પ્રવર્જીતો વને. ૪૨

સદા ન લક્ષ્મી સ્થિર રહે, સદા ન સુખનો સંગ;
સદા ન કાયમ સબળતા, સદા ન ચઢતો રંગ. ૪૩

મરના મરના કયા કરે, મરી ન જાણે કોય;
મરના એસા કીજીએ, કે ફીર મરના ન હોય. ૪૪

જ્ઞાન સમો કોઈ ધન નહીં, સમતા સમો નહીં સુખ;
જીવીત સમ આશા નહીં, લોભ સમો નહીં દુઃખ. ૪૫

મા જાણસિ જીવ તુમં, પુત્ત કુલત્તાઈ મુજ સુહ હેઉ;
નિઉણ બંધણું મેઅં, સંસારે સંસરં તાણું.
જણુણી જાયઈ જાયા, જાયા માયા પિઆય પુ-તોઅ;
અણવથ્થા સંસારે, કમ્મ વસા સવ્વ જીવાણું. ૪૬

ભાવાર્થ—હે જીવ તું એમ જાણીશ નહીં કે પુત્ર–સ્ત્રી–માતા પીતા ઇત્યાદિ સુખના હેતુ છે. આ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવોને માતા પીતાનો સંબંધ, આકરૂં સંસાર બંધનનું કારણ છે. કોઇ સંસાર છોડાવતું નથી. માતા તે સ્ત્રીપણે થાય, સ્ત્રી તે માતાપણે થાય, પીતા તે પુત્રપણે થાય, પુત્ર તે પીતાપણે થાય. એમ સંસારમાં અનિયમીતપણું છે. સર્વ જીવો કર્મને વશ થકા અવતાર લે છે. પણ જીવ સંસારમાં પરવશ થઇ ધર્મને આદરતો નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નસા જાઇ નસા જોણી, નતં ઠાણું નતં કુલં;
ન જાયા ન મુઆ જથ, સવ્વેજીવા અણંતસો. ૪૭

ભાવાર્થ—ચઉરાજ લોકમાં એવી કોઇ જાતી નથી, યોનિ નથી. સ્થાન નથી, કુલ નથી, કે જ્યાં જીવ જનમ્યો નથી કે મુઓ નથી. એ જીવ સર્વ ઠેકાણે અનંતીવાર સંસારમાં ભમ્યો છે.

અન્નો ન કુણઇ અહીંઅં, હિઅંપિ અપ્પા કરેઇ નહુ અન્નો;
અપ્પ કયં સુહ દુઃખં ભુંજસિ તા કીસ દીણ મુહો. ૪૮

ભાવાર્થ—હે જીવ તને બીજો કોઈ અહિત કરતો નથી, અને હીત પણ કરતો નથી, પોતાનો આત્માજ કરે છે. જીવ પોતેજ પોતાને સુખ દુઃખ કરે છે, અને પોતાના કરેલાં કર્મોએ કરી ચાર ગતીના સુખ દુઃખ ભોગવે છે. તો હે જીવ ! દયામણું મુખ શા માટે કરે છે.

ધી ધી ધી સંસારે, દેવો મરિઊણ જં તિરિહોઇ;
મરિઊણ રાયરાયા, પરિપચ્ચઇ નરય જાલાએ. ૪૯

ભાવાર્થ—ધીક ધીક ધીક આ સંસારને ધિઃકાર છે. કે જે સંસારમાં દેવો સરખા ઉત્તમ જીવ મરીને તિર્યંચની ગતિમાં જાય છે. ને રાજાનો રાજા ચક્રવર્તિ સરખા પણ નરકની અગ્નિ જવાલામાં પકવાય છે. તો એથી વિશેષ વૈરાગનું ઠેકાણું કયું છે વારૂ?

અષ્ટકર્મ તે હું નહીં, હું છું આત્મ સ્વભાવ;
આત્મ સ્વભાવે વર્તતાં, થાય કર્મનો અભાવ. ૫૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અષ્ટ કર્મ અભાવથી, આનંદ થાય અપાર;
અવિગત ચિદ્દઘનરૂપનો, પામે પુરણ સાર. ૫૧

દુઃખમાં સઉ હરીને ભજે, સુખમાં ભજે ન કોય;
જો સુખમાં હરીને ભજે, તો દુઃખ કહાંસે હોય. ૫૨

સત્ય વચન ઓર દીનતા, પરસ્રી માત સમાન;
ઉનકું જો પ્રભુ ન મિલે તો, તુલસીદાસ જામાન. ૫૩

પરદારા છે પાપણી, સાપણી ઝેરી એહ;
કરે કાપણી આપણી, તાપણી દુઃખની તેહ. ૫૪

મોહ મદીરા પાન કરીને, નહીં કરવાનું કરવું,
ચોરી ચાડી ચુગલી કરીને, પેટ પાપથી ભરવું,
એવા દુઃખથી ડરવું રે, ધ્યાન પ્રભુનું ધરવું. ૫૫

સત્ય ક્ષમા સંતોષ દયાથી, પરહિત કરી દુઃખ હરવું,
સદાચારની સરળ વાટમાં, સમતા સહીત વિચરવું,
એવા ગુણથી મરવું રે, ફરી ફરી નહીં અવતરવું. ૫૬

સુવરને વિષ્ટા રૂચે, મુકી ઘાસ ને અન્ન;
ત્યમ મુકિત સુખ ત્યાગીને, ભોગ ચહે વિધંન. ૫૭

પ્રમાદ તુમે કરો નહીં, નથી કાળની જાણ;
કયારે આવી લુંટશે, કરશે મુક્તિ હાણ. ૫૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માતા પીતા તે જાણુવા, જાણવા પ્યારા મિત્ર;
વડીલ તેને જાણુવા, શીખવે ધર્મ પવિત્ર. ૫૯

માતા કે પીતા રડે, રડે વહુ કે બાળ;
ચાકર કે શેઠજ રડે, તોએ ન છોડે કાળ. ૬૦

શહેર વન કે પાહાડમાં, નહીં ગુફા કે ઘેર;
સુતો હોય કે જાગતો, નહીં કરે એ (કાળ) મહેર. ૬૧

જાણું કુટુંબ જે માહરૂં, તેનો અહીં સંબંધ;
મુઆ પછી નહીં કોઈનું, ફોકટ કર્મનો બંધ. ૬૨

ઘણા કાળ મેં ભોગવ્યું, ઈન્દ્રી ભોગનું સુખ;
સંતોષ કોઈ કાળે નહીં, જાણું તેથી દુઃખ. ૬૩

બને મસગુલ દુનીઆમે; પ્રભુ દીલમે ન લાતેહો;
સુંદર નર દેહ પાકર, વૃથા બોજા ઉઠાતે હો. ૬૪

હરગીઝ યહ સમય તુમકો, ફીર ફીર ન મીલતે હો;
કરકે તુમ મઝેદારી, મીઠીમેં કયું મીલતે હો. ૬૫

આશા તો છે જનમની, ઘડી પલકી જાણુ,
દીવસ ચારનું ચાંદણું રોજ ઉગે છે ભાણુ. ૬૬

સમતા વિણુ જે અનુસરે, પ્રાણી પુણ્યના કામ;
છાર ઉપર તે લીપણું, ઝાંખર જેમ ચિત્રામ. ૬૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય;
કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય. ૬૮

રાગ દ્વેષૌ યદિ સ્યાતાં, તપસા કિં પ્રયોજનમ્;
તાવેવ યદિ ન સ્યાતાં, તપસા કિં પ્રયોજનમ્. ૬૯

બન્યો રાજા બન્યો યોગી, બન્યો ભિક્ષુક ને ભોગી;
તથાપી રોજનો રોગી, સદા સંયોગી વિયોગી. ૭૦

નિગોદે નર્ક ભૂમિનો, અને તિર્યંચ યોનિનો;
અનુભવ તો નિહાળી જો, પછી સંસાર માપીજો. ૭૧

બધે ઇતીહાસ સરખો છે, જગત તો એક ચરખો છે;
જવાની વાત એ પકકી, મરણ તિથિ નહીં નકકી. ૭૨

નિર્દંતઃ કરટી (હાથી) હયોગત જવ (ઝડપ)
શ્ચંદ્રં વિના શર્વરી (રાત્રી)

નિર્ગંધં કુસુમં. સરોગત જલં.
છાયા વિહીન સ્તરૂઃ

ભોજ્યં નિર્લવણં. સુતોગત ગુણઃ
ચારિત્ર હીનો યતિઃ

નિર્દેવં ભવનં ન રાજતિ તથા.
ધર્મ વિના માનવાઃ ૭૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ધર્મ ધર્મ સબકો કહે, ધર્મ ન જાણે મર્મ;
ધર્મ મર્મ જાણ્યા પછી, કોઇ ન બાંધે કર્મ. ૭૪

રાજાનઃ ખેચરેંદ્રાશ્ચ, કેશવાશ્ચ ચક્રવર્ત્તિનઃ
દેવેંદ્રા વીતરાગાશ્ચ, મુચ્યંતે નૈવકર્મણા. ૭૫

કૃપણે કૃપણને પૂછીઓ, કયું દુઃખે તેરા વદન;
કે કુછ ખાયા ગાંઠકો, કે કોઇકું દીન્ન. ૭૬

ના કુછ ખાયો ગાંઠકો, ના કોઇકું દીન્ન;
એક નર દેતાં દેખીઓ, તેણે દુઃખે મેરા વદન. ૭૭

અગ્નિ કેરાં બળ થકી, માખણનું ઘી થાય;
અંત્તર વૃત્તિ ધ્યાનથી, પરમાતમ પ્રગટાય. ૭

કોટી વર્ષે ક્રિયા કરી, પામે જે નિજરૂપ;
પલકવારમાં જ્ઞાની એ, પામે સિદ્ધ સ્વરૂપ. ૭

જગત પડયું મુખ કાળને, કેડામોર જનાર;
ઘંટીને ગાળે પડયા, દાણા લોટ થનાર. ૮૦

અભિમાને દુઃખ ઉપજે, અભિમાને જશ જાય;
મિથ્યા અભિમાને કરી, જીવનું જોખમ થાય. ૮૧

અભિમાનીને અંતરે, સ્વપ્ને પણ નહી સુખ;
થાય વૃથા અભિમાનથી, દાવાનળ સમ દુઃખ. ૮૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

માળા ફેરત હાથમેં, જીભ હીલત મુખમાંહી;
મનુવા ફીરત બજારમેં, યેહી સમરન નાહીં ૮૩

કૃત કર્મ ક્ષયો નાસ્તિ, કલ્પ કોટી શતૈરપિ;
અવશ્યમેવ ભોકતવ્યં, કૃત કર્મ શુભા શુભમ્. ૮૪

મનમાં મરડાઈને, તું મૂરખ શીદ મલકાય છે;
પ્રબળ સત્તા દૈવની, ત્યાં ધાર્યું કોનું થવાનું છે. ૮૫

જયસી કરણી વયસી ભરણી, આજકીયા કલ પાવેગા;
ધોકા દેગા ગયરોકો, તો આપહી ધોકા ખાવેગા. ૮૬

અણુધારી જો ને જીવડા, તુંજ આંખ બંધ થવાની છે;
ઉર્મિ ઉછળતી હૃદયની, વાને ઝપાટે જવાની છે. ૮૭

ઈંદ્ર ચંદ્ર ચક્રીને, ગ્રહની ગતિ આધીન છે;
દૈવની ન્યારી કળા, જ્યાં સકળ પ્રાણી દીન છે. ૮૮

આશા અનોપમ વેલડી, પળવારમાં છુંદાય છે;
જીવનરૂપી નૌકા ખરે, સાગર માંહે લુંટાય છે. ૮૯

દશા કરે તે કોઈ ન કરશે, મુરખ કરે અભિમાન;
માનવ મગતરૂં શું કરે, જ્યાં દૈવ દશા બળવાન. ૯૦

કાયા બંગલે જીવ મુસાફર, ઘાટ ભલે ઘડતો;
એક દીન એવો આવશે, નરકે જઇ પડતો. ૯૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાયા મનોહર બંગલી, લુંટાશે તારી માનવી;
સંધ્યા સમયના રંગ જેવી, જીંદગી આ જાણવી. ૯૨

આશારૂપી વિષ વેલડી, વિંટાઇ પામર શું કરે;
વેળા વેળાની છાંયડી, પસ્તાવો પાછળ તું કરે. ૯૩

હું કરૂં આ મેં કર્યું, એમ મનમાં મલકાય છે;
પાપના પ્યાલા ભરી, પાપી ખરે પસ્તાય છે.
ચડતો દશાને ચાકડે, મરતો પલકમાં માનવી;
રટતો નહી જીન નામને, તે જીંદગી શું જાણવી. ૯૪

અંગે ભભૂતિ ચોપતી, લીધું કમંડળ હાથમાં;
દેવતણા અધિરાજ શંભુ, ભટકે જંગલ ઘાટમાં.
ચડી દશાને ચાકડે, અભિમાન મૂરખ શું કરે;
કર્યા મરજી દેવની તો ધાર્યું તારૂં ધુળ મળે. ૯૫

કબીરા કબીરા કયા કરો શોધો આપ શરીર;
પાંચે ઇંદ્રીય વશ કરો, આપહી દાસ કબીર. ૯૬

ધરમ કરે તે જગમાં તરશે, પાપી ઝટ મરશે;
કાળાં ધોળાં કરે જે પ્રાણી, વિણુ મોતે મરશે.

પુણ્ય કરંતા પ્રાણી જગમાં, શીવ સંપત વરશે;
આકીન રાખે એક જગતમાં, ભવસિંધુ તરશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ફોકટ ફાંફાં મારે મૂરખ જન, જનમી જગ મરનાર;
સત્ય ટેક ખાતર જે ખમશે, આફત અપરંપાર.
નાહક આકીન છોડે નીચ નર, એક દીન તું ખરશે;
જીનવર નામનું ધ્યાન ધરે તો, ભવ ભાતું ભરશે. ૯૭

કરની રેખા શું જુઓ, જુઓ હૃદયની રેખ;
કર રેખા જુઠી થશે, સત્ય હૃદયની રેખ. ૯૮

કહાં જન્મે કહાં ઉપને, કહાં લડાએ લાડ;
તુળસી ઇણુ શરીરકા, કહાં પડેગા હાડ. ૯૯

માલા તો મનકી ભલી, ઓર કાષ્ટા ભારા;
જો માલાસે ગરજ સરે તો, કેમ વેચે મણીઆરા. ૧૦૦

બુરા બુરા સબકો કહે, બુરા ન દીસે કોય;
જો ઘટ શોધું આપણો, તો મુજસે બુરા ન કોય. ૧૦૧

માયા મોટો તુંબડો, તારૂ ને તારે;
અજાણને અબુજને, મુંજવી મુંજવી મારે. ૧૦૨

સતીયાં સત મત છોડીએ, સત છોડે પત જાય;
સતકી બાંધી લક્ષ્મી, ફેર મીલેગી આય. ૧૦૩

જીવડો ગર્ભાવાસમાં, પ્રતિજ્ઞા કરે અપાર;
જનમ્યા પછી ભૂલી ગયો, હા હા મૂઢ ગમાર. ૧૦૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પોથી પડપડ મર ગયે, પંડીત ભયે ન કોય;
અઢાઇ અક્ષર પ્રેમકા, પઢે સો પંડીત હોય. ૧૦૫

રાગ દ્વેષ મળ ગાળવા, ઉપશમ રસ ઝીલો;
આતમ પરિણુતિ આદરી, પર પરિણુતિ પીલો. ૧૦૬

ચતુરથી છાની નહીં રહે, બુદ્ધિની કોઇવાત;
વૈદ્ય પારખે કર ગ્રહી, જેમ રોગની જાત. ૧૦૭

ધન મેળવતાં દુઃખ છે, સાચવતાં પણ દુઃખ;
જો આવેલું જાય તો, જાય સઘળું સુખ. ૧૦૮

દોલત બેઠી સુમકી, ખરચી કણુ ન જાય;
પાળી પોષી મોટી કર્યે, પર ઘર ચાલી જાય. ૧૦૯

વિવેક વિનાનું માનવી, સમજો પશુ સમાન;
વાનરને પણ છે જુઓ, હાથ પાય મુખ કાન. ૧૧૦

સમકીતવંતા પ્રાણીઆ, કરે કુટુંબ પરીપાળ;
અંતરઘટ ન્યારા રહે, ધાવ ખીલાવે બાળ. ૧૧૧

ચૌદહ ચુકે બારાં ભૂલે, છ કાયકા ન જાણે નામ;
નગર ઢંઢેરા ફેરીઓ, શ્રાવક અમારા નામ. ૧૧૨

લક્ષ્મી ચંચળ નાર, એક દીન તે ચાલી જશે;
શાણા સમજે સાર, મનની મનમાં રહી જશે. ૧૧૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સંત મીલનકું ચાલીએ, તજ માયા અભિમાન;
જ્યું જ્યું આગે પગ પડે, કોટિ યજ્ઞ સમાન. ૧૧૪

જો સંસાર સુખે સુધરેતો,જોગી બને જાચે કુણ બાણુ;
તિર્થ પિતા માતા તજી કોણ, ચડે ગીરનાર આણુ. ૧૧૫

જો મન શુધ્ધ પઢો ન પઢો, પછી વેદપુરાણ કુરાન કીતાણુ;
પાણીથકી જો શુદ્ધ થયું પટ,શા માટે ઘસીએ લઈ સાણુ.૧૧૬

જો અધિકારથી જીવી શકે કદી,તો નવ જાત શિવાજી મરી;
જો ધનથી જન જીવી શકે કદી, તો જમશેદ જીવેજ ફરી.૧૧૭

બહોત ગઈ થોડી રહી, મન આતુર મત હોય;
ધીરજ સબકા મિત્ર હે, કરી કમાઈ મત ખોય. ૧૧૮

આતમ સાખે ધર્મ જ્યાં, ત્યાં જનતું શું કામ;
જન મન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ. ૧૧૯

રામ રામ સબકો કહે, ઠગ ઠાકર સોનાર;
તોતા મર્મ જાણે નહીં, કયમ પામે ભવપાર. ૧૨૧

તરૂવર કદી ન ફલ ભખે, કદી ન સંચે નીર;
પર ઉપકારકે કારણે, સંતે ધર્યો શરીર. ૧૨૨

નિંદક ધોબી દો જણ, ધોવત હે સબ મેલ;
ધોબી કમાઈ કરતહે, નિંદક ઠેલમ ઠેલ. ૧૨૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તીલક કરતાં ત્રેપન થયાં, રૂઢ માળાના નાકાં ગયાં,
કથા સૂણીને પુટયા કાન, તોએ ન આવ્યું બ્રહ્મજ્ઞાન. ૧૨૪

ઘર છોડી બાવા બન્યા, મનમાં રાખે કુડ;
ઢોનું બગાડે બાપડા, પડી મુખમેં ધુડ. ૧૨૫

નારી હરણ બંધવ મરણ, એ દુઃખ તો રહયો દૂર;
લંક ન દીધી બિભિષણાં, એ દુઃખ સાલે ભૂર. ૧૨૬

રામ કહે સુગ્રીવને, લંકા કેતી દૂર;
આળસુને અળગી ઘણી, ઉદ્યમવંત હજુર. ૧૨૭

ફિકર સબકું ખા ગઇ, ફિકર સબકા પીર;
ફિકરકી ફાકી કરે, ઉસકા નામ ફકીર. ૧૨૮

હું પુછું તુજ લક્ષ્મી, કૃપણુ ઘરે કેમ જાય;
દાતા શુર ચતુર નર, તે તુજને ન સોહાય. ૧૨૯

કાક બીઠાયો પીંજરે, પઢીઓ ચારે વેદ;
વેદ અર્થ જાણ્યો નહીં, રહયો ઢેડકો ઢેડ. ૧૩૦

વાણી પાણી બે સદા, પવિત્રતા કરનાર;
લલના લાલચ બે સદા, આપદના દાતાર. ૧૩૧

સેજ મળ્યા સો દુધ બરોબર, માંગ લીઆ સો પાણી;
ખેંચ લીઆ સો રકત બરોબર, બોલ્યા ગોરખ વાણી. ૧૩૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સાધુ તે જે સાધે કાયા, દમડી એક ન રાખે માયા;
લેણા એક ને દેણા દોય, એસા પંથ સાધુકા હોય. ૧૩૩

ઉઠ ક્રોડ રોમ રાયમેં, પોણા દોદો રોગ;
નવ લાખ નવકાર ગણુ, વાધે ધર્મ સંજોગ. ૧૩૪

નથી કોથી જનો ડરતાં, અનિષ્ટાચાર આદરતાં;
નથી પરવા કશી કરતાં, પૂરણ ઉર પાપથી ભરતાં. ૧૩૫

આ ચાર દીન કુડ કપટના, કાલે સવારે વહી જશે;
સુખ સંપતિને સાહેબી, હોતી ન હોતી થઇ જશે. ૧૩૬

બાજી રચેલી તરંગની, મનમાં અધુરી રહી જશે;
યમદૂત ગળચી પકડીને, નિશ્ચય નરકમાં લઈ જશે. ૧૩૭

પર નારી કે યારકો, જરા ન હોવે ચેન;
ખાના પીના છોડકે, ફીરે પુઠે દીન રેન. ૧૩૮

લાલ સૂરખ તિહાં લોહકી, પૂતળી નારી આકાર;
લિપટાવે જમ સાથ તસ, રોવે જારો જાર. ૧૩૯

પલ પલ છીજે આઉખું, અંજલી જલ જ્યું એહ;
ચલતે સાથે સંબલો, લેઈ શકે તો લેહ. ૧૪૦

પરિહર હરિ હર દેવ સવી, સેવ સદા અરિહંત;
દોષ રહિત ગુરૂ ગણધરા, સુવિહિત સાધુ મહંત. ૧૪૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમતિ કદાગ્રહ મૂક તું, શ્રુત ચારિત્ર વિચાર;
ભવજળ તારણ પોત સમ, ધર્મ હિયામાં ધાર. ૧૪૨

એક ઘડી આધી ઘડી, આધીમેં ભી આધ;
તુલસી સંગતિ સાધુકી, કટે કોટિ અપરાધ. ૧૪૩

આધી છોડ આખી કો જાય,
આધી રહે ન આખી પાય. ૧૪૪

ચંદનં શીતલં લોકે, ચંદનાદપિ ચંદ્રમાઃ;
ચંદન ચંદ્રયોર્મધ્યે, શીતલઃ સાધુ સંગમઃ. ૧૪૫

વહ કૌનસા ઉકદા(કઠણ કામ) હૈ, જો હો નહી સકતા;
હિમત કરે ઇનસાન, તો કયા હો નહીં સકતા. ૧૪૬

અલગ હમ સબસેં રહેતે હૈં, મિલાલે તાર તંબુરા;
જરા છેડેસે મિલતે હૈ, મિલાલે જીસકા જી ચાહે. ૧૪૭

જો ઉવસમ્મઇ, તસ્સ અત્થિ આરાહણા;
જો નઉવસમ્મઇ, તસ્સ નત્થિ આરાહણા ૧૪૮

કાષ્ટાદીના જીના વાસે, યાવંતઃપરમાણવઃ;
તાવંતિ વર્ષ લક્ષાણિ, તત્કર્ત્તા સ્વર્ગ ભાગ ભવેત્. ૧૪૯

જબ તું આયો જગતમેં, લોક હસે તું રોય;
એસી કરણી અબકરો, તુમ હસેં જગ રોય. ૧૫૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અન્ન દાનં પરં દાનં, વિદ્યાદાનં તતોઽધિકમ્;
અન્નેન ક્ષણિકા તૃપ્તિઃ યાવજ્જીવમ્ તુ વિદ્યયા. ૧૫૧

સત્ય સંતાડયું નવ રહે, ખરો જુઓ એ ખેલ;
જેમ ઉપર આવી તરે, જળ તળીએથી તેલ. ૧૫૨

નિત્ય પ્રભાતે ઉઠવું, રાખી મન ઉમંગ;
ધરવું ધ્યાન વિતરાગનું, કરવું નિર્મળ અંગ. ૧૫૩

સંપથી સંપત્તિ સાંપડે, સંપથી જાયે કલેશ;
જેના ઘરમાં સંપ નહીં, સુખ નહીં લવલેશ. ૧૫૪

ગાંડી માથે બેડલું, મર્કટ કોટે હાર;
જુગારી પાસ નાણું રહે, જતાં કેટલી વાર. ૧૫૫

ઈચ્છે જેવું અવરનું, તેવું આપનું થાય;
નહીં માનો તો કરી જુઓ, જેથી તુર્ત જણાય. ૧૫૬

સંપત્ત ગઈ તે સાંપડે, ગયાં વળે છે વહાણું;
ગત અવસર આવે નહીં, ગયા ન આવે પ્રાણ. ૧૫૭

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ;
જો સુખડ સળગાવીએ, આપે સરસ સુવાસ. ૧૫૮

માણસને અભીમાનથી, મળે કદી નહીં માન;
ઉલટું અપમાનજ મળે, નક્કી ઠરે ના દાન. ૧૫૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શઠની સંગતથી સહે, ભલા જનો દુઃખ ભાર,
માકડના મેળાપથી, ખાય ખાટલો માર. ૧૬૦
નાણું બીન નીતી તણું, નિશ્ચય નહીં રહેનાર,
મુલ્લાં લાવે મુઠીએ, અલ્લા ઉંટ હરનાર. ૧૬૧
તુલસી મીઠી બચનસે, સુખ ઉપજે કહુ ઓર,
વશીકરણ વિદ્યા એહી, તજી દયો વચન કઠોર. ૧૬૨
અગર તણે અનુસાર, પિડંતા પરિમળ કરે,
તે સજ્જન સંસાર, જોતાં જય વિરલા મળે;
મિત્તા એહવા કીજીએ, જેહવા ટંકણખાર,
આપ જળે પર રીઝવે, ભાંગ્યા સાંધે હાડ;
મિત્તા એહવા ન કીજીએ, જે બેઠા સોહે પાસ,
વર શીર બદનામી ચડે, લોક ન દે સાબાશ. ૧૬૩
કીટિકા સંચિતં ધાન્યં, મક્ષિકા સંચિતં મધુ,
કૃપણૈઃ સંચિતં વિત્તં, પરૈ રેવોપ ભુજ્યતે. ૧૬૪
સરખી બુદ્ધિ સરવને, પ્રભુએ આપી હોત,
તો પંડીત અને મુરખતણાં, ચિત્ર જગત નહીં જોત. ૧૬૫
ઉપદેશોહિ મૂર્ખાણાં, પ્રકોપાય ન શાંતયે,
પયઃપાનં ભુજંગાનાં, કેવલ વિષ વર્ધનમ્ ૧૬૬
સાજુ હોય શરીર તો, સઘળી વાતે સુખ;
નહીં તો નાણું બહુ છતાં, દીન દીન પ્રત્યે દુઃખ. ૧૬૭



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉદારનો અને કૃપણનો, સરખો વશે સદાય;
કસર કરે કંજુસ તે, લાખ રીતે લુંટાય. ૧૬૮

પાપ છીપાવે ના છીપે, છીપે તો મોહોટો ભાગ્ય;
દાબી દુબી ના રહે, રૂઈ લપેટી આગ. ૧૬૯

વરં વનં વ્યાઘ્ર, ગજેન્દ્ર સેવિતમ્,
દ્રુમાલયં પકવ, ફલાંબુ ભોજનમ્;
તૃણાનિ શય્યા, પરિધાન વલકલમ્,
ન બંધુ મધ્યે, ધનહિન જીવનમ્. ૧૭૦

ભુંડા માણસથી ભાગીએ, ન દઈએ દીલની વાત;
કાંતે છેતરી શરૂ પડે, કાં ઘરમાં આણે ઘાત. ૧૭૧

ગઈ બાત શોચે નહીં, આગમ ચિંતા નાંહી,
વર્ત્તમાન વર્તે સદા, સો જ્ઞાતા જગ માંહી. ૧૭૨

કારણ બીન કારજ નહીં, નિશ્ચે એહ વચન;
હોત રસોઈ જબ મિલે, આગ જલન જલ અન્ન. ૧૭૩

તાબૂત શું જોશો તમો, મન રાખો મજબૂત;
સમજાવ્યો સમજે નહીં, તે પંડે તાબૂત. ૧૭૪
પીપલ પાન ખરંતાં, હસ્તી કુંપળીઆં;
હમ વિતી તુજ વિતસે, ધીરી બાપડીઆં. ૧૭૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નીચું જોઇ ચાલતાં, ત્રણ ગુણ ભેગા થાય;
કાંટો ટળે દયાપળે, પગ પણ નવી ખરડાય. ૧૭૬

વિદ્યા ધન સુખ સાહેબી, સદ્‌ગુણનો સમુદાય;
નેકીસે સબ આત હે, ઔર બદી સે સમજાય; ૧૭૭

વડા વડાઇ ના કરે, વડા ન બોલે બોલ;
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ. ૧૭૮

મરૂં પણ માંગું નહીં, અપને સ્વારથ કાજ;
પણ પરમાર્થ માંગતાં, નહીં શર્મ નહીં લાજ. ૧૭૯

તાનસેન કે તાનમેં, સબી તાન ગુલતાન;
આપ આપકે જાતમેં, સબી જાત મસ્તાન. ૧૮૦

કહેતે હે કરતે નહીં, મુખકે બડે લબાડ;
સાહીબ કે દરબારમેં, ખાશે ખાશડા માર. ૧૮૧

ભોજન બીચ પાણી ભલું, ભોજન અંતે છાસ.
મધ્યાને ભોજન કરે, સર્વ રોગનો નાશ. ૧૮૨

ચાર ઘડી રાત્રી પછી, સુર્ય ઉદય પર્યંત;
બ્રાહ્મ મુહુર્ત તે જાણવું, ભજન ધ્યાન બળવંત ૧૮૩

તુલસી ઇણ સંસારમેં, ભાત ભાત કે લોક;
સબસું હીલ મીલ રહીએ; નદી નાવ સંજોગ. ૧૮૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કહે નેપોલીઅન દેશને, કરવા આબાદાન;
સરસ રીત તો એજ છે, દો માતાને જ્ઞાન. ૧૮૫

ઓકી દાંતણ જે કરે, નરણે હરડે ખાય;
દુધે વાળુ જે કરે, તસ ઘેર વૈદ્ય ન જાય. ૧૮૬

માતા વૈરી પિતા શત્રુ, યેન બાલા ન પાઠિતા;
સભા મધ્યે ન શોભંતે, હંસ મધ્યે બકા યથા. ૧૮૭

બુઢાને બાળકી આપી, બાંધે છે મીઢળો મડે;
પીતા પુત્રી તણો પાપી, પસ્તાવામાં પછી પડે. ૧૮૮

બુદ્ધેઃફલં તત્વ વિચારણંચ-દેહસ્ય સારં વ્રત ધારણંચ;
વિત્તસ્યસારં કિલપાત્રદાનં; વાચઃફલં પ્રોતિકરંનરાણામ્૧૮૯

ઉપેક્ષ્ય લોષ્ટ ક્ષેપ્તારં, લોષ્ટં દશતિ મણ્ડલઃ;
મૃગારિઃ શરમુત્પ્રેક્ષ્ય, શર ક્ષેપ્તારં મૃચ્છતિ. ૧૯૦

રાજા જોગી અગન જલ, ઉનકી ઉલટી રીત;
બચતે રહીઓ ફરસ રામ, થોડી પાળે પ્રીત. ૧૯૧

વારિ અખીલ બ્રહ્માંડનું સમુદ્ર માંહે જાય;
તેમજ મત પંથો સહુ, ચેતનમાંહે સમાય. ૧૯૨

મંત્ર જંત્ર ને વેલડી, તે તો તુતે તુત્;
વળગે છે વસુધા વિશે, ભોળા જનને ભૂત. ૧૯૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિર્લજ જો લજા ધરે, સરે ન સ્વારથ કામ;
જો ગુણિકા શરમાય તો, દેખે નહીં કદી દામ. ૧૯૪

બિના બસીલે ચાકરી, બિના ઢાલકે જવાન;
એ દોનું ફીકા લગે, જ્યું કથે બિન પાન. ૧૯૫

સજ્જન સમો વિચારીએ, અપના કુલકી રીત;
બરા બરીસે કીજીએ, વિવાહ વેર ઓર પ્રિત. ૧૯૬

રાગ વિના રાગોડવું, નિર્ધિનીઓ કુટાય;
નબળો સબળાને ગુણકરે, તે આટા લુણમાં જાય. ૧૯૭

નમન નમન મેં ભેદ હે, બહોત નમે નાદાન;
દગલબાજ દુના નમે, જ્યું ચિત્તા ચોર કમાન. ૧૯૮

એક રામ ચડતાં ગયું, રાવણ કેરૂં રાજ;
સોળ રામ શીરપર ચઢે, કહો રહે કેમ લાજ. ૧૯૯

અંધાને અંધો કહે, કડવું લાગે કેણ;
ધીરે ધીરે પુછીએ, ભાઇ શાથી ખોયાં નેણ. ૨૦૦

વણ પરણેલો પરણવા, પરણ્યો તજવા જાય;
લકકડ લાડુ ખાય તે, ન ખાય તે પસ્તાય. ૨૦૧

કવીજન કાવ્ય કરી મરે, ગુણ ચાખે ગાનાર;
સોની ઘાટ ઘડી મરે, રાય સજે સણગાર. ૨૦૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શઠની સંગતથી સહે, ભલા જનો દુઃખ ભાર;
માકડના મેળાપથી, ખાય ખાટલો માર. ૨૦૩

નેક ન્યાયથી વર્તશો, રૂડા રાજ કુમાર;
તોજ ચલાવી જાણશો આપ તણો અધિકાર. ૨૦૪

અધિકાર મળ્યા પછી, જુલમ કરે અપાર;
સત્તા ગયાથી સર્વદા, "અ" જઈ રહે "ધિકાર." ૨૦૫

જોરાવરના જુલમની, કોણ કરે ફરીયાદ;
વાઘે માર્યું માનવી, તેનો શું ઇનસાફ. ૨૦૬

તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુઆ ઢોરકે ચામસે, લોહ ભસ્મ હો જાય. ૨૦૭

સૌથી ભુંડી ચાકરી, તેથી ભુંડો ભાર;
તેથી ભુંડું યાચવું, જે સુમ કહેવો દાતાર. ૨૦૮

મુંગાનું સ્વપ્નું કદી, મુખે નહીં કહેવાય;
તેમ અનાદિ રૂપને, લખતાં નહીં લખાય. ૨૦૯

ઉભરો દુધનો જે ચડે, ઉછળી ઉછળી જાય;
પણ તે પાછો બેસતાં, ઓછું મૂળથી થાય. ૨૧૦

અંધો પણ સંભાળીને, ચાલે રસ્તે ચાલ;
લોભે જે અંધો થયો, દેખે શું કંગાલ. ૨૧૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગણે ન કોઈ ગરીબને, ધનોતીને સૌ ધાય;
છીંક ખાય જો ધનપતી, ખમા ખમા કહેવાય. ૨૧૨

રાખી ઘરેણું રોકડું, આપે નાણું જેહ;
સો મણ કેરે ગાડલે, સુખે ઉંઘશે તેહ. ૨૧૩

પામર ઉચકે પાલખી, બેસે ધનનાં બાળ;
હુકમ ચલાવે હામ ધરી, પૈસાથી મહીપાળ. ૨૧૪

સમજે તેનો ધર્મ છે, રાખે તેની લાજ;
સંઘરે તેનું ધન વધે, ઉદ્યોગીને આજ. ૨૧૫

તાબુત ઘેલા તરકડા, વિવાહ ઘેલી નાર;
હોળી ઘેલા હિંદુડા, એ ત્રણે એક અવતાર. ૨૧૬

નામ રહંતા ઠક્કરો, નાણાં નહીં રહંત;
કિર્તિ કેરાં કોટડાં, પાડયાં નહીં પડંત. ૨૧૭

શું રાજા સરદાર શું, મોહોટા મેજીસ્ટ્રેટ;
સઉને વળગ્યું સર્વદા, પાપ રૂપ આ પેટ. ૨૧૮

પરમેશ્વર જો પાધરો, શત્રુથી શું થાય;
પથરો ફેંકે પાપી પણ, ફૂલ થઈ ફેલાય. ૨૧૯

સહસ્ર ડુબકી મેં લહી, મોતી ન આયો હાથ;
સાગરકો કયા દોષ હે, હીન હમારે ભાગ. ૨૨૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શીર મુંડાયે તીન ગુણ, સીરકી મીટ ગઇ ખાજ;
ખાનેકો રોટી મીલે, લોક કહે મહારાજ. ૨૨૧

કાવ્યો એ કવી હૃદયનાં, જાણો ફોટોગ્રાફ;
જેવી સ્થિતિનો કવી હશે, તે વરતાસે સાફ. ૨૨૨

બારે ગાઉએ બોલી બદલે, તરૂવર બદલે શાખા;
જાતે દહાડે કેશ બદલે, (પણ) લખણ ન બદલે શાખા. ૨૨૩

પાશ ન બંધો પારધી, હરણ ન લાગે બાણ;
હું પુછું તુજ પંડીતા, કિણ વિધ છૂટા પ્રાણ. ૨૨૪

જલ થોડો ને સ્નેહ ઘણો, લગા પ્રેમકા બાણ;
તું પી તું પી કરતહીં, ઇણ વિધ છૂટા પ્રાણ. ૨૨૫

જલ ઠેકાણે થલ કરે, થલ ત્યાં જલ તૈયાર;
શકિત ધરાવે અંગમાં, દરિયો કે દરબાર. ૨૨૬

અન્ન દેવ સબસેં બડે, સબ દેવનકા દેવ;
દેવ દેવતા માનવી, કરે અન્નકી સેવ. ૨૨૭

ભગત ચલે વૈકુંઠમેં, બેઠ વિમાના માંહી;
અધવચસે પીછા વલે, વહાં ભાંગ તમાકુ નાંહી. ૨૨૮

ઘર શૂરા મઠ પંડીઆ, ગામ ગમારા ગોઠ;
ભરી સભામેં બોલતાં, થર થર ધ્રુજે હોઠ. ૨૨૯

કાકા વહાલા કુંભ જલ, ગધા વહાલી રાખ;
બ્રાહ્મણ વહાલા લાડવા, ખોઈ સવા લાખ. ૨૩૦

અક્કલ હે પણ ફ્રેમ નહીં, ફ્રેમ અક્કલસે જાદા;
બારા મણ રોટી તેરા મણ ઘી, કુત્તા લેકે ભાગા. ૨૩૧

જીણ દીન રાવણ જનમીઓ, દશ મુખ એક શરીર;
માતા મન સંશય પડી, કીણ મુખ પાવું ખીર. ૨૩૨

ખટ દર્શનના જુદા મતાં, શોધ્યા તેણે ખાધાં ખતાં;
અખો કહે અંધારો કુવો, ઝગડો ટાળી કોઈ ન મુઓ. ૨૩૩

અલ્લા પુછે અલાડીને, એક વાતની અડી;
એરણ હથોડી ને સાણુસી, ત્રણમાં પહેલી કોણ ઘડી. ૨૩૪

દુષ્ટ નારી ઠગ મિત્રો, ચાકર સામુ બોલનારો;
સાપ વસે જે ઘરમાં, મોત વિના નહીં આરો. ૨૩૫

સરવે સરખા નર નહીં, સર્વ સરખી નહીં નાર;
કેઇ ભલા કેઈ ભુંડા, એમ ચાલ્યો જાય સંસાર. ૨૩૬

અધિકારી બની અમલનો, જો નહીં ન્યાય કરીશ;
'અ' મુકીને અક્ષરો, સર્વ તને બક્ષીસ. ૨૩૭

એરણની ચોરી કરે, દે સોયકા દાન;
ઉંચો નીચો ઉછળે, કેમ ન આયા વિમાન. ૨૩૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉગમતાં અતિ રાતડો, આથમતાં નહીં પાર;
હોય અવસ્થા ભોગવે, દિન માંહી દિનકાર. ૨૩૯
મણિબંધ સુક્ષ્મ નવી હોવે, નાવે દિપક ગંધ;
નાકાગ્ર દેખે નહીં, રોગી મરણુ સંબંધ ૨૪૦
ઘાસ પૂશ જો ખાતહે, ઉનકું સતાવે કામ;
ખટરસ ભોજન ખાવતાં, લજ્જા રાખે રામ. ૨૪૧
અતિ ભલા નહીં બોલના, અતિ ભલી નહીં ચૂપ;
અતિ ભલા નહીં વરષણુ, અતિ ભલી નહીં ધૂપ. ૨૪૨
ચંપા તુજમે તીન ગુણુ, રૂપ ઘાટ ઓર વાસ;
એક અવગુણુ એ સાંભળ્યા, ભમર ન આવે પાસ. ૨૪૩
જાતી સ્મરણુ પામશે, અવધિ જ્ઞાન પ્રકાશ;
ઉદય ઉદય પૂજા થશે, મંત્ર દેવ બલ ખાસ. ૨૪૪
નિંદા હમારી જો કરે, મિત્ર હમારા સોય;
બિન સાબુ બિન પાનીસે, મેલ હમારા ધોય, ૨૪૫
મુંડ મુંડાવી ટોપી ઘાલી, એમ ન થઈએ વેરાગીરે;
મમતા ભાંગી તે વેરાગી, બાકી જગના ઢોંગીરે. ૨૪૬
અંગં ગલિતં પલિતં મુડં, દશન વિહીનં જાતં તુંડં;
વૃદ્ધો યાતિ ગૃહીત્વા દંડં, તદપિ ન મુંચત્યાશાપિંડમ્. ૨૪૭

# શ્રાવકે રાત્રે સુતી વખતે શું કરણી કરવી જોઈએ

(આ વિધિ પ્રશ્નોત્તર રત્નચિંતામણિમાં પાને ૨૮૪)

(પ્રથમ દેવનું સ્મરણ કરવું)

**નમો વીયરાયાણું, સવ્વ નૂણું;**
**તેલુક્કપૂઈઆણું, જહઠ્ઠિઅં વત્થુવાઇણું.**

(અર્થ)-સર્વ વસ્તુના જાણ, ત્રણ લોકને પૂજનિક અને યથાસ્થિત વસ્તુના પ્રરૂપક એવા વીતરાગ દેવને નમસ્કાર થાઓ.

---

(પછી ગુરૂનુ સ્મરણ કરવું)

**ધન્યાસ્તે ગ્રામ નગર જન પદાદયો;**
**યેષું મદીય ધર્માચાર્યા વિહરંતિ.**

(અર્થ)-ધન્ય તે ગ્રામ, નગર, જનપદાદિક કે જેને વિષે મહારા ધર્માચાર્ય વિચરે છે.

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(પછી ચાર શરણુ કરવા)

**ક્ષીણ રાગાદિ દોષૌઘાઃ, સર્વજ્ઞા વિશ્વપૂજીતા;**
**યથાર્થ વાદિનાર્હંતઃ, શરણયા શરણં મમ.**

(અર્થ)–ક્ષીણ કર્યા છે રાગાદિ દોષોના સમૂહો જેમણે, સર્વ વસ્તુના જાણ, વિશ્વે પૂજેલા, યથાર્થ વાદી, અને શરણ કરવાને યોગ્ય એવા અરિહંત ભગવાનનું મને શરણુ થાઓ.

---

**ધ્યાનાગ્નિ દગ્ધ કર્માણિ, સર્વજ્ઞા સર્વદર્શિનઃ;**
**અનંત સુખ વીર્યે ધાઃ, સિદ્ધાશ્ચ શરણંમમ.**

(અર્થ)–ધ્યાનરૂપી અગ્નિયે બાળી નાખ્યાં છે કર્મ જેમણે, સર્વ વસ્તુના જાણનાર, તથા દેખનાર. અનંત સુખ, અનંત-વીર્યયુક્ત, એવા સિદ્ધ ભગવાનનું મને શરણુ થાઓ.

---

(પછી સાધુજીનું શરણુ)

**જ્ઞાન દર્શન ચારિત્ર, યુતા સ્વપર તારકાઃ;**
**જગત્પૂજ્યાઃ સાધવશ્ચ, ભવંતુ શરણં મમ.**

(અર્થ)–જ્ઞાન, દર્શન, ચારિત્ર કરી યુકત, પરને અને પોતાને તારનાર, અને ત્રણ જગતને વંદનીક એવા સાધુનું મને શરણુ થાઓ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(પછી ધર્મનું શરણ)

**સંસાર દુઃખ સંહર્ત્તા, કર્ત્તા મોક્ષસુખ સ્યચ;**
**જીન પ્રણીત ધર્મશ્ચ, સદૈવ શરણંમમ.**

(અર્થ)-સંસારરૂપી દુઃખનો નાશ કરનારા અને મોક્ષ સુખને આપનારા એવા જીન પ્રણીત ધર્મનું મને શરણ થાઓ.

---

**ચઉરંગો જીણધમ્મો,ન કઓ ચઉરંગસરણમવિ નકયં;**
**ચઉરંગ ભવચ્છેઓ, ન કઓ હા હારિઓ ધમ્મોત્તિ.**

(અર્થ)-દાન, શીલ, તપ અને ભાવરૂપ ચાર અંગવાલો ધર્મ મેં ન કર્યો, ચાર શરણ પણ ન કર્યાં, અને ચાર ગતિરૂપ ભવનો છેદ પણ ન કર્યો, હા ! ઈતિ ખેદે ! હું ધર્મ હારી ગયો !

---

( પછી દુષ્કૃત્યની ગર્હા યાને નિંદા. )

**જંમણ વય કાએહિં, કયકારી અણુમઇહિં આયરિયં;**
**ધમ્મવિરૂદ્ધમસુદ્ધં, સ્વ્વં ગરિહામિ તં પાવં**

(અર્થ)-મન વચન કાયાના યોગથી જે કોઇ ધર્મ વિરૂદ્ધ અર્થાત પ્રભુની આજ્ઞા વિરૂદ્ધ કૃત્ય કર્યું હોય, કરાવ્યું હોય, તેમજ અનુમોદ્યું હોય તે સર્વ પાપની હું નિંદા કરૂં છું.

( સુકૃત્યનું અનુમોદન કરવું. )

અહવા સવ્વંચિય વીયરાયવયણાનુસારી જં સુકય;
કાલતએવિ તિવિહં, અણુમોએ સો તયં સવ્વં.

(અર્થ)–અથવા વીતરાગના વચનને અનુસારે ત્રણ કાલમાં જે સર્વ કૃત્ય કર્યું, તે સર્વ મન વચન કાયાએ કરી અનુમોદું છું.

---

( સર્વ જીવોને ખમાવવા. )

ખામેમિ સવ્વ જીવા, સવ્વે જીવા ખમંતુ મે;
મિત્તિ મે સવ્વ ભૂએસુ, વેરંમઝ્ઝં ન કેણઈ.

(અર્થ)–સર્વ જીવોને હું ખમાવું છું. સર્વ જીવો મ્હારા ઉપર ક્ષમા કરજો. મ્હારે સર્વ જીવોની સાથે મિત્રતા છે. પણ કોઇની સાથે વૈરભાવ નથી. (પછી ગંઠસીનું પચ્ચખ્ખાણ કરે. વ્રત સંક્ષેપ કરી,બારે વ્રત અંગીકાર કરી દેશાવકાશિકનું પચ્ચખ્ખાણ કરે.)

---

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

(પાપ સ્થાન વર્જવા)

તહા કોહં ચ માણં ચ, માયા લોહં તહેવ ય,
પિજ્જં દોસં ચ વજ્જેમિ, અબ્ભખ્ખાણં તહેવ ય;
અરઇ રઈ પેસૂન્નં, પરપરિવાયં તહેવ ય,
માયા મોસં ચ મિચ્છત્તં, પાવઠાણાણિ વજ્જીમોત્તિ.

(અર્થ)-ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ અરતિ, પરપરિવાદ, માયા, મૃષાવાદ, અને મિથ્યાત્વશલ્ય એ પાપસ્થાનોને હું વર્જું છું.

---

જઇ મે હુજ્જ પમાઓ,ઈમસ્સ દેહસ્સ ઈમાઇ રયણીએ,
આહાર મુવહિ દેહં, સવ્વં તિવિહેણ વોસરિયં.

(અર્થ)-જો આ રાત્રીને વિષે મારૂં મરણ થાય તો ચાર પ્રકારનો આહાર, ધન, ધાન્ય, ઘર, રાચરચીલું અને કુટુંબ તેમજ આ દેહ એ સર્વને મન, વચન, કાયાએ કરી વોસિરાવું છું.

---

(ભાવના ભાવવી)

એગોહં નત્થિ મે કોઇ, નાહમન્નસ્સ કસ્સઈ;
એવં અદીણ મણસો, અપ્પાણ મણુસાસઇ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એગો મે સાસઓ અપ્પા, નાણ દંસણ સંજુઓ;
સેસા મે બાહિરા ભાવા, સવ્વ સંજોગ લખ્ખણા.
સંજોગ મૂલા જીવેણ, પત્તા દુખ્ખ પરંપરા;
તમ્હા સંજોગ સંબંધં, સવ્વે તિવિહેણ વોસરિયં.

(અર્થ)–હું એક છું, મારૂં કોઈ નથી, તેમ હું પણ કોઈનો નથી, એ પ્રકારે આ દીન મનથી આત્માને શીખામણ આપે.

જ્ઞાન દર્શન યુકત એવો એક મારો આત્મા શાશ્વત છે, બાકીના તન ધન અને કુટુંબ એ સર્વ સંયોગ રૂપ લક્ષણવાળા છે. સંયોગ રૂપ મૂલથી જીવ દુઃખની પરંપરાને પામ્યો છે. તે કારણ માટે સર્વ સંયોગ સંબંધને મન વચન કાયાથી વોસિરાવું છું.

એવી રીતે ભાવના ભાવી નવકાર મંત્ર સમરતો સુએ. એમ એક નવકારગણી ન પાલે ત્યાં સુધી અભિગ્રહ છે.

આ વિધિ ઘણી સારી છે. મરણ થાય તો આરાધક થઇ જાય. માંદગીને વખતે તો અવશ્ય કરવા યોગ્ય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# સમાધિ વિચાર.

( સસ્તી વાંચન માળાની " મગધરાજ શ્રેણિક " માં આવેલા ૩૮૨ દુહામાંથી લંબાણુના ભયથી માત્ર થોડાકજ અત્રે આપ્યા છે. )

પરમાણુંદ પરમ પ્રભુ, પ્રણમું પાસજીણંદ;
વંદુ વીર આદે સહુ, ચઉવીશે જીન ચંદ. ૧

ઈંદ્રભૂતિ આદે નમુ, ગણધર મુનિ પરિવાર;
જીનવાણી હૈડે ધરી, ગુણવંત ગુરૂ નમું સાર. ૨

આ સંસાર અસારમાં, ભમતાં કાળ અનંત;
અસમાધે કરી આતમા, કીમહી ન પામ્યો અંત. ૩

ચઉ ગતિમાં ભમતાં થકાં, દુઃખ અનંતાનંત;
ભોગવીયાં એણે જીવડે, તે જાણે ભગવંત. ૪

કોઇ અપૂરવ પુણ્યથી, પામ્યો નર અવતાર;
ઉત્તમ કુળ ઉત્પન્ન થયો, સામગ્રી લહી સાર. ૫

જીનવાણી શ્રવણે સુણી, પ્રણમી તે શુભ ભાવ;
તિણુથી અશુભ ટળ્યાં ઘણાં, કાંઈક લહી પ્રસ્તાવ. ૬



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિષય કષાય ટળ્યા થકી, હોય સમાધી સાર;
તેણ કારણ વિવરી કહું, મરણ સમાધિ વિચાર; ૭

જે પરિણામ કષાયના, તે ઉપશમ જબ થાય;
તેહ સરૂપ સમાધિનું, એ છે પરમ ઉપાય. ૮

સમ્યગ્ દ્રષ્ટિ જીવને, તેહનો સહજ સ્વભાવ;
મરણ સમાધિ વંછે સદા, થિર કરી આતમ ભાવ. ૯

કાળ અનાદિ અભ્યાસથી, પરિણતિ વિષય કષાય;
તેહની શાંતિ જબ હુએ, તેહ સમાધિ કહાય. ૧૦

અવસર નિકટ મરણ તણો, જબ જાણે મતિવંત;
તવ વિશેષ સાધન ભણી, ઉલસિત ચિત્ત અત્યંત. ૧૧

સમ્યગ્ દુષ્ટિ સિંહ છે, શત્રુ મોહાદિક આઠ;
અષ્ટ કર્મકી વર્ગણા, તે સેનાનો ઠાઠ. ૧૨

દુઃખ દાયક એ સર્વદા, મરણ સમય સુવિશેષ;
જોર કરે અતિ જાલમી, શુધ્ધિ ન રહે લવલેશ. ૧૩

કર્મો કે અનુસાર એમ, જાણી સમકિત વંત;
કાયરતા દૂરે કરે, ધીરજ ધરે અંતિ સંત. ૧૪

સમ્યગ્દ્રષ્ટિ જીવકું, સદા સરૂપકો ભાસઃ
જડ પદ્ગલ પરિચયથકી, ન્યારો સદા સુખવાસ, ૧૫

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આતમ જ્ઞાનકી મગનતા, તિનમેં હોય લયલીન;
રંજત નહીં પર દ્રવ્યમેં, નિજગુણમેં હોય પીન. ૧૬

વિનાશીક પુદ્ગલ દશા, ખીણ ભંગુર સ્વભાવ;
મેં અવિનાશી અનંત હું, શુદ્ધ દશા થીરભાવ. ૧૭

નિજ સરૂપ જાણે ઇસો, સમકિત દ્રષ્ટિજીવ;
મરણ તણો ભય નહીં મને, સાધ્ય સદા છે શિવ. ૧૮

થિરતા ચિત્તમેં લાયકે, ભાવના ભાવે એમ;
અથિર સંસાર એ કારમા, ઇણસું મુજ નહિ પ્રેમ .૧૯

એહ શરીર શિથિલ હુઆ, શકિત હુઇ સબ ખીણ;
મરણ નજીક અબ જાણીએ, તેણે નહીં હોના દીન. ૨૦

સાવધાન સબ વાતમેં, હુંઇ કરૂં આતમ કાજ;
કાલ કૃતાંતકું (યમ)જીતકે, વેગે લઉં શિવરાજ. ૨૧

દેખતહી ઉત્પન્ન ભયા, દેખત વિલય તે હોય;
તિણે કારણ એ શરીરકા, મમત ન કરણા કોય. ૨૨

એહ સંસાર અસારમેં, ભમતાં વાર અનંત;
નવ નવ ભવ ધારણ કર્યા, શરીર અનંતા નંત. ૨૩

જન્મ મરણ દોય સાથ છે, છિણછિણ મરણ તે હોય;
મોહ વિકળ એ જીવને, માલમ ના પડે કોય. ૨૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મેં તો ચેતન દ્રવ્ય હું, ચિદાનંદ સુજરૂપ;
એતો પુદ્‌ગલપિંડ હે, ભરમ જાલ અંધ કુપ. ૨૫

સડણ પડળ વિદ્ધંસણો, એહ પુદ્‌ગલકો ધર્મ;
થિતીપાકે ખિણ નવી રહે, જાણે એહિજ મર્મ. ૨૬

અનંત પરમાણુ મિલીકરી, ભયા શરીર પરજાય;
વરણાદિક બહુવિધ મિલ્યા, કાળે વિખરી જાય. ૨૭

પુદ્‌ગલ મોહિત જીવકું, અનુપમ ભાસે એહ;
પણ જે તત્વવેદી હોયે, તિનકું નહીં કુછ નેહ. ૨૮

ઉપની વસ્તુકારમી, ન રહે તે થિર વાસ;
એમ જાણી ઉત્તમ જનો, ધરે ન પુદ્‌ગલ આશ. ૨૯

પુદ્‌ગલ મોહિત જીવકું, અનુપમ ભાસે એહ;
પણ જે તત્વવેદી હોયે, તિનકું નહીં કછું નેહ. ૩૦

ઉપની વસ્તુ કારમી, ન રહે તે થીર વાસ,
એમ જાણી ઉત્તમ જનો, ધરે ન પુદ્‌ગલ આશ. ૩૧

મોહ તજી સમતા ભજી, જાણો વસ્તુ સ્વરૂપ;
પુદ્‌ગલ રાગ ન કીજીએ, નવિ પડિયે ભવ કુપ. ૩૨

વસ્તુ સ્વભાવે નીપજે, કાળે વિણસી જાય;
કરતા ભોકતા કો નહીં, ઉપચારે કહેવાય. ૩૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેહ કારણ એ શરીર શું, સંબંધ ન મારે કોય;
મેં ન્યારા એહથી સદા, એ પણ ન્યારો જોય. ૩૪

એહ જગતમાં પ્રાણીઆ, ભરમે ભૂલ્યા જેહ;
જાણી કાયા આપણી, મમત ધરે અતિ તેહ. ૩૫

જબ થિતિ એહ શરીરકી, કાળ પોંચે હોય ખિણ;
તવ ઝુરે અતિ દુઃખ ધરે, કરે વિલાપ એમ દિન. ૩૬

હા માતા તું કિહાં ગઇ, અમ ઘરની રખવાળ;
હા બેની તું કિહાં ગઈ, રોવત મૂકી બાળ. ૩૭

મોહ વિકલ એમ જીવડા, અજ્ઞાને કરી અંધ;
મમતાવશ ગણી માહરા, કરે કલેશના ધંધ. ૩૮

જ્ઞાનવંત ઉત્તમ જના, ઉનકા એહ વિચાર;
જગમાં કોઈ કીસીકા નહીં, સંજોગિક સહુ ધાર. ૩૯

ભવમાં ભમતાં પ્રાણીઆ, કરે અનેક સંબંધ;
રાગદ્વેષ પરિણતી થકી, બહુવિધ બાંધે બંધ. ૪૦

વનકે બીચ એક તરૂ વિષે, સંધ્યા સમય જબ હોય;
દશ દિશાથી આવી મળે, પંખી અનેક તે જોય. ૪૧

રાત્રે તિહાં વાસો વસે, સવિ પંખી સમુદાય;
પ્રાતઃકાળ ઉડી ચલે, દશે દિશે તેહુ જાય. ૪૨

P. P. Ac. Gunratansuriji M.S.                                                                                Jin Gun Aaradhak Trust

ઈણવિધ એહ સંસારમેં, સવિ કુટુંબ પરિવાર;
સંબંધે સહુ આવી મળે, થિતિ પાકે રહે ન કે વાર. ૪૩

કીસકા બેટા બાપહે, કીસકી માત ને ભ્રાત;
કીસકા પતિ કીસકી પ્રિયા, કીસકી ન્યાત ને જાત. ૪૪

કીસકા મંદિર માળીયા, રાજ્ય ઋધ્ધ પરિવાર;
ક્ષીણ વિનાસી એ સહુ, એમ નિશ્ચે ચિત ધાર. ૪૫

એહ શરીર નહીં માહરૂં, એ તો પુદ્ગલ ખંધ;
હું તો ચેતન દ્રવ્ય છું, ચિદાનંદ સુખકંદ. ૪૬

એહ શરીરકા નાશથી, મુજકું નહીં કાંઇ ખેદ;
હું તો અવિનાશી સદા, અવિચળ અકળ અભેદ. ૪૭

સડો પડો વિદ્ધંસ હો, જલો ગલો હુઓ છાર;
અથવા થિર થઈને રહો, પણ મુજકું નહીં પ્યાર. ૪૮

જ્ઞાન દ્રષ્ટિ પ્રગટ ભઈ, મીટ ગયા મોહ અંધાર;
જ્ઞાન સરૂપી આતમા, ચિદાનંદ સુખકાર. ૪૯

નિજ સરૂપ નિરધારકે, મેં ભયા ઈનમેં લીન;
કાળકા ભય મુજ ચિત નહીં, કયા કર શકે એ દીન; ૫૦

ઈનકા દળ પુદ્ગલ વિશે, મોપર ચલે ન કાંય;
મેં સદા થીર શાસ્વતા, અક્ષય આતમરાય. ૫૧

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાન રસાયણ પાયકે, મીટ ગઈ પુદ્દગલ આશ;
અચળ અખંડ સુખમેં રમું, પુરણાનંદ પ્રકાશ. ૫૨

જેસે કંચુક ત્યાગથી; વિણસત નાહીં ભુજંગ;
દેહ ત્યાગથી જીવ પણ, તૈસે રહત અભંગ. ૫૩

એહ અવસર એમ જાણકે, મેં ભયા અતિ સાવધાન;
પુદ્દગલ મમતા છાંડકે, ધરૂં શુદ્ધ આતમ ધ્યાન. ૫૪

અપની પરિણતિ આદરી, નિર્મળ જ્ઞાન તરંગ;
રમણ કરૂં નિજ રૂપમેં, અબ નહીં પુદ્દગલ રંગ. ૫૫

પુદ્દગલ પિંડ શરીર એ, મૈં હું ચેતન રાય;
મેં અવિનાશી એહ તો, ક્ષીણમેં વિણસી જાય. ૫૬

ઈણકી થિતિ પુરણ ભઈ, રેહેણેકી નહીં આશ;
વરણ રસ ગંધ ફરસ સહુ, ગિલન લગા ચિંહુ પાસ. ૫૭

રાગ દ્વેષ પરિણામથી, કરમ બંધ બહુ હોય;
પરભવ દુઃખદાયક ઘણા, નરકાદિક ગતિ જોય. ૫૮

મેં મેરા એ ભાવથી, ફિર્યો અનંતો કાળ;
જીનવાણી ચિત પરિણમે, છૂટે મોહ જંજાળ. ૫૯

ઈચ્છાથી નવી સંપજે, કલ્પે વિપત ન જાય;
પણ અજ્ઞાની જીવકું, વિકલ્પ અતિશય થાય. ૬૦

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુદ્‌ગલ રચના કારમી, વિણસંતા નહીં વાર;
એમ જાણી મમતા તજી, સમતા શું મુજ પ્યાર. ૬૧

એહ શરીરકા કારણે, જો હોય ગુણકા નાશ;
એહ કદાપી ના કજીએ, તુમકું કહું શુભ ભાસ. ૬૨

આત્મા ગુણુ રક્ષણ ભણી, દ્રઢતા ધરે અપાર;
દેહાદિક મૂર્છા તજી, સેવે શુધ્ધ વ્યવહાર. ૬૩

સંજમ ગુણ પરિભાવથી, ભાવી ભાવ સંજોગ;
મહા વિદેહ ખેત્રાં વિશે, જન્મ હોવે શુભ જોગ. ૬૪

જીહાં સીમંધર સ્વામીજી, આદે વીશ જીણંદ;
ત્રીભુવન નાયક સોહતા, નિરખું તસ મુખચંદ, ૬૫

કેવલ જ્ઞાન દિવા કરૂ, બહુ કેવળી ભગવાન;
વળી મુનિવર મહા સંજમી, શુદ્ધ ચરણ ગુણવાન. ૬૬

એહવા ઉત્તમ ક્ષેત્રમાં, જો હોય મહારો વાસ;
તો પ્રભુ ચરણ કમળ વિશે, નિશદિન કરૂં નિવાસ. ૬૭

અતિ ભકિત બહુ માનથી, પૂજી પદ અરવિંદ;
શ્રવણ કરૂં જીનવર ગિરા, સાવધાન ગત દ્વંદ. ૬૮

સમવ સરણ સુરવર રચે, રતન સિંહાસન સાર;
બેઠા પ્રભુ તસ ઉપરે, ચોત્રીશ અતિશય ધાર. ૬૯

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વાણી ગુણ પાંત્રીશ કરી, વરસે અમૃત ધાર;
તે નિસુણી હૃદયે ધરી, પામું ભવ જલ પાર. ૭૦

નિવિડ કર્મ મહારોગ જે, તિણકું ફેડણ હાર;
પરમ રસાયણ જીનગિરા, પાન કરૂં અતિ પ્યાર. ૭૧

ક્ષાયક સમકિત શુદ્ધતા, કરવાનો પ્રારંભ;
પ્રભુ ચરણ સુપસાયથી, સફળ હોવે સારંભ. ૭૨

રાગ દ્વેષ દોય દોષ એ, અષ્ટ કરમ જડ એહ;
હેતુ એહ સંસારકા, તિનકો કરવો છેહ. ૭૩

ત્રિભુવનમેં સૂરજ પરે, મિથ્યા તિમિર હરંત;
એહવા પ્રભુ કું દેખ કે, રોમ રોમ ઉલસંત; ૭૪

આરોહણ કરી શ્રેણીકું, ઘાતી કરમ કો નાશ;
ઘન ઘાતી છેદી કરી, કેવળ જ્ઞાન પ્રકાશ. ૭૫

એક સમય ત્રણ કાળ કે, સકળ પદારથ જેહ;
જાણે દેખે તત્વથી, સાદી અનંત અછેહ. ૭૬

અવિચળ લક્ષ્મીકો ધણી, એહ શરીર અસાર;
તિનકી મમતા કીમ કરે, જ્ઞાનવંત નિરધાર. ૭૭

સમ્યગ્ દ્રષ્ટિ આત્મા, એણ વિધ કરી વિચાર;
થિરતા નિજ સ્વભાવમેં, પરપરિણતિ પરિહાર. ૭૮

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમરથ એક મહાબળી, મોહ સુભટ જગ જાણુ;
સવી સંસારી જીવકું, પટકે ચિંહુ ગતિ ખાણુ. ૭૯

દુષ્ટ મોહ ચંડાળકી, પરિણતિ વિષમ વિરૂપ;
સંજમધર મુનિ શ્રેણિગત, પટકે ભવજળ કૂપ. ૮૦

અવસરલહી અબ મેં ભયા, નિર્ભય સર્વ પ્રકાર;
આતમ સાધન અબ કરૂં, નિઃસંદેહ નિરધાર. ૮૧

એણી વિધ ભાવ વિચારકે, આણંદમય રહે સોય;
આકુળતા કીણુ વિધ નહીં, નિરાકુલ થિર હોય. ૮૨

આકુળતા ભવ બીજહે, ઇણથી વધે સંસાર;
જાણી આકુળતા તજે, એ ઉત્તમ આચાર. ૮૩

આકુળતા કોઇ કારણે, કરવી નહીં લગાર;
એ સંસાર દુઃખ કારણો, ઈણકુ દૂર નિવાર. ૮૪

જબ નિજ જોગ ચલિત હોવે, તબ કરે એહ વિચાર;
એ સંસાર અનિત્ય છે, ઇણમેં નહીં કછુ સાર. ૮૫

એહ સરૂપ સંસારકો, જાણી ત્રીભુવનનાથ;
રાજ ઋધિ સબ છોડકે, ચલ્યા શિવપુર સાથ. ૮૬

મુજને પંચપરમેષ્ટિ એ, પરમ શરણ મુજ એહ;
વળી જીનવાણિ શરણ છે, પરમ અમૃત રસ એહ. ૮૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જ્ઞાનાદિક આતમગુણા, રત્નત્રયી અભિરામ;
એહ શરણ મુજ અતિ ભલું, જેથી લહું શીવધામ. ૮૮

એહ શરણ ચિત્ત ધારકે, થિર કરવો પરિણામ;
જબ થિરતા હોયે ચિત્તમાં, તબ નિજરૂપ વિસરામ. ૮૯

આત્મરૂપ નિહાળતાં, કરતાં ચિંતન તાસ;
પરમાણુંદ પદ પામીએ, સકળ કર્મ હોય નાશ. ૯૦

પરમજ્ઞાન જગ એહ છે, પરમ ધ્યાન પણ એહ;
પરમબ્રહ્મ પરગટ કરે, પરમ જ્યોતિ ગુણ ગેહ. ૯૧

જે સરૂપ અરિહંતકો, સિદ્ધ સરૂપ વળી જેહ;
તેહવો આતમરૂપ છે, તિણમેં નહીં સંદેહ. ૯૨

અબ એહ શરીરકી, આયુબલ થિતિ જેહ;
પુરણ ભઇ અબ નવી રહે, કીણવિધ રાખી તેહ. ૯૩

થિતિ પરમાણે તે રહે, અધિક ન રહે કેણીભાત;
તો તસ મમતા છોડવી, એ સમજણકી બાત. ૯૪

જો અબ એહ શરીરકી, મમતા કરીએ ભાઇ;
પ્રિતિ રાખીએ તેહસું, દુઃખદાયક બહુ થાઇ. ૯૫

ઇંદ્રાદિક સુર મહાબળી, અતિશય શકિતધરંત;
થિતિ પુરણથયે તેહ પણ, ખીણ એક કોઉ ન રહંત. ૯૬

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એવહા પરાક્રમકા ધણી, જબથિતિ પૂરણ હોય;
કાળ પિશાચ જબ સંગ્રહે, રાખી ન શકે કોય. ૯૭

પુદ્‌ગલ રચના કારમી, વિણસંતાં નહીંવાર;
તે ઉપર મમતા કીસી, ધરમ કરો જગ સાર. ૯૮

જૂઠા એહ સંસાર છે, તિણકું જાણો સાચ;
ભૂલ અનાદી અજ્ઞાનકી, મોહ કરાવે નાચ. ૯૯

સ્વપ્ન સરીખા ભોગ છે, ઋષિ ચપળા ઝબકાર;
ડાભ અણી જળબિંદુ સમ, આયુ અથિર સંસાર. ૧૦૦

રાગ દશાથી જીવકું, નિવિડ કરમ હોય બંધ;
વળી દુર્ગતિમાં જઇ પડે, જીહાં દુઃખના બહુ બંધ ૧૦૧

એહ સરૂપ સંસારકા, પ્રત્યક્ષ તુમ દેખાય;
તેણ કારણ મમતા તજી, ધર્મ કરો ચિત્તલાય. ૧૦૨

પુન્ય સંજોગે પામિયા, નરભવ અતિ સુખકાર;
ધર્મ સામગ્રી સવિમળી, સફલ કરો અવતાર ૧૦૩

ધરમ ધરમ જગ સહુ કરે, પણ તસ ન લહે મરમ;
શુદ્ધ ધરમ સમજ્યા વિના, નવિમીટે તસ ભરમ. ૧૦૪

પરમ પંચ પરમેષ્ટિકો, સમરણ અતિ સુખદાય;
અતિ આદરથી કીજીએ, જેહથી ભવદુઃખ જાય. ૧૦૫

અરિહંત સિધ્ધ પરમાતમા, શુધ્ધ સરૂપી જેહ;
તેહના ધ્યાન પરભાવથી, પ્રગટે નિજ ગુણ રેહ. ૧૦૬

ભવ ભવ મેલી મૂકીયા, ધન કુટુંબ સંજોગ;
વાર અનંતા અનુભવ્યા, સવિ સંજોગ વિજોગ. ૧૦૭

અજ્ઞાની એ આતમા, જીસ જીસ ગતિમેં જાય;
મમતાવશ ત્યાં તેહવો, હુઈ રહી બહુ દુઃખ પાય. ૧૦૮

સહજ સ્વરૂપ જે આપણો, તે છે આપણી પાસ,
નહીં કીસીસું જાચના, નહીં પરકી કીસી આસ. ૧૦૯

જન્મ મરણકા દુઃખ ટળે, જબ નિરખે નિજ રૂપ;
અનુક્રમે અવિચળ પદ લહે, પ્રગટે સિધ્ધ સ્વરૂપ. ૧૧૦

નિજ સરૂપ જાણ્યા વિના, જીવ ભમે સંસાર;
જબ નિજ રૂપ પિછાણીએ, તબ લહે ભવકો પાર. ૧૧૧

કાળ જગતમેં સહુ શીરે, ગાફલ રહેણાં નાંહી;
કબહીક તુંજકું પણ ગ્રહે, સંશય ઇનમેં નાંહી. ૧૧૨

ફોગટ ખેદ ના કીજીએ, કર્મ બંધ બહુ થાય;
જાણી એમ મમતા તજી, ધર્મ કરો સુખદાય. ૧૧૩

એહ થિતિ સંસારકી, પંખીકા મેલાપ;
ખીણ ખીણમેં ઉડી ચલે, કયા કરના સંતાપ. ૧૧૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભવ સાયરમાં બૂડતાં, ના કોઇ રાખણહાર;
ધર્મ એક પ્રવહણ સમો, કેવલી ભાખીત સાર. ૧૧૫

દાન શિયલ તપ ભાવના, ધર્મ એ ચાર પ્રકાર;
રાગ ધરો નિત્ય એહ શું, કરો શકિત અનુસાર. ૧૧૬

રાગે રાગ દશા વધે, તેમ વળી વિષય વિકાર;
મમતા મૂર્છા બહુ વધે, એ દુર્ગતિ દાતાર; ૧૧૭

જો ઉત્તમ પુરૂષ તણી, સંગતે લહીએ ધર્મ;
ધરમ આરાધી અનુક્રમે, પામીએ શિવપુર સર્મ. ૧૧૮

આયુ અલ્પ નિજ જાણકે, સમકિત દ્રષ્ટિવંત;
દાન પુન્ય કરણા છેકે, નિજ હાથે કરે સંત. ૧૧૯

મહાવ્રતધારી મુનિવરા, સમ્યગ જ્ઞાન સંયુક્ત;
ધારક દશવિધ ધર્મના, પંચ સમિતિ ત્રણ ગુપ્ત. ૧૨૦

એહવા ઉત્તમ ગુરૂ તણો, પુન્યથી જોગ જો હોય;
અંતર ખોલી એકાંતમેં, નિશલ્યભાવ હોય સોય. ૧૨૧

અપના મનમેં ચિંતવે, દુષ્ટ કરમ વશ જેહ;
પાપ કરમ જે હોઇ ગયું, બહુ વિધ નિંદે તેહ. ૧૨૨

મિથ્યા દુષ્કૃત ભલી પરે, દીજે ત્રિકરણ શુદ્ધ;
એણી વિધ પવિત્ર થઇ પછે, કીજેનિર્મળ બુધ. ૧૨૩

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અવશ્ય મરણુ નિજ મન વિશે, ભાસ ન હુએ જામ;
સર્વ પરિગ્રહ ત્યાગકે, આહાર ચાર તજે તામ. ૧૨૪

જો કદિ નિર્ણય નવી હુવે, મરણતણો મનમાંહે;
તો મરજાદા કીજીએ, અમુક કાલકી ત્યાંહે. ૧૨૫

સર્વ આરંભ પરિગ્રહ, તીનકો કીજે ત્યાગ;
ચારે આહાર પચખિએ, ઇણુવિધિ કરે મહા ભાગ. ૧૨૬

શુદ્ધ ઉપયોગમાં વર્તતો, આતમ ગુણુ અનુરાગ;
પરમાતમકે ધ્યાનમેં, લીન ઓર સબ ત્યાગ. ૧૨૭

ધ્યાતા ધ્યેયની એકતા, ધ્યાન કરતા હોય;
આતમ હોય પરમાતમા, એમ જાણે તે સોય. ૧૨૮

એહ સમાધિ પ્રભાવથી, ઇંદ્રાદિકકો ઋધ્ધ;
ઊત્તમ પદવિ તે લહે, સર્વ કારજકો સિદ્ધ. ૧૨૯

મહા વિભૂતિ પાયકે, વિચરંતા ભગવાન;
વળી કેવલી મુનિરાજને, વંદે સ્તવે બહુ માન. ૧૩૦

નંદીસર આદે ઘણાં, તીરથ વંદે સાર;
સમકિત નિર્મળ તે કરે, સફળ કરે અવતાર. ૧૩૧

સુર આયુ પૂરણ કરી, તિહાંથી ચવીને તેહ;
મનુષ્યગતિ ઉત્તમ કુલે, જનમ લહે ભવીતેહ. ૧૩૨

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજ્ય ઋધ્ધિ સુખ ભોગવી, સદ્દગુરૂ પાસે તેહ;
સંજમ ધર્મ અંગીકરી ગુરૂ સેવે ધરીનેહ. ૧૩૩

શુદ્ધ ચરણ પરિણામથી, અતી વિશુધ્ધતા થાય;
ક્ષપક શ્રેણી આરોહીને, ઘાતી કરમ ખપાય ૧૩૪

કેવળ જ્ઞાન પ્રગટ ભયો, કેવળ દરશન ભાસ;
એક સમય ત્રણ કાલકી, સરવે વસ્તુ પ્રકાશ. ૧૩૫

મહિમા મરણ સમાધિનો, જાણે અતિ ગુણગેહ;
ભણ કારણ ભવી પ્રાણીયા, ઉદ્યમ કરી તે એહ. ૧૩૬



## અંતિમારાધના બાબત

**હે જીવ ! તારે આખર વખતે શું કરવું જોઇએ.**

૧–અતિચાર આલોવવા, વ્રતો ઉચ્ચરવા, જીવોને ખમાવવા, અને અઢાર પાપસ્થાનક વોસરાવવાં જોઇએ.

૨–ચાર શરણુ ગ્રહણુ કરવાં, દુષ્કૃત (પાપ)ની નિંદા કરવી, સારાં કામોની અનુમોદના કરવી, પંચપરમેષ્ટિને નમસ્કાર કરવા જોઇએ.

૩–છતી શક્તિએ જ્ઞાનીઓને વસ્ત્ર, પાત્ર, અન્ન વિગેરે ન આપ્યું હોય કે અવજ્ઞા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.

૪–જ્ઞાનની નિંદા કરી હોય, આશાતના કરી હોય, તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.

૫–સમ્યક્ત્વ રૂડી પેરે પાળ્યું ન હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૬–જીનેશ્વરની ભક્તિપૂર્વક પૂજા ન કરી હોય, કે અભક્તિથી પૂજા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.

૭-દેવદ્રવ્યનો જાણે અજાણે વિનાશ કર્યો હોય, અથવા નાશ થતો જોઈ ઉપેક્ષા કરી હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.

૮–જીન મંદીરમાં આશાતના કરનારને છતી શક્તિએ રોકયો ન હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.

૯–પંચસમિતિ, ત્રણ ગુપ્તિ સહીત ચારિત્ર ન પાળ્યું હોય તો તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ.

૧૦–મારાથી એકેંદ્રિય, બેઇંદ્રિય, તેરેન્દ્રિય, ચૌરેન્દ્રિય, જીવની વિરાધના થઇ હોય, તેમજ જળચર, થળચર, ખેચર વિગેરે પંચેન્દ્રિય જીવોનો વધ થયો હોય તો તે મારૂં પાપ મિથ્યા થાઓ

૧૧–હું ક્રોધથી–લોભથી—ભયથી—હાસ્ય,કુતુહલથી અસત્ય બોલ્યો હોઉં તેની હું નિંદા કરૂં છું.

૧૨–છળકપટથી કોઇનું નહીં આપેલું એવું થોડું પણ ધન મેં ગ્રહણ કર્યું હોય તેની હું નિંદા કરૂં છું.

૧૩–રાગ સહીત દેવતા, મનુષ્ય, તિર્યંચ સંબંધી મેં મૈથુન સેવ્યું હોય તેની હું નિંદા કરૂં છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૧૪-ધન, ધાન્ય વિગેરે પરિગ્રહમાં મેં મમત્વભાવ રાખ્યો હોય તેની હું નિંદા કરૂં છું.

૧૫-રાત્રિભોજનનો ત્યાગ કર્યો ન હોય તેની હું નિંદા કરૂં છું.

૧૬-જીનેશ્વર ભગવાને કહેલો બાર પ્રકારનો તપ છતી શક્તિએ ન કર્યો હોય તેની હું નિંદા કરૂં છું.

૧૭-મોક્ષ સમીપ લઇ જવાવાળા સારાં કામોમાં મન વચન અને કાયાથી ઉદ્યમ ન કર્યો હોય તેની હું નિંદા કરૂં છું.

૧૮-હે જીવ! તારે ક્રોધ મુકી દઇ સર્વ જીવોને ક્ષમા આપવી અને પૂર્વનું વેર દુર કરી સર્વે તારા મિત્રો છે એવું ચિંતવવું જોઇએ.

૧૯-જે અરિહંતો ચોત્રીસ અતિશય યુક્ત છે, આઠ કર્મથી મુક્ત છે, જેમને સંસાર રૂપી સમુદ્રમાં ભમવાનું નથી, જેણે ભાવ શત્રુઓનો નાશ કર્યો છે અને ત્રણ જગતને પૂજનીય છે એવા અરિહંતોનું મને શરણ હોજો.

૨૦-જેઓ આ દુઃખી સંસાર રૂપી સમુદ્ર તરી ગયા છે. ને જેઓ સિદ્ધિપદને પામ્યા છે, જેઓએ ભારે તપશ્ચર્યા કરી કર્મોને જીત્યા છે, ને મોક્ષ સુખ મેળવ્યું છે. જેમને જન્મ, જરા, મરણનો ભય નથી, કોઇ જાતના કષાયો નથી. ને જેમનો આત્મા શુધ્ધ નિર્મળ છે તેવા સિધ્ધ ભગવાનનું મને શરણ હોજો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૧-જે મુનિઓ બેતાલીસ દોષ રહિત ગોચરીથી આહાર ગૃહણ કરે છે, જેઓએ પાંચે ઇંદ્રીઓને વશ રાખી છે, કામદેવને જીતી બ્રહ્મચર્યનું પાલણ કરે છે, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સહીત, પાંચ મહાવ્રતોનું પાલણ કરે છે. જેમને મિત્ર અને શત્રુ સમાન છે ને મોક્ષના સુખના અનુરાગી છે એવા મુનિઓનું મને શરણુ હોજો.

૨૨-તિર્થંકર મહાત્માએ પ્રરૂપેલો, જગતભરના જીવોને હીતકારી એવા જૈનધર્મનું મને શરણુ હોજો.

૨૩-જેમાં જીવમાત્ર ઉપર દયા કરવાનું વર્ણન હોય એવા અહિંસા ધર્મનું મને શરણુ હોજો.

૨૪-જે જીવને કુગતિએ જતો અટકાવે અને આ સંસાર રૂપી ભવાટવીમાં રખડતા જીવોને સ્વર્ગ અને મોક્ષના માર્ગમાં સહાયભૂત થાય તેવા ધર્મનું મને શરણુ હોજો.

૨૫-મિથ્યાત્વથી વ્યામોહ પામીને મન, વચન, કે કાયાથી અસત્ય મતનું સેવન કર્યું હોય અથવા જીનધર્મથી ઉલટો અસત્ય માર્ગ પ્રગટ કર્યો હોય તેમજ હું બીજાને પાપનું કારણભૂત થયો હોઉં તો તે સર્વની હું નિંદા કરૂં છું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૨૬-હળ, હથીઆર, સાંબેલું, ઘંટી વગેરે જેજે જંન્તુઓને દુઃખના આપનાર છે તેનો ઉપયોગ કર્યો હોય અથવા પાપી કુટુંબનું ભરણુ પોષણુ કર્યું હોય તો તે સર્વની હું નિંદા કરૂં છું.

૨૭-જીનભુવન, પ્રતિમા, પુસ્તક વગેરે સાત ક્ષેત્રમાં જે ધન મેં ખરચ્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું.

૨૮-જ્ઞાન, દર્શન, ચારીત્ર જે સમ્યગ્ રીતે પાળયાં હોય તેની હું અનુમોદના કરૂં છું.

૨૯-અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મિક અને જૈન સિદ્ધાંત વિષે જે મેં બહુમાન કર્યું હોય તે સુકૃતની હું અનુમોદના કરૂં છું.

૩૦-સામાયિક અને છ આવશ્યકમાં મેં જે ઉદ્યમ કર્યો હોય તેની હું અનુમોદના કરૂં છું.

૩૧-આ જગતમાં પૂર્વે કરેલાં પુણ્ય પાપ એજ સુખ દુઃખના કારણો છે, અને પૂર્વે નહિં ભોગવાયલા કર્મો ભોગવવાથીજ છુટકો છે, એવું જાણી શુભભાવ રાખવો.

૩૨-હે જીવ ! તેં નરકમાં નારકીના અસહ્ય દુઃખો ભોગવ્યા તે વખતે તારૂં કોઇ સગું હતું નહીં. એવું જાણી શુભ ભાવ રાખવો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

૩૩–હે જીવ ! તેં ઢગલાબંધ આહાર લીધો. ખટરસ ભોજનો લીધાં. છતાં સંતોષ તો મળ્યો નહીં. માટે બને તો ચતુર્વિધ આહારનો ત્યાગ કર.

૩૪–આહાર સુલભ છે પણ વિરતિ દુર્લભ છે અને આહાર લેવામાં એકેંદ્રિય જીવની વિરાધના થાય છે એવું માનીને બને તો ચતુર્વિધ આહારનો ત્યાગ કર.

૩૫–હે જીવ ! રાજ્ય મળવું સુલભ છે, દેવપણું પામવું સુલભ છે, પણ અંત સમયે નવકાર મંત્ર જે ચૌદ પૂરવનો સાર છે તે પામવો દુર્લભ છે માટે નવકાર મંત્રનું મનની અંદર સ્મરણ કર.

૩૬–નવકાર મંત્ર પરભવને વિષે મનોવંછિત સુખ આપે છે અને ભવરૂપી સમુદ્ર તરી જવાય છે તો તે નવકાર મંત્રનું સ્મરણ કર.

૩૭–હે જીવ ! આ પ્રમાણે સકલ પાપ વોસરાવીને નવકાર મંત્રનું તથા પરમેષ્ટિનું આરાધન કરવાથી દેવપણું તેમજ મોક્ષ પણ મળે છે.

૩૮–આ સંવેગ ઉત્પન્ન કરનાર આરાધનાનું સેવન કરશે તે અક્ષય સુખને પામશે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# ક્ષમાપના.

હૃદયના, દ્વેષને છોડી, યુગલકર પ્રેમને જોડી;
અનેરાં ફંદને તોડી, તમોને હું ખમાવું છું—૧

હશે દુભવ્યું કદી દીલમેં, અજાણે જાણતાં વચન;
વદીને દીન આ વદને, તમોને હું ખમાવું છું—૨

ભલા દાતા દયા લાવી, દિયો સૌ દોષની માફી;
હૃદયમાં **સુમતી** લાવી, તમોને હું ખમાવું છું—૩

ખરેખર યાચના મારી, ક્ષમા હૃદયે વસાવી લ્યો;
પરસ્પર **સુમતી** લાવી, ખમો સૌને ખમાવી લ્યો—૪

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# આરાધનાની ગાથાઓ

ચત્તારિ મંગલં-અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં;
સાહૂ મંગલં, કેવલિ પન્નત્તો ધમ્મો મંગલં-૧

ચત્તારિ લોગુત્તમા-અરિહંતા લોગુત્તમા, સિધ્ધા લોગુત્તમા;
સાહૂ લોગુત્તમા, કેવલિ પન્નત્તો ધમ્મો લોગુત્તમો-૨

ચત્તારિ સરણં પવજ્જામિ-અરિહંતે સરણં પવજ્જામિ,
સિદ્ધે સરણં પવજ્જામિ, સાહૂ સરણં પવજ્જામિ,
કેવલિ પન્નત્તં ધમ્મં સરણં પવજ્જામિ-૩

અરિહંતો મહદેવો, જાવજ્જીવં સુસાહુણો ગુરૂણો;
જીણ પન્નત્તં તત્તં ઈય સમ્મત્તં મએ ગહિયં-૪

ખમિઅ ખમાવિઅ, મઈ ખમિઅ સવ્વહ જીવનિકાય;
સિધ્ધહ સાખ આલોયણહ, મુજ્જહ વઈર ન ભાવ-૫

સવ્વે જીવા કમ્મવસ, ચઉદહ રાજ ભમંત;
તે મે સવ્વ ખમાવિઆ, મુજ્જવિ તેહ ખમંત-૬

જં જં મણેણ બદ્ધં, જં જં વાએણ ભાસિઅં પાવં;
જં જં કાયેણ કયં, મિચ્છામિ દુક્કડં તસ્સ-૭

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# પહાડોની ઉંચાઈ

હિમાંદ્રી (હીમાલય)નું એવેરેસ્ટ શીખર....૨૯૦૦૦ ફુટ છે.

અર્બુદ (આબુ) ... .... ....૫૬૫૦ ફુટ છે.

સમેત શીખર .... .... ....૪૫૦૦ ફુટ છે.

પાલીતાણા (શેત્રુંજા) .... ....૧૯૭૭ ફુટ છે.

ગીરનાર .... ... ....૩૬૬૬ ફુટ છે.

(ગીરનાર મહાતમ્ય પ્રમાણે)

પહાડોની ઉંચાઈ બેરોમિટર નામના યંત્રથી માપી શકાય છે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# જવેરાતના બાર ગૃહોના નામ.

| | | | |
|---|---|---|---|
| રવી | ... ... ...માણેક | ... ... ...રૂબી | (Rubi) |
| સોમ | ... ... ...મોતી | ... ... ...પર્લ | (Pearl) |
| મંગળ | ... ... ...પરવાળુ | ... ... ...કોરલ | (Coral) |
| બુધ | ... ... ...પાનુ | ... ... ...એમીરલ્ડ | (Emirald) |
| ગુરૂ | ... ... ...પોખરાજ... | ... ...ટોપઝ | (Topaz) |
| શુક્ર | ... ... ...હીરો | ... ... ...ડાયમન્ડ | (Daimand) |
| શની | ... ... ...શનીસર | ... ... ...સેફાયર | (Saphire) |
| રાહુ | ... ... ...ગોમીદક | ... ... ...જેસપર | (Jesper) |
| કેતુ | ... ... ...લસણીઆ...... | ...ક્રીસોલાઇટ | (Crisolite) |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# કીમતી પત્થરોના નામ

| | | | | |
|---|---|---|---|---|
| હીરો | ગોમીદક | મોતી | ગૌદંતો | માણેક |
| શનીસર | પીરોજો | સેલાણુ | પાનુ | લસણીઓ |
| તરમરી | ઓપલ | પોખરાજ | પરવાળુ | કરકોદક |
| મરઘંજ | સોનેડા | રૂપાસુખી | તુનેલો | હાનાફરંગ |
| નરમ | નંગોરી | રેઠડા | સમાધો | કુરંડ |
| સંગેજરો | ધુરેનજર | વઢેરી | લાલડી | સુલેમાની |
| ટોપઝ | ધુમ | સંગેઈસબ | પતોની | લાજવંત |
| મુસા | હુસમ | કટલા | ચકમક | જેરમુરાદ |
| મુસઈ | ગોહરી | પારસમણી | તારામંડળ | સોનામુખી |
| સંગેઅખસુદ | જાહુદ | સંગેઈસા | રતક | પસમ |
| સંગસુધરીઆ | હદીદ | બુરૂચ | સંગેમરમર | સંગેપરવાર |
| સંગેજસમ | સુગંધી | અઠડી | પટોળીઉં | જબરજસ્ત |

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મકનાતીસ સંગેતીલાવર રાજાવરખ ફટક સંગેસતારા
પાઉજર કેરબો સુવાભાજી લીલુ અલેમાની
બીલારો ચેલાસાઇ અકીક સંગેમકસુદ સંગેગુદડી
સંગેઅબરી વીરોજ

ઉપરના સીતોતેર નામો મળ્યા છે બીજા સાત નામો મળી શકયા નથી.

✻ સમાપ્ત ✻

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust